# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 295 ■ વિક્રમ સંવત ૨૦૮૨

માગશીર્ષ વદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 December 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સિડનીમાં દરિયાકિનારાની મોજ બની માતમ

# ઑસ્ટ્રેલિયામાં આતંકવાદી હુમલોઃ ૧૧ મોત


SCAN FOR TODAY'S GOLD RATE

જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું

ANTARA GOLD & DIAMONDS

DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


## યહૂદી ઉત્સવની ઉજવણી દરમ્યાન બે શૂટરનો અંધાધૂંધ ગોળીબારઃ એક ટેરરિસ્ટનું નામ નાવીદ અકરમ

સિડનીઃ ઑસ્ટ્રેલિયાના સિડનીના પ્રખ્યાત બોન્ડી બીચમાં થયેલા અંધાધૂંધ ગોળીબારમાં ઓછામાં ઓછા ૧૧ જણ માર્યા ગયા છે અને બીજા ઈજા પામનાર ૧૬ જણને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે આ બનાવના પ્રતિસાદરૂપે લોકોને બીચમાં ન જવાની સલાહ આપી હતી. બન્ને હુમલાખોરની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આને આતંકવાદી હુમલો ગણાવ્યો છે. સાક્ષીઓના જણાવ્યા પ્રમાણે હુમલાખોરોએ ૫૦ ગોળી છોડી હતી. ઘાતક ગોળીબારની ઘટના પાછળના બે બંદૂકધારીઓમાંથી એકની ઓળખ નાવીદ અકરમ તરીકે થઇ છે. એબીસી ઓસ્ટ્રેલિયાના અહેવાલ અનુસાર શહેરના દક્ષિણ-પશ્ચિમ (જુઓ પાનું ૨) ▶▶

### શૂટરને રાહદારીએ હિંમત કરી પકડ્યો

હનુક્કા કાર્યક્રમ દરમિયાન થયેલા ગોળીબારમાં એક ચોંકાવનારો વીડિયો બહાર આવ્યો છે. આ વીડિયોએ આ હુમલાનો ભયાનક ઘટનાક્રમ સાફ કરી દીધો છે. આ વીડિયો સોશ્યલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. પોલીસ કાર્યવાહી પહેલાંની મહત્ત્વની પળો આમાં કેદ છે. વીડિયોં દેખાય છે કે કાળો ટી-શર્ટ પહેરનાર એક શૂટર વાહનોની પાસે ઊભો રહીને અંધાધૂંધ ગોળીબાર કરી રહ્યો છે. બધે અફડાતફડીનો માહોલ છે. લોકો જાન બચાવવા નાસભાગ કરી રહ્યા છે. ત્યારે વીડિયોમાં (જુઓ પાનું ૨) ▶▶

### ક્રિકેટર માઇકલ વૉનનો જીવ બચ્યો

સિડનીઃ ઓસ્ટ્રેલિયામાં સિડનીના બોન્ડી બીચ પર થયેલા આતંકવાદી હુમલામાં ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર માઇકલ વૉન માંડ-માંડ બચ્યા છે. તેમણે એક રેસ્ટોરન્ટમાં છુપાઇને પોતાનો જીવ બચાવ્યો હતો. તેમણે આ અંગે સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરી હતી.

માઇકલ વૉને એક્સ પર જણાવ્યું હતું કે બોન્ડીમાં એક રેસ્ટૉરાંની અંદર છુપાઇ રહેવું ડરામણું હતું. હવે હું સુરક્ષિત રીતે ઘરે પહોંચી ગયો છું. આતંકવાદીઓનો સામનો કરનાર ઇમર્જન્સી સ્ટાફનો ખૂબ ખૂબ (જુઓ પાનું ૨) ▶▶

## ‘ચોરી’ ભાજપના ડીએનએમાં, તેના નેતાઓ ગદ્દારઃ રાહુલ

નવી દિલ્હીઃ કૉંગ્રેસ સત્યની પડખે છે અને તે નરેન્દ્ર મોદી-આરએસએસ સરકારને દૂર કરવાના સોગંદ લે છે, એમ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ રવિવારે કહ્યું હતું. અહીં રામલીલા મેદાનમાં પક્ષની ‘વોટ ચોર ગદ્દી છોડ’ રૅલીને સંબોધતા રાહુલે ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કર્યા હતા અને મુખ્ય ચૂંટણી અધિકારી જ્ઞાનેશ કુમાર અને બીજા બે ઈલેકશન કમિશનર સુખબીર સિંહ સાંધુ અને વિવેક જોશીનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે આ ત્રણેય ભાજપ માટે કામ કરે છે.

તેમણે કહ્યું હતું કે, ચોરી ભાજપના ડીએનએમાં છે અને તેના નેતાઓ ગદ્દાર છે. બીજી તરફ, તેમની બહેન પ્રિયંકા ગાંધી વડ્રાએ કહ્યું હતું કે, હું ભાજપને પડકાર ફેંકું છું કે ભાજપ મતદારપત્ર થકી ચૂંટણી લડી જુએ, તેઓ ક્યારેય નહીં જીતે.

લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલે કહ્યું હતું કે અમે સત્ય માટે લડીએ છીએ અને મોદી-આરએસએસ સરકારને સત્તા પરથી ઉખેડી દઈશું. તેમની પાસે સત્તા છે અને તેઓ વોટચોરી કરી રહ્યા છે. ગાંધીએ કહ્યું (જુઓ પાનું ૨) ▶▶

### સુપર સન્ડે

ભારતીય અન્ડર -૧૯ ટીમે પાકિસ્તાનને હરાવ્યું

ટી-૨૦માં ભારતીય બોલરોએ સાઉથ આફ્રિકાના ભુક્કા કાઢી નાખ્યા ૧૦

સરપ્રાઈઝ, સરપ્રાઈઝ...

## બારમી પાસ નીતિન નબીન ભાજપના નવા કાર્યકારી પ્રમુખ



### ભગવા પક્ષની કમાન સંભાળનાર સૌપ્રથમ બિહારી

નવી દિલ્હીઃ ભાજપે બિહારના કેબિનેટ મિનિસ્ટર નીતિન નબીનની રવિવારે પક્ષના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ તરીકે નિમણૂક કરી છે. ભાજપના સંસદીય બોર્ડે નીતિનની પ્રમુખપદના હોદ્દા માટે પસંદગી કરી છે. ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અરુણ સિંહે જાહેરનામામાં કહ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીના સંસદીય બોર્ડે બિહાર સરકારમાં પ્રધાન નીતિન નબીને તત્કાળ અસરથી ભારતીય જનતા પાર્ટીના નેશનલ વર્કિંગ પ્રેસિડન્ટ બનાવવામાં આવ્યા છે. પક્ષપ્રમુખ બનનાર (જુઓ પાનું ૨) ▶▶

## લદાખની સરહદે ચીને ખડકી રોબો સેનાને

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુ : લદાખના મોરચાથી ચિંતાકારક સમાચાર આવ્યા છે. કાતિલ ઠંડીની પરિસ્થિતિનો તોડ કાઢીને ચીને અંકુશરેખા પર મોટી સંખ્યામાં રોબો સૈનિકો તહેનાત કર્યા છે. આને લીધે લદાખના મોરચામાં પડકારરૂપ પરિસ્થિતિમાં ભારતીય જવાનોએ ચીની રોબો સૈનિકોનો સામનો કરવો પડશે જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઠાંસીને ભરી છે.

અ હેવાલ પ્રમાણે ચીની લશ્કરે મશીનગનથી સજ્જ બારેક રોબો સૈનિકો ગોઠવ્યા છે. કાતિલ ઠંડીમાં લાલ સૈન્યના જવાનોનું મનોબળ નીચું ગયું ત્યારે ચીને (જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકન યુનિવર્સિટીમાં પરીક્ષા દરમ્યાન ફાયરિંગઃ બેનાં જીવ ગયા

પ્રૉવિડન્સ (અમેરિકા) : ર્‍હોડ્સ આઇલૅન્ડના આઇવી લીગ કૉમ્પ્લેક્સ બ્રાઉન યુનિવર્સિટીમાં ફાઇનલ ઍક્ઝામ વખતે કાળાં કપડામાં સજ્જ શૂટરે ગોળીબાર કરતા બે જણનાં મોત થયા અને નવ જણને ઇજા થઇ હતી. શૂટરની શોધ પોલીસ હજી ચલાવી રહી છે. બ્રાઉન યુનિવર્સિટીની એન્જિનિયરિંગ બિલ્ડિંગમાં શનિવારના રોજ ફાયરિંગની ઘટના ઘટી હતી. યુનિવર્સિટીમાં એક તરફ ફાઇનલ પરીક્ષા ચાલી રહી હતી. ત્યારે બીજી (જુઓ પાનું ૨) ▶▶




**મહારથીઓ મળ્યાઃ** ભારતની મુલાકાતે આવેલા મહાન ફૂટબોલર લિયોનેલ મેસીને ગઈ કાલે વાનખેડેમાં યોજાયેલા એક કાર્યક્રમમાં દિગ્ગજ ક્રિકેટર સચિન તેંડુલકરે નંબર ટેનની જર્સી ભેટ આપી હતી. (અમય ખરાડે)

વધુ ફોટો, અહેવાલ ૧૦




## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કેરળની જીત ભાજપ માટે ઐતિહાસિક, ડાબેરીઓનાં વળતાં પાણી

**કેરળમાં** સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીનાં શનિવારે આવેલાં પરિણામોએ રાજકીય વિશ્લેષકોને ચોંકાવી દીધા છે કેમ કે કેરળમાં પહેલી વાર ભાજપે કોઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જીત મેળવીને સત્તા હાંસલ કરી છે. આ ચૂંટણીનાં પરિણામો પરથી સ્પષ્ટ છે કે, ભાજપ કેરળમાં પણ પગપેસારો કરી રહ્યો છે અને સાવ નગણ્ય રાજકીય પરિબળમાંથી જેને અવગણી ના શકાય એવી રાજકીય તાકાત બનીને ઉભરી રહ્યો છે.

લોકસભાની ચૂંટણીમાં પહેલી વાર કેરળમાં બેઠક મેળવીને ભાજપે સૌને ચોંકાવી દીધેલા પણ એ વખતે એમ કહીને ભાજપની જીતને ઓછી આંકવામાં આવેલી કે આ જીત મલયાલમ ફિલ્મ સ્ટારમાંથી રાજકારણી બનેલા સુરેશ ગોપીના સ્ટારડમની જીત છે. તિરુવનંતપુરમ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોઈ સ્ટાર નહોતા કે કોઈ હિંદુત્વની લહેર પણ નહોતી ને છતાં ભાજપ જીત્યો છે તેથી આ જીતને ગંભીરતાથી લેવી જ પડે.

આ પરિણામોએ કેરળમાં છેલ્લા એક દાયકાથી એકહથ્થુ શાસન ભોગવતા સીપીએમના પિનારાયી વિજયનનાં વળતાં પાણી થઈ રહ્યાં હોવાનો પણ સંકેત આપ્યો છે. કેરળમાં આવતા વરસે વિધાનસભાની ચૂંટણી થવાની છે અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીનાં પરિણામોને આધારે આગાહી કરવાની હોય તો કહી શકાય કે, કેરળમાં ૨૦૨૬માં જીતીને કૉંગ્રેસ એક દાયકા પછી સત્તામાં પાછી ફરી એવી પ્રબળ શક્યતા છે જ્યારે એક સમયે પશ્ચિમ બંગાળ, ત્રિપુરા અને કેરળ એ ત્રણ રાજ્યોમાં એકચક્રી શાસન ભોગવતા ડાબેરીઓનો છેલ્લો ગઢ પણ ધરાશાયી થઈ જાય તો નવાઈ નહીં.

કેરળનાં પરિણામોથી સૌથી વધારે ઉત્સાહ સ્વાભાવિક રીતે જ કૉંગ્રેસમાં છે કેમ કે કૉંગ્રેસને સત્તા સામે દેખાવા માંડી છે પણ ભાજપ માટે પણ આ પરિણામો ખુશ થવા જેવાં તો છે જ. કેરળમાં છ મ્યુનિસિપલ કોર્પોરેશનો, ૧૪ જિલ્લા પંચાયતો, ૮૬ નગરપાલિકાઓ, ૧૫૨ બ્લોક એટલે કે તાલુકા પંચાયતો અને ૯૪૧ ગ્રામ પંચાયતો માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપ ક્યાંય ચિત્રમાં જ નહોતો કેમ કે કેરળમાં પરંપરાગત રીતે કૉંગ્રેસના નેતૃત્વ હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ) અને સીપીએમ સહિતના ડાબેરી પક્ષોના લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (એલડીએફ) વચ્ચે જંગ છે.

ભાજપ સમ ખાવા પૂરતો થોડીક બેઠકો જીતે તો પણ ઘણું છે એવું મનાતું હતું પણ ભાજપે તિરુવનંતપુરમમાં સપાટો બોલાવીને મ્યુનિસિપલ કોર્પોરેશન જ કબજે કરી લીધી. તિરુવનંતપુરમ કોર્પોરેશનની બેઠકોમાંથી ભાજપે ૫૦ બેઠકો જીતી છે અને સ્પષ્ટ બહુમતીથી માત્ર એક બેઠક દૂર રહ્યો છે. લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (એલડીએફ)ને ૨૯ અને યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ)ને ૧૯ બેઠકો મળી છે જ્યારે બે અપક્ષો જીત્યા છે તેથી ભાજપ આરામથી સ્પષ્ટ બહુમતી માટે જરૂરી એક બેઠકનો વેત કરીને સત્તા કબજે કરી લેશે.

ભાજપ પાસે પલક્કડ નગરપાલિકામાં સત્તા હતી. આ ચૂંટણીમાં તિરુવનંતપુરમમાં જીત મેળવી અને પલક્કડ નગરપાલિકા જાળવી રાખી છે અને એ સિવાય ડાબેરી મોરચા પાસેથી થ્રિપ્પુનિથુરા નગરપાલિકા આંચકી લીધી છે તેથી ભાજપનો દેખાવ ધાર્યા કરતાં બહુ જ સારો છે. તિરુવનંતપુરમની જીત તો ભાજપ માટે ઐતિહાસિક છે કેમ કે, તિરુવનંતપુરમ કોર્પોરેશન પર વરસોથી ડાબેરીઓનો કબજો હતો અને કૉંગ્રેસ પણ ડાબેરીઓના કાંગરા નહોતી ખેરવી શકી. ભાજપે તિરુવનંતપુરમ કોર્પોરેશનમાં ૪૫ વર્ષના ડાબેરી શાસનનો અંત આણ્યો એ બહુ મોટી વાત છે.

ભાજપની એર્નાકુલમ જિલ્લાના મુનંબમની બેઠક પરની જીતે પણ સૌને ચોંકાવ્યા છે કેમ કે આ જીત સાથે ભાજપે કેરળના ગ્રામીણ વિસ્તારમાં પણ તેનો પગપેસારો કર્યાનો સંકેત આપ્યો છે. ભાજપ તો આ જીતને કેરળના રાજકારણમાં એક 'ટર્નિંગ પોઇન્ટ' ગણાવી રહ્યો છે અને મુનંબમ બેઠકની જીતને 'ઐતિહાસિક' ગણાવીને દાવો કર્યો છે કે, આ જીત માત્ર રાજકીય નહીં પરંતુ સામાજિક સંદેશ પણ આપે છે.

ભાજપના નેતાઓનું કહેવું છે કે, મુનંબમ વિસ્તારમાં આશરે ૫૦૦ ખ્રિસ્તી પરિવારો વક્ફ બોર્ડના કથિત ગેરકાયદે દાવાઓને કારણે પોતાનાં ઘરો ગુમાવે એવી સ્થિતિ પેદા કરી દીધી હતી. મુસ્લિમ તુષ્ટિકરણના કારણે કૉંગ્રેસ અને ડાબેરીઓ આ ખ્રિસ્તી પરિવારોની વહારે આવવા તૈયાર નહોતા પણ ભાજપે તેમની લડતમાં સાથ આપ્યો તેથી સ્થાનિક લોકોમાં ભાજપ પ્રત્યે વિશ્વાસ વધ્યો અને તેના કારણે જ ભાજપ જીત્યો છે.

ભાજપની વાત સાચી હોય કે ન હોય પણ આ જીતે ભાજપ માટે ભવિષ્યની વ્યૂહરચના શું હોવી જોઈએ તેનો સ્પષ્ટ દિશાનિર્દેશ આપી દીધો છે. કેરળમાં હિંદુઓની બહુમતી છે પણ બહુ ઓછા હિંદુઓ ભાજપ સાથે છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ કેરળની વસ્તીમાં ૫૪.૭૦ ટકા હિંદુ હતા જ્યારે ૨૬.૬ ટકા મુસ્લિમ હતા. ખ્રિસ્તીઓનું પ્રમાણ કુલ વસતીમાં લગભગ ૧૮.૪ ટકા હતું.

કેરળમાં વરસોથી સામ્યવાદનો પ્રભાવ છે પણ કૉંગ્રેસ પણ મજબૂત છે તેથી બહુમતી હિંદુઓ ડાબેરી પક્ષો અને કૉંગ્રેસમાં વહેંચાયેલા છે. ખ્રિસ્તીઓ અને મુસ્લિમોમાં પણ એ જ હાલત છે. ખ્રિસ્તીઓમાં બહુમતી કૉંગ્રેસ તરફી છે. કૉંગ્રેસનું મુસ્લિમ લીગ સાથે જોડાણ હોવાથી મુસ્લિમોનો એક વર્ગ કૉંગ્રેસ સાથે છે પણ બહુમતી મુસ્લિમો ડાબેરી પક્ષો તરફ છે.

ભાજપે હિંદુઓને પોતાની તરફ વાળવા લવ જિહાદને મુદ્દો બનાવ્યો છે પણ મુસ્લિમો અને ખ્રિસ્તીઓને કઈ રીતે પોતાની તરફ વાળવા તેની ફોર્મ્યુલા નથી. એર્નાકુલમની જીત પછી ભાજપને કમ સે કમ ખ્રિસ્તી સમુદાયને પોતાની તરફ વાળવા માટે એક મુદ્દો મળ્યો છે. કેરળમાં ખ્રિસ્તીઓ પણ લવ જિહાદથી પરેશાન છે અને હવે વક્ફના નામે ચાલતી લુખ્ખાગીરીનો મુદ્દો મળ્યો છે તેથી ભાજપ હિંદુ-ખ્રિસ્તી ધરી રચીને કેરળમાં રાજકીય પ્રભાવ વધારી શકે છે. ભાજપ ડાબેરીઓનો સફાયો કરીને ત્રિપુરાની જેમ સત્તામાં ના આવી શકે તો કંઈ નહીં પણ પશ્ચિમ બંગાળની જેમ ડાબેરીઓની મતબેંકને પોતાની તરફ વાળીને મુખ્ય વિરોધ પક્ષ તો બની જ શકે છે.

કૉંગ્રેસ માટે આ પરિણામો બહુ સારાં છે કેમ કે કૉંગ્રેસે ૪ મ્યુનિસિપલ કોર્પોરેશન જીતી છે. કેરળમાં તિરુવનંતપુરમ ઉપરાંત કોલ્લમ, એર્નાકુલમ, થ્રિસુર, કોઝિકોડ અને કન્નુર એમ કુલ છ મ્યુનિસિપલ કોર્પોરેશન છે. તિરુવનંતપુરમ ભાજપના ફાળે ગઈ જ્યારે કોઝિકોડમાં ડાબેરીઓનો દબદબો રહ્યો છે પણ બાકીની ચાર કોર્પોરેશન કૉંગ્રેસે જીતી છે. ૮૭ મ્યુનિસિપાલિટીમાંથી ૫૪ કૉંગ્રેસે જીતી છે અને ડાબેરીઓ માત્ર ૨૮ જીતી શક્યા છે. ૧૪ જિલ્લા પંચાયતોમાં કૉંગ્રેસ અને ડાબેરી બંનેને ૭-૭ મળી છે તેથી બંને બરાબરી પર છે પણ કૉંગ્રેસ શહેરી વિસ્તારોમાં ડાબેરીઓના વર્ચસ્વને તોડવામાં સફળ રહી છે એ જોતાં ૨૦૨૬માં સરકાર રચવાના ઉજળા સંજોગો છે. પ્રિયંકાં ગાંધી અત્યારે વાયનાડનાં સાંસદ છે અને પ્રિયંકાનાં પગલાં કૉંગ્રેસ માટે શુભ સાબિત થયાં છે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

**દક્ષિણાયન - સૌર હેમંતઋતુ,**

**સોમવાર, તા. ૧૫-૧૨-૨૦૨૫, સફલા એકાદશી**

- ભારતીય દિનાંક ૨૪, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ વદ-૧૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૫મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર ચિત્રા સવારે ક. ૧૧-૦૮ સુધી, પછી સ્વાતિ
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૫, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૨, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૫, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતીઃ સવારે ક. ૦૮-૧૬, રાત્રે ક. ૨૧-૫૬
- ઓટઃ બપોરે ક. ૧૫-૦૦, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૪૦ (તા. ૧૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ - એકાદશી. સફલા એકાદશી (તલ), સૂર્ય મૂળ અને ધનુમાં ક. ૨૮-૧૮, હોનારકના કમુહૂર્તા પ્રારંભ ક. ૨૮-૨૦.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, ચંદ્ર-મંગળ રાહુ દેવતાનું પૂજન, વાયુદેવતાનું પૂજન, પરગામ પ્રયાણ મધ્યમ, હજામત, નવા વાસણ, મહેંદી લગાવવી, નિત્ય થતાં દુકાન-વેપારના કામકાજ, દસ્તાવેજ, દુકાન-માલ લેવો, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વૃક્ષ રોપવા, ઉપવાટિકા બનાવવી.
- આચમનઃ ચંદ્ર-મંગળ અર્ધત્રિકોણ પ્રવૃત્તિપ્રિય
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ અર્ધત્રિકોણ,
- ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક/ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ- વૃશ્ચિક વક્રી ગુરુ-મિથુન, શુક્ર-વૃશ્ચિક (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# કેન્દ્રીય નાણાં રાજ્ય પ્રધાન પંકજ ચૌધરી યુપી ભાજપના નવા અધ્યક્ષ બન્યા

લખનઊઃ કેન્દ્રીય નાણાં રાજ્ય પ્રધાન પંકજ ચૌધરીને રવિવારે ભાજપના ઉત્તર પ્રદેશ એકમના નવા અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમની ચૂંટણીની સત્તાવાર જાહેરાત કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલે કરી હતી.

આ જાહેરાત મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ અને નાયબ મુખ્ય પ્રધાન કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠકની હાજરીમાં કરવામાં આવી હતી. ચૌધરીએ શનિવારે આ પદ માટે પોતાનું નામાંકન દાખલ કર્યું હતું અને તેઓ મેદાનમાં એકમાત્ર ઉમેદવાર હતા. તેમણે ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન અને ભાજપના રાજ્ય ચૂંટણી અધિકારી મહેન્દ્ર નાથ પાંડે અને કેન્દ્રીય ચૂંટણી નિરીક્ષક વિનોદ તાવડેને ઉમેદવારી પત્ર સોંપ્યું હતું.

ઉમેદવારી નોંધાવતી વખતે આદિત્યનાથ, તેમના બે નાયબ અને જળ શક્તિ પ્રધાન સ્વતંત્ર દેવ સિંહ હાજર હતા. પંકજ ચૌધરીની આ પદ પર પસંદગીની જાહેરાત બાદ વર્તમાન રાજ્ય ભાજપ અધ્યક્ષ ભૂપેન્દ્ર ચૌધરીએ તેમના અનુગામીને પાર્ટીનો ધ્વજ સોંપ્યો હતો.

મહારાજગંજ બેઠક પરથી સાત વખત લોકસભા સાંસદ રહેલા ચૌધરી કુર્મી સમુદાયના છે, જેને અન્ય પછાત વર્ગ (ઓબીસી) તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. તેમને વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહના નજીકના વિશ્વાસુ માનવામાં આવે છે.

ભાજપના નેતાઓએ ચૌધરીને તેમની નિમણૂક બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ રાજ્યમાં તેમના નેતૃત્વ હેઠળ પાર્ટીની સંભાવનાઓમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. જ્યાં ૨૦૨૭માં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. ■

# મેસીના કાર્યક્રમમાં ધમાલઃ તપાસ પેનલે નુકસાનીનો અંદાજ મેળવ્યો

કોલકાતાઃ સોલ્ટ લેક સ્ટેડિયમમાં આર્જેન્ટિનાના ફૂટબોલ આઇકોન લિયોનેલ મેસીના કાર્યક્રમ દરમ્યાન દર્શકોએ તોડફોડ કરી તેના એક દિવસ પછી, તપાસ સમિતિના સભ્યોએ રવિવારે સ્થળની મુલાકાત લીધી હતી અને નુકસાનનો અભ્યાસ કર્યો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ત્રણ સભ્યની ટીમે ભારતના સૌથી મોટા ફૂટબોલ મેદાનોમાંના એક સ્ટેડિયમના નિરીક્ષણ દરમિયાન તૂટેલી પ્લાસ્ટિકની ખુરશીઓ, તૂટેલા મેટલ બેરિકેડ અને કચરો ભરેલી ગેલેરીઓની તપાસ કરી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

કલકત્તા હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ આશીમ કુમાર રેના નેતૃત્વમાં, સમિતિના સભ્યોએ મેસ્સી વિવેકાનંદ યુવા ભારતી ક્રીડાગનમાં જ્યાંથી પ્રવેશ્યો હતો તે સ્થળથી તેમનું નિરીક્ષણ શરૂ કર્યું અને સ્ટેડિયમની અંદર તેની ગતિવિધિઓ શોધવાનો પ્રયાસ કર્યો હતો, અધિકારીઓએ જણાવ્યું.

મુખ્ય સચિવ મનોજ પંત અને ગૃહ સચિવ નંદિની ચક્રવર્તી સહિતની પેનલે ૧૩ ડિસેમ્બરના કાર્યક્રમ દરમિયાન પ્રવેશ કોરિડોર, સુરક્ષા વ્યવસ્થા અને આસપાસની ગેલેરીઓનું નિરીક્ષણ કર્યું હતું, એમ તેમણે જણાવ્યું. એક અધિકારીએ જણાવ્યું કે પેનલને નુકસાનના પ્રમાણનું મૂલ્યાંકન કરવા અને અંધાધૂંધી તરફ દોરી જતી ઘટનાઓના ક્રમનું પુનર્નિર્માણ કરવાની મંજૂરી આપવા માટે સફાઈ અને પુનઃસ્થાપન કાર્ય અટકાવી દેવામાં આવ્યું હતું.

સ્ટેડિયમ ગેલેરીના ઘણા બ્લોકમાં છૂટાછવાયા જૂતા, ફાટેલા બેનરો, તૂટેલી રેલિંગ અને ક્ષતિગ્રસ્ત ફાઇબરગ્લાસની સીટો દેખાઈ રહી હતી, જ્યારે પેનલે સુરક્ષા વ્યવસ્થા અને ભીડના પ્રવાહની પેટર્નની તપાસ કરી ત્યારે પોલીસ કર્મચારીઓ સ્થળના ભાગોની રક્ષા કરી રહ્યા હતા, એમ અન્ય એક અધિકારીએ જણાવ્યું. ■

### મુખ્ય આયોજકને ૧૪ દિવસની પોલીસ કસ્ટડી

કોલકાતાઃ અહીંની એક કોર્ટે રવિવારે સોલ્ટ લેક સ્ટેડિયમમાં જ્યાં એક દિવસ પહેલા અંધાધૂંધી ફેલાઈ હતી ત્યાં લિયોનેલ મેસી ફૂટબોલ ઇવેન્ટના મુખ્ય આયોજક સતાદ્રુ દત્તાને ૧૪ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલ્યા છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

શનિવારે કોલકાતા એરપોર્ટ પરથી દત્તાની ગેરવહીવટ માટે ધરપકડ કરવામાં આવી હતી, જ્યાં તે મેસી અને તેના સાથીઓને હૈદરાબાદ જતા વિદાય આપવા ગયો હતો.

દત્તા તરફથી હાજર રહેલા વકીલે કોર્ટને જણાવ્યું હતું કે તેમના ક્લાયન્ટ પીડિત છે અને એને ફસાવવામાં આવી રહ્યા છે. અમને અપેક્ષા છે કે આગામી ૧૪ દિવસમાં પોલીસ તપાસ સ્પષ્ટતા લાવશે, દત્તાના વકીલે જણાવ્યું હતું.

દત્તાને ત્યાં લઈ જવામાં આવતા ભાજપના સમર્થકોએ કોર્ટની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. ■

# યુવાનોના ઓચિંતા મોતને કોવિડની રસી સાથે સંબંધ નથીઃ ઍઈમ્સ

નવી દિલ્હીઃ દિલ્હીના એઇમ્સ ખાતે હાથ ધરવામાં આવેલા એક વ્યાપક, એક વર્ષના શબપરીક્ષણ-આધારિત નિરીક્ષણ અભ્યાસમાં, યુવાન વયના લોકોમાં અચાનક મૃત્યુ સાથે કોવિડ-૧૯ રસીકરણને જોડતા કોઈ પુરાવા મળ્યા નથી, જે કોવિડ રસીઓની સલામતીને પુષ્ટિ આપે છે.

યુવાન વયના લોકોમાં અચાનક મૃત્યુ એ એક મહત્વપૂર્ણ ચિંતા છે જેના માટે લક્ષિત જાહેર આરોગ્ય વ્યૂહરચનાઓની જરૂર છે, અભ્યાસમાં જણાવાયું છે કે કોરોનરી આર્ટરી રોગ મુખ્ય કારણ રહે છે અને શ્વસન અને અસ્પષ્ટ મૃત્યુ કેસમાં વધુ તપાસની જરૂર છે.

યુવાન વયના લોકોમાં અચાનક મૃત્યુનો બોજઃ ભારતમાં તૃતીય સંભાળ કેન્દ્રમાં એક વર્ષનો અવલોકન અભ્યાસ શીર્ષક ધરાવતો અભ્યાસ, ઇન્ડિયન જર્નલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ના મુખ્ય જર્નલ, ઇન્ડિયન જર્નલ ઓફ મેડિકલ રિસર્ચ (આઇજેએમઆર) માં પ્રકાશિત થયો છે.

સંશોધનમાં નિષ્ણાતોની બહુ-શાખાકીય ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા મૌખિક શબપરીક્ષણ, પોસ્ટ-મોર્ટમ ઇમેજિંગ, પરંપરાગત શબપરીક્ષણ અને હિસ્ટોપેથોલોજીકલ પરીક્ષા દ્વારા અચાનક મૃત્યુના કેસોનું વિગતવાર મૂલ્યાંકન શામેલ હતું. ■

# મધ્ય પ્રદેશના સીએમના કાર્યક્રમમાં 'લાડલી બહેન' વિશે વિચિત્ર કમેન્ટ

### ખાસ્સી બબાલ થયા પછી રાજ્યના પ્રધાને સ્પષ્ટતા કરવી પડી

રતલામ/ઇન્દોરઃ મધ્ય પ્રદેશ સરકારની લાડલી બહેન યોજના હેઠળ સહાયને મુખ્ય પ્રધાન મોહન યાદવના સન્માનમાં યોજાયેલા કાર્યક્રમમાં મહિલા લાભાર્થીઓની હાજરી સાથે જોડતી તેમની ટિપ્પણીને ખોટી રીતે રજૂ કરવામાં આવી હોવાનું રાજ્યના પ્રધાન વિજય શાહે રવિવારે જણાવ્યું હતું. શાહે શનિવારે રતલામમાં એક બેઠક દરમિયાન સ્થાનિકો અને અધિકારીઓને જણાવ્યું હતું કે જો લાડલી બહેન યોજનાની મહિલા લાભાર્થીઓ મુખ્ય પ્રધાન મોહન યાદવના પ્રસ્તાવિત સન્માન કાર્યક્રમમાં હાજરી આપશે તો તેમની માસિક સહાયમાં ૨૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવશે. વળી, આમ ન કરવા પર તેમનું વેરિફિકેશન 'પેન્ડિંગ' રાખવામાં આવશે. આ વાત નવા વર્ષમાં રતલામમાં યોજનાના લાભાર્થીઓ દ્વારા મુખ્ય પ્રધાન યાદવ માટે એક સન્માન કાર્યક્રમનું આયોજન કરવાના શાહના પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન કહેવામાં આવી હોવાનું કહેવાય છે. આ અંગે શાહે જણાવ્યું કે મારા નિવેદનને મારીમચડીને રજૂ કરવામાં આવી રહ્યું છે. આ સંદર્ભમાં ફેલાવવામાં આવી રહેલા ભ્રામક સમાચારોનું હું સંપૂર્ણપણે ખંડન કરું છું. રાજ્ય સરકાર સતત મહિલા સશક્તીકરણ માટે કામ કરી રહી છે, જેથી આપણી બહેનો આત્મનિર્ભર બની શકે. ■

# દિલ્હીમાં પ્રદૂષણ વધ્યું : આકરા પ્રતિબંધો અમલી

નવી દિલ્હીઃ દેશની રાજધાની દિલ્હી અને દિલ્હીના વિસ્તારોમાં વાયુ પ્રદૂષણે ફરી એકવાર માઝા મૂકી છે. હવાની ગુણવત્તા અત્યંત ખરાબ સ્તરે પહોંચતા વહીવટી તંત્ર દ્વારા શનિવારે સાંજે ઇમર્જન્સી બેઠક બોલાવવામાં આવી હતી. દિલ્હીનો એર ક્વોલિટી ઇન્ડેક્સ (એક્યુઆઇ) ખતરનાક રીતે ૪૪૧ પર પહોંચી જતાં તંત્રએ તાત્કાલિક અસરથી 'ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન' ગ્રૅપ-ફૉર અમલી કરવાનો નિર્ણય લીધો છે.

પ્રદૂષણમાં આશ્ચર્યજનક ઉછાળો જોવા મળ્યો હતો. સાંજે ૪ વાગ્યે એક્યુઆઇ ૪૩૧ નોંધાયો હતો, જે માત્ર બે જ કલાકમાં વધીને ૪૪૧ પર પહોંચી ગયો હતો. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, પવનની અત્યંત ધીમી ગતિ અને વાતાવરણમાં છવાયેલી સ્થિરતાને કારણે પ્રદૂષિત કણો હવામાં જ જકડાઈ ગયા છે.

ગ્રૅપ-ફૉર લાગુ થતાની સાથે જ દિલ્હી-એનસીઆરમાં તમામ પ્રકારના બાંધકામની પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ રોક લગાવી દેવામાં આવી છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### ઑસ્ટ્રેલિયામાં આતંકવાદી

વિસ્તારના રહેવાસી અકરમ પર ઓસ્ટ્રેલિયાના લોકપ્રિય બીચ પર હુમલો કરવાનો આરોપ છે. આ બીચ વ્યસ્ત વીકએન્ડમાં મુલાકાતીઓથી ભરેલો હતો. ઓસ્ટ્રેલિયન અધિકારીઓએ કહ્યું કે પોલીસે રવિવારે સાંજે બોનીરિગના ઉપનગરમાં અકરમના ઘરે દરોડો પાડ્યો હતો. ન્યૂ સાઉથ વેલ્સ એમ્બ્યુલન્સ સર્વિસે માહિતી આપી હતી કે અનેક ઘાયલોને ઘટનાસ્થળે જ સારવાર આપવામાં આવી હતી અને પછી હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

બોન્ડી બીચના સામૂહિક ગોળીબારનો વીડિયોમાં નજીકની કેફેમાં રહેલા લોકો ગોળીનો અવાજ સાંભળીને ભાગી રહ્યા છે. અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મેડિકલ ટીમ, એમ્બ્યુલન્સ, હેલિકૉપ્ટર અને સ્પેશ્યલ ઑપરેશન્સ યુનિટને બીચમાં તૈનાત કરવામાં આવ્યા છે. બોન્ડી બીચમાં યહૂદી ઉત્સવ હનુક્કાના પહેલા દિવસ નિમિત્તે ચાનુકા નામનો ઈવેન્ટ યોજાયો હતો અને આને જ હુમલાખોરોએ લક્ષ્ય બનાવ્યું હતું.

ઈઝરાયલના પ્રમુખ ઈશાક હર્જોગે આ ઘાતકી શુટિંગ હુમલાની આલોચના કરી છે. તેમણે કેનબરાને યહૂદીવિરોધી ધીક્કારની ભાવના સામે લડવાનો અનુરોધ કર્યો હતો. આવી શત્રુતા ઑસ્ટ્રેલિયાના સમાજને કોરી ખાઈ રહી છે.

તેમણે કહ્યું હતું કે સિડનીના અમારા ભાઈ બહેનો પર વિલે ટેરરિસ્ટે હુમલો કર્યો છે. આ હુમલો યહૂદીના ઉત્સવ હનુક્કાના પહેલા દિવસે થયો છે. ■

### શૂટરને રાહદારીએ

દેખાય છે કે સફેદ ટી-શર્ટ પહેરનાર એક માણસ ઓચિંતો શૂટર તરફ આગળ વધે છે અને જેવું શૂટરનું ધ્યાન બીજે જાય છે કે તે પાછળથી તેને વળગી પડીને તેને કાબૂમાં લેવાનો પ્રયાસ કરે છે. બંને વચ્ચે હાથોહાથની મારામારી થાય છે. રાહદારી શૂટરના હાથમાંથી ગન ઝૂંટવી લે છે. રાહદારી એ ગન શૂટર પર તાકે છે એટલે તે પાછળ ખસે છે. જોકે તેનો બીજો સાથીદાર રાહદારી પર ગોળીબાર કરે છે. ■

### ક્રિકેટર માઇકલ વૉનનો

આભાર. આ ઘટનાથી પ્રભાવિત દરેક વ્યક્તિ સાથે મારી સંદેવનાઓ છે. અત્રે નોંધનીય છે કે ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન માઇકલ વૉન હાલમાં ચાલી રહેલી એશિઝ ૨૦૨૫-૨૬ શ્રેણી માટે બ્રોડકાસ્ટર તરીકે ઓસ્ટ્રેલિયામાં છે. ■

### બારમી પાસ નીતિન નબીન

સૌપ્રથમ બિહારી છે. નબીન સૌથી નાની ઉંમરના ભાજપના કાર્યકારી પ્રમુખ છે અને ભાજપના વરિષ્ઠ નેતા નવીન કિશોર પ્રસાદ સિંહાના દીકરા છે. ચૂંટણી વખતે તેમણે નોંધાવેલા સોગંદનામા અનુસાર બારમી પાસ છે.

૪૫ વર્ષના નીતિન ક્ષત્રિય જ્ઞાતિના છે. તેઓ ભાજપના તત્કાલીન વડા જે. પી. નડ્ડાના અનુગામી બનશે. નીતિન પક્ષના પ્રમુખ બનનાર સૌથી યુવાન નેતામાંના છે.

તેઓએ બિહાર સરકારમાં અનેક વાર મંત્રીનો અખત્યાર સંભાળ્યો છે. તેઓ પાંચ વાર વિધાનસભ્ય બન્યા છે. હાલમાં તેઓ બિહારના જાહેર બાંધકામ ખાતાના પ્રધાન છે. તેઓ પટણાના બાંકીપુરના વિધાનસભ્ય છે.

નડ્ડા જાન્યુઆરી ૨૦૨૦માં ભાજપના પ્રમુખ બન્યા હતા. ૨૦૨૪ લોકસભા ચૂંટણીમાં પક્ષની આગેવાની કરવા તેમની મુદત વધારવામાં આવી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ નિમણૂક અંગે કહ્યું હતું કે નીતિને તેમની જાતને સખત કામ કરવાવાળા કાર્યકર્તા તરીકે ઓળખ સ્થાપી છે. મોદીએ એવો આત્મવિશ્વાસ કર્યો હતો કે તેમની ઊર્જા અને સમર્પણ પક્ષને મજબૂત બનાવશે. નીતિન યુવાન અને સમૃદ્ધ સંસ્થાકીય અનુભવ ધરાવે છે. નીતિન બિહારના વિધાનસભ્ય અને પ્રધાન તરીકે જાજરમાન કારકિર્દી ધરાવે છે. (એજન્સી) ■

### 'ચોરી' ભાજપના ડીએનએમાં

હતું કે ભાજપે ચૂંટણી દરમિયાન દરેક મતદાતાને ૧૦,૦૦૦ રૂપિયા આપ્યા, પરંતુ પંચે તેની સામે કોઈ પગલાં લીધા નહીં. સત્ય અને અસત્ય વચ્ચેની લડાઈમાં ચૂંટણી પંચ ભાજપ સરકાર સાથે કામ કરી રહ્યું છે. મોદીએ પંચને નવું રક્ષણ આપ્યું છે. અમે આ કાયદો જૂની તારીખથી બદલાવીશુ અને ચૂંટણી પંચો સામે કામ કરીશું. આમાં સમય જશે, પરંતુ અંતે સત્યનો વિજય થશે. સત્ય અને અહિંસા મોદી અને શાહને પરાજિત કશે.

કૉંગ્રેસનાં મહામંત્રી પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયાનું દરેક પગથિયું શંકાસ્પદ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે મુખ્ય ચૂંટણી કમિશનર અને બીજા બે કમિશનરે જવાબ આપવો જોઈએ કે તે લોકોના મતાધિકાર ઝૂંટવી લેવામાં તેઓએ કઈ રીતે કાવતરું કર્યું. દેશની બંધારણીય સંસ્થાઓને કચડી નાખવામાં આવી છે. કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ રવિવારે ભાજપ પર આકરા પ્રહારો કરતા કહ્યું હતું કે જે લોકોએ વોટ ચોરી કરી છે એ ગદ્દાર છે અને મતાધિકાર અને બંધારણને બચાવવા તેમને સત્તા પરથી દૂર કરવા પડશે. કૉંગ્રેસની વિચારસરણીને મજબૂત કરવા બધા ભારતીયોની ફરજ છે. તેમણે કહ્યું હતું કે આરએસએસની વિચારસરણી દેશને ખતમ કરી નાખશે. ભાજપના લોકો ગદ્દાર અને ડ્રામેબાજ છે. મારા પુત્રનું બેંગ્લૂરુમાં ઑપરેશન હતું, પરંતુ હું ત્યાં ગયો નહીં કારણ કે ૧૪૦ કરોડ લોકોને બચાવવા જરૂરી છે. (એજન્સી) ■

### લદાખની સરહદે

રોબોનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું. ચીને ચારથી પાંચ પ્રકારના રોબો સૈનિકો તૈનાત કર્યા છે. આમાં શાર્પ ક્લાસ, મ્યુલ ૨૦૦, વીપી ૨૨ આર્મ્ડ કેરિયર, ૧૫૦ લિનક્સ નામના રોબો અને રોબો વેહિક્લ સામેલ છે. આ રોબો અચુક નિશાન સાધવામાં અને બધા પ્રકારના હુમલાનો પ્રતિકાર કરવા સક્ષમ છે. તદુપરાંત ટીને લદાખ સેક્ટરમાં મોટી સંખ્યામાં ડ્રોન ગોઠવ્યા છે જેનાથી આખો માહોલ ઈલક્ટ્રોનિક વોરફેરનો ઊભો થયો છે. છેલ્લા દોઢ વર્ષથી ચીની સૈનિકો ટેકરી પર કાતિલ ઠંડીને સહન કરી શકતા નહોતા. આ જવાનોને ૨૪ કલાકમાં બદલવામાં આવતા હતા. આમ છતાં જવાનો મુસીબતોનો સામનો કરતા હતા. આથી રોબોને ગોઠવવાનું ચીને નક્કી કર્યું. ઓનલાઈન વાઈરલ થયેલા એક વીડિયોમાં દાવો કરવામાં આવ્યો હતો કે બીજિંગે લાઈન ઑફ એકચ્યુઅલ કંટ્રોલ પર કિલર રોબોને તૈનાત કર્યા છે. આ વીડિયો ભારતીય સૈનિકોએ રેકોર્ડ કર્યો હોવાનું કહેવાય છે. આમાં એક ઉજ્જડ વિસ્તાર દેખાય છે અને એક રોબો જેવી આકૃતિ આનું રક્ષણ કરતી દેખાય છે. કેમેરા ઝુમ આઉટ થાય છે તો આસપાસના પહાડ દેખાય છે. વીડિયોમાં એ સાફ નથી કે આ રોબો છે કે કોઈ સ્ટેટિક નિગરાણી ઉપકરણ. ભારત અને ચીન સરહદ પરનો ફાયરિંગ સ્ટેટસ જાળવામાં સફળ રહ્યા છે. ૨૦૨૦માં ગલવાન ટેકરી પરની ભારત અને ચીનના સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી. હવે નેટિઝન્સ કહી રહ્યા છે કે ચીન હવે મેટલ વિરુદ્ધ માંસ એટલે કે રોબો વિરુદ્ધ જવાનના યુદ્ધની તૈયારી કરી રહ્યું છે. ■

### અમેરિકન યુનિવર્સિટીમાં

તરફ એક શખસે યુનિવર્સિટીમાં આવીને ફાયરિંગ શરૂ કરી દીધું હતું.

ફાયરિંગની ઘટનાને લઈને યુનિવર્સિટીમાં પોલીસનો કાફલો પહોંચ્યો હતો. બે કલાક સુધી યુનિવર્સિટીની જુદી જુદી બિલ્ડિંગમાં પોલીસે શોધખોળ કરી હતી. બ્રાઉન યુનિવર્સિટીમાં થયેલા ફાયરિંગને લઈને ડેપ્યુટી પોલીસ ચીફ ટિમોથી ઓહારાએ જણાવ્યું કે, ફાયરિંગ કરનાર એક પુરુષ છે. તેણે કાળા રંગના કપડા પહેર્યા હતા, છેલ્લે તે બિલ્ડિંગની બહાર જતો નજરે પડ્યો હતો. ફાયરિંગની ઘટનાને લઈને સ્થાનિકોને ઘરની બહાર ન નીકળવાની સૂચના આપવામાં આવી છે.

બ્રાઉન યુનિવર્સિટીમાં થયેલી ફાયરિંગની દુર્ઘટના સંબંધે ડોનલ્ડ ટ્રમ્પે પણ શોક વ્યક્ત કર્યો હતો. ટ્રમ્પે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર જણાવ્યું કે, રોડ આઇલેન્ડ ખાતેની બ્રાઉન યુનિવર્સિટી ખાતે થયેલ ફાયરિંગ અંગે જાણ થઈ. ભગવાન મૃતકોના આત્માને શાંતિ આપે તથા તેમના પરિવારજનોને હિંમત આપે. ■

પાંચવી પૂણ્ય તિથિએ શ્રદ્ધાંજલિ



જન્મ તારીખ : ૧૦-૦૮-૧૯૪૧ સ્વર્ગવાસ : ૧૫-૧૨-૨૦૨૦

**સ્વ. નિરંજનાબેન વીરેન્દ્રભાઈ સંઘવી**

આપ જીવન એવું સુંદર જીવ્યા કે બધાનો પ્રેમ જીત્યા અને પ્રેરણારૂપ પણ બન્યા. આપ ભલે સદેહ અમારી વચ્ચે નથી પરંતુ આપના વ્હાલની સુવાસ સદાય અમારૂ જીવન મહેકાવતી રહેશે.

મનસુખલાલ વાલજીભાઈ શાહ (પિતા)
સવિતાબેન મનસુખલાલ શાહ (માતા)
હેમલતાબા જયસુખલાલ પરિવાર
વીરેન્દ્ર દલપતરામ સંઘવી (પતિ) * સ્વ.જાગેશ સંઘવી–જયદેવ સંઘવી (પુત્ર)
ડો.અલ્પા–શ્રીમતિ અમી (પુત્રવધુ) * નૈની નીનાદ કુલકર્ણી (પુત્રી)
નીનાદ વી.કુલકર્ણી (જમાઈ) * આર્વી એન્કોન સ્ટાફના જય જીનેન્દ્ર

AARVI ENCON FAMILY

aarvi


# પાલિકાની ચૂંટણી માટે સોમવારે મહાવિકાસ આઘાડીની બેઠક

પુણેઃ આગામી મહાનગરપાલિકાની ચૂંટણી મહાવિકાસ આઘાડીના ઘટક પક્ષો સાથે મળીને લડશે કે સ્વતંત્ર રીતે, આ અંગે પ્રશ્નચિહ્ન ઊભું થયું છે, ત્યારે સોમવારે કૉંગ્રેસ ભવન ખાતે મહાવિકાસ આઘાડીના મુખ્ય પક્ષોના નેતાઓની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં મહાનગરપાલિકાની ચૂંટણી સાથે મળીને લડવા અંગે ચર્ચા કરવામાં આવશે, તેમજ આ વખતે મનસેને મહાવિકાસ આઘાડીમાં સામેલ કરવા અંગે પણ ચર્ચા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

કોર્ટના આદેશ મુજબ, ચૂંટણી પંચ મ્યુનિસિપલ ચૂંટણી કાર્યક્રમનો અમલ કરી રહ્યું છે. આગામી થોડા દિવસોમાં ચૂંટણીની તારીખો જાહેર થવાની સંભાવના છે. બીજી તરફ, મહાવિકાસ આઘાડી અને મહાયુતિના ઘટક પક્ષો ચૂંટણી માટે તૈયારીઓ કરી રહ્યા છે. મ્યુનિસિપલ ચૂંટણીમાં ગઠબંધન થશે કે નહીં તે અંગે દલીલો થઈ રહી છે. દરેક પક્ષના નેતાઓ કહી રહ્યા છે કે તેઓ બધી બેઠકો પર ચૂંટણી લડવા માટે તૈયાર છે. ભાજપ અને અજિત પવારની રાષ્ટ્રવાદી પાર્ટી પુણેમાં મહાયુતિમાં સાથે ચૂંટણી લડશે નહી, તે લગભગ સ્પષ્ટ છે.

આ પૃષ્ઠભૂમિમાં, બંને રાષ્ટ્રવાદીઓ સાથે મળીને ચૂંટણી લડે તેવી ચર્ચાએ જોર પકડ્યું હતું. બીજી તરફ, એવી પણ ચર્ચા છે કે ઠાકરેની શિવસેના અને મનસે સાથે મળીને ચૂંટણી લડશે. કૉંગ્રેસ મહાવિકાસ આઘાડીમાં મનસેનો સમાવેશ કરવાનો વિરોધ કરતી હોવાથી, પ્રશ્ન એ ઊભો થયો કે શું મહાવિકાસ આઘાડી મ્યુનિસિપલ ચૂંટણીમાં અસ્તિત્વમાં રહેશે. જોકે, શરદ પવારની એનસીપીએ સ્પષ્ટ કર્યું છે કે તે મહાવિકાસ આઘાડી દ્વારા જ મ્યુનિસિપલ ચૂંટણી લડશે. સોમવારે સવારે ૧૦ વાગ્યે કૉંગ્રેસ ભવન ખાતે મ્યુનિસિપલ ચૂંટણી સંદર્ભે મહાવિકાસ આઘાડીની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં કૉંગ્રેસ, એનસીપી શરદ ચંદ્ર પવારની પાર્ટી અને શિવસેના (યુબીટી) ના મુખ્ય નેતાઓ અને પદાધિકારીઓ હાજરી આપે તેવી શક્યતા છે. ■

# કાકા-ભત્રીજાની મીલીભગત?: જીએસટીના મુદ્દે અજિત પવારે કરી કેન્દ્ર સરકારની ટીકા

## નવા જીએસટી સ્લેબથી વાર્ષિક રૂ.૧૫,૦૦૦ કરોડનું નુકસાન થશે એમ કહ્યું

નાગપુર : બે મહિના પહેલા ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સ્લેબમાં સુધારાથી મહારાષ્ટ્રને વાર્ષિક રૂ.૧૫,૦૦૦ કરોડનું નુકસાન થવાની ધારણા છે, એમ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે મંગળવારે જણાવ્યું હતું, જે રોકડની તંગીનો સામનો કરી રહેલા રાજ્ય પરના નાણાકીય દબાણને રેખાંકિત કરે છે.નાગપુરમાં વિધાનસભાના શિયાળુ સત્ર દરમિયાન પત્રકારો સાથે વાત કરતા, પવારે જણાવ્યું હતું કે સરકાર નુકસાનને સરભર કરવા માટે એક્સાઇઝ અને ખાણકામ જેવાં ક્ષેત્રોમાંથી વધારાની આવકનો ઉપયોગ કરી રહી છે. તેમણે કહ્યું કે ગયા વર્ષે વિધાનસભા ચૂંટણી પહેલા જાહેર કરાયેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓને કારણે રાજ્યની નાણાકીય સ્થિતિ તણાવમાં હતી, પરંતુ મહાયુતિ સરકાર સંતુલન જાળવવામાં સફળ રહી છે.

પવારે પત્રકારોને જણાવ્યું કે, રાજ્યના દેવાનો બોજ રૂ. ૯.૩૨ લાખ કરોડથી વધુ હોવાની ધારણા છે, પરંતુ મહારાષ્ટ્ર, ગુજરાત અને ઓડિશા નિર્ધારિત ધોરણો કરતાં તેને ઓછું રાખવામાં સફળતા મળી છે. આવક વધારવા માટે વિવિધ સંસાધનોનો ઉપયોગ કરાશે, તેમ પણ જણાવ્યું હતું. અમારો પ્રયાસ લિકેજને રોકવાનો અને જીએસટી વસૂલાતમાં કોઈ ચોરી ન થાય તેની ખાતરી કરવાનો રહેશે. અમે આ સફળતાપૂર્વક કરી રહ્યા છીએ, પરંતુ હજુ પણ વધુ મહેસૂલ ઊભી કરવાનો અવકાશ છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં સરકાર જીએસટી આવક અંદાજે રૂ. ૧.૭૬ લાખ કરોડ રહેવાની અપેક્ષા રાખે છે, જે પાછલા વર્ષના રૂ. ૧.૫૫ લાખ કરોડ હતી. પવારે જણાવ્યા મુજબ, જીએસટી આવકમાં ઘટાડાને પહોંચી વળવા રાજ્ય સરકાર એક્સાઇઝ ડ્યૂટી અને નિયમોમાં નાના ફેરફારો લાવવાની યોજના ધરાવે છે. રાજ્યની બહારથી લાવવામાં આવતા દારૂ પરની ડ્યૂટીમાં ફેરફાર કરીને, તેના પ્રવાહને ઘટાડીને સ્થાનિક આવકમાં વધારો થશે. એક્સાઇઝ અને ખાણકામમાં પણ આવા પગલાં આપણને આવક વધારવામાં મદદ કરશે, એમ તેમણે કહ્યું. દારૂની દુકાનોની બહાર જાહેરમાં દારૂ પીનારાઓ પર કડક કાર્યવાહી માટે સરકાર ટૂંક સમયમાં એક પરિપત્ર બહાર પાડશે. આવી દારૂની દુકાનોના લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવશે. નવી દારૂની દુકાનો ખોલતા પહેલા હાઉસિંગ સોસાયટીઓ પાસેથી નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવવું જરૂરી કરવાની જાહેરાતનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.

સ્ટેમ્પ ડ્યૂટી સંબંધિત વિવાદોમાં સુનાવણીની સત્તા ઇન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશનને બદલે સરકાર પાસે લેવાના નિર્ણય અંગે પૂછવામાં આવતા, પવારે કહ્યું કે આ ફેરફાર સ્થાપિત પ્રથાને અનુસરીને કરવામાં આવ્યો છે.

મહારાષ્ટ્ર સરકારે આ અઠવાડિયાની શરૂઆતમાં ચોમાસા સત્ર દરમિયાન ₹૭૫,૨૮૬ કરોડનું પૂરક બજેટ રજૂ કર્યું હતું, જે રાજ્યના વાર્ષિક બજેટના ૧૭.૫૨% જેટલું છે અને મહારાષ્ટ્રના ઇતિહાસમાં એક સાથે રજૂ કરાયેલું બીજું સૌથી વધુ છે. આ પહેલા રાજ્ય સરકારે જુલાઈમાં ચોમાસા સત્રમાં ₹૫૭,૫૦૯ કરોડની પૂરક માંગણીઓ રજૂ કરી હતી, જેનાથી બે પૂરક બજેટની કુલ રકમ ₹૭.૫૭ લાખ કરોડના વાર્ષિક બજેટ સામે ₹૧.૩૩ લાખ કરોડ થાય છે. ■

# પાંચ વર્ષની બાળકીની દુષ્કર્મ બાદ હત્યાઃ શકમંદ તાબામાં

પુણેઃ પુણેમાં ઘરની બહાર રમતી બાળકી અચાનક ગુમ થયા બાદ તેનો મૃતદેહ મળી આવ્યો હતો. દુષ્કર્મ બાદ બાળકીની હત્યા કરવામાં આવી હોવાનું તપાસમાં જણાતાં પોલીસે શકમંદને તાબામાં લીધો હતો.

પોલીસના જણાવ્યા મુજબ માવળ તહેસીલમાંથી શનિવારે બાળકી ગુમ થઈ હતી. અચાનક બાળકી ગુમ થતાં પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી અને પોલીસમાં ફરિયાદ કરી હતી.

શોધ દરમિયાન બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. ગળું દબાવીને તેની હત્યા કરવામાં આવી હોવાનું પ્રથમદર્શી જણાયું હતું. તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. બાળકી સાથે દુષ્કર્મ કરાયું હોવાનું સામે આવ્યું હતું.

પિંપરી ચિંચવડ પોલીસના ઝોન-૨ ના આસિસ્ટન્ટ પોલીસ કમિશનર બાળાસાહેબ કોપનરે જણાવ્યું હતું કે ઘટના પહેલાં બાળકીના ઘર નજીક આંટા મારતો નજરે પડેલો યુવાન શંકાના ઘેરામાં હતો. પોલીસે તાબામાં લઈ પૂછપરછ કરતાં તેણે કબૂલ્યું હતું કે ચૉકલેટ અપાવવાની લાલચે તે બાળકીને નિર્જન સ્થળે લઈ ગયો હતો. બાળકીની હત્યા કરી હોવાની કબૂલાત પણ શકમંદે કરી હતી.

આ પ્રકરણે શિરગાંવ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપીની કબૂલાતની ખાતરી કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# હત્યાના કેસમાં ફરાર આરોપી ૧૭ વર્ષે એન્ટોપ હિલમાંથી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુલુંડમાં નશીલા પદાર્થની લેવડદેવડમાં તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી યુવાનની હત્યા કર્યા બાદ ફરાર થઈ ગયેલા આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ૧૭ વર્ષે એન્ટોપ હિલમાંથી પકડી પાડ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૪ના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીની ઓળખ દુર્ગેશ ઉર્ફે છોટુ અવદેશ ગૌડા તરીકે થઈ હતી. વધુ કાર્યવાહી માટે આરોપીને મુલુંડ પોલીસ સ્ટેશનના તાબામાં સોંપાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ હત્યાની ઘટના ઑક્ટોબર, ૨૦૦૮માં બની હતી. નશીલા પદાર્થની લેવડદેવડમાં મૃતક રાજેશ સોની લખવાણી (૩૧) સાથે આરોપીઓનો વિવાદ થયો હતો. આ વિવાદમાં મુલુંડ પશ્ચિમમાં પાઈપ લાઈન નજીક ડાંગરપાડામાં તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી રાજેશની હત્યા કરવામાં આવી હતી. આ પ્રકરણે હત્યાનો ગુનો નોંધી મુલુંડ પોલીસે તે સમયે બે આરોપી અરુણ અન્નપા કુંચીકોર કન્ના ઉર્ફે રાજા દેવેન્દ્ર અને સની ઉર્ફે અજિંક્ય જાનકીદાર કબાડેની ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપીના બે સાથીને ફરાર જાહેર કરાયા હતા.

પોલીસે આ કેસમાં મુલુંડ કોર્ટમાં આરોપનામું પણ દાખલ કર્યું હતું, જેમાં આરોપી ગૌડાને વૉન્ટેડ આરોપી દર્શાવાયો હતો. હત્યા કેસનો આરોપી ગૌડા એન્ટોપ હિલના રાવળી કૅમ્પમાં નજરે પડ્યો હોવાની માહિતી તાજેતરમાં ક્રાઈમ બ્રાન્ચના અધિકારીને મળી હતી. માહિતીને આધારે પોલીસે શનિવારે છટકું ગોઠવી ગૌડાને પકડી પાડ્યો હતો. ■

# દુબઈના તસ્કરને ઈશારે સાતારામાં ધમધમતી ડ્રગ્સ ફૅક્ટરીનો પર્દાફાશઃ સાત પકડાયા

## ૩૮ કિલો લિક્વિડ એમડી, ૮ કિલો એમડી અને કાચો માલ મળી ૧૧૫ કરોડની મતા જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)


મુંબઈઃ દુબઈમાં બેસેલા ડ્રગ્સના મોટા તસ્કરને ઇશારે મહારાષ્ટ્રના સાતારા જિલ્લામાં મેફેડ્રોન (એમડી) ડ્રગ બનાવવાની ફૅક્ટરી ધમધમતી હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી હતી. ક્રાઈમ બ્રાન્ચે આ ફૅક્ટરી પર કાર્યવાહી કરી એમડી, લિક્વિડ એમડી અને કાચો માલ તેમ જ સાધનો મળી અંદાજે ૧૧૫ કરોડ રૂપિયાની મતા જપ્ત કરી હતી. આ કેસમાં સાત આરોપીની ધરપકડ કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૭ના અધિકારીઓ પકડી પાડેલા આરોપીઓની ઓળખ સલીમ અબ્દુલ હમીદ શેખ (૩૨), રઈસ રિયાઝ શેખ (૩૭), વિશાલ જગન્નાથ મોરે (૩૨), કુરુવિલા ઓમેન ચેરિયન, કાયમ નઝર અબ્બાસ સૈયદ ઉર્ફે સદામ (૨૯), રાજુકુલ ખાલીકુર રહમાન (૩૦) અને હાવીજુલ ફકરુલ ઈસ્લામ (૨૫) તરીકે થઈ હતી.

મુલુંડ પશ્ચિમમાં ૯ ડિસેમ્બરે પેટ્રોલિંગ પર હાજર ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ બે આરોપી સલીમ અને રઈસને પકડી પાડ્યા હતા. તેમની પાસેથી ૧૩૬ ગ્રામ એમડી મળી આવ્યું હતું. ધરપકડ બાદ બન્નેની પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે વસઈ નજીકના નાયગાંવમાં રહેતા કુરુવિલાના કહેવાથી તેમણે પુણેમાં રહેતા વિશાલ પાસેથી આ ડ્રગ્સ ખરીદ્યું હતું. પુણેના રાવેત પરિસરમાં સૅન્ટોસા હોટેલ નજીક વિશાલ બન્નેને મળ્યો હતો.

નાયગાંવ અને પુણેથી કુરુવિલા અને વિશાલને તાબામાં લેવામાં આવ્યા હતા. સાતારા જિલ્લાના જાવળી તાલુકામાંના સાવરીગાંવમાં એમડી ડ્રગ્સ બનાવવામાં આવતું હોવાની માહિતી વિશાલે આપી હતી. માહિતીને આધારે પોલીસની ટીમે સાવરીગાંવના ખેતરમાં બાંધવામાં આવેલા કાચા મકાન પર રેઇડ કરી હતી. આ મકાનમાં એમડી બનાવવામાં આવતું હતું, જે દેશના વિવિધ રાજ્યોમાં સપ્લાય થતું હતું.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે દુબઈમાં બેસેલા તસ્કરને ઇશારે આ ફૅક્ટરી શરૂ કરવામાં આવી હતી. ખેતરના માલિક ગોવિંદ પાસેથી આરોપી સદામે સ્થાનિક એજન્ટની મદદથી મકાન ભાડે લીધું હતું. મકાનમાંથી ૩૮ કિલો લિક્વિડ એમડી, આઠ કિલો પાઉડર સ્વરૂપે એમડી, કાચો માલ અને સાધનો જપ્ત કરવામાં આવ્યાં હતાં. ■

## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૬૭૩૭)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ Private Tours Himachal Ladakh Uttaranchal Rajasthan Kerala Goa Thailand Singapore Dubai રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટ સ્ટેશન Pickup Drop All Over India ડિઝાયર ઇનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ પેકેજ Tatkal Passport, USA Visa Travel Insurance Arrham Holiday 9769977466 / 9892534488 / 9326373672. (બી-૧૬૮૪૮)

### ૧૪. નોકરી ખાલી છે

DADAR:9619676477 Women Empowerment Career Opportunity Program & Foreign Tour. (B-16842)

### ૧૭. જગ્યા આપવી છે

**BORIVALI (WEST)**
For Sale 6 BHK Fully Furnished 2000 sq ft on 15th Floor @ PUSHPVINOD - 1, S. V. Road, Borivali (W). Contact: 93243 67594 / 81088 02978. (SDB-2980)

**BORIVALI (WEST)**
For Sale 2 BHK - 650 sq ft & 612 sq ft Unfurnished on 10th & 19th Floor @ PUSHPVINOD - 2, S. V. Road, Borivali (W). Contact: 93243 67594 / 81088 02978. (SDB-2981)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**બાન્દ્રા વેસ્ટ**
ટર્નર રોડ અથવા પાલી હિલ ૨૦૦ થી ૨૫૦ કારપેટ દુકાન ભાડેથી જોઈએ છે. સંપર્ક - 9820613128. (એસડીબી-૨૯૯૯)

### ૩૩. ધંધાદારી

■ નો GST, LIC અને મેડિક્લેમ પૉલિસી ફેમેલી ફ્લોટર, મેડિક્લેમ પૉલિસી 0 થી 75 અને 10 લાખથી 1 કરોડ. નો મેડિકલ રિપોર્ટ ૩ વર્ષની પૉલિસીમાં, EMIની સગવડતા ઉપલબ્ધ. વિગત માટે સંપર્કઃ- ''દિલીપભાઈ'' 9136621227. (૬૩૫-સી)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675 / 9326448699. (કાંદિવલી). (૬૧૪/બી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# નવી મુંબઈ એરપોર્ટઃ ત્રીજા રનવે માટે ટેક્નો-કોમર્શિયલ શક્યતાનો અભ્યાસ સલાહકાર માટે બિડ મંગાવવામાં આવી

થાણેઃ શહેર અને ઔદ્યોગિક વિકાસ નિગમ (સિડકો) એ નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ત્રીજા રનવેના વિકાસ માટે ટેક્નો-કોમર્શિયલ શક્યતાનો અભ્યાસ કરવા માટે સલાહકારની નિમણૂક માટે બિડ મંગાવવામાં આવી છે, એમ એક અધિકારીએ રવિવારે જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે, આ દરખાસ્ત ઈ-ટેન્ડરિંગ પ્રક્રિયા દ્વારા રજૂ કરવામાં આવી છે, જેમાં નિર્ધારિત પાત્રતા માપદંડોને પૂર્ણ કરતા હોય તેવા પ્રતિષ્ઠિત સિંગલ બિઝનેસ એન્ટિટીઝ અથવા સંયુક્ત સાહસો/કન્સોર્ટિયા પાસેથી ઓનલાઈન દરખાસ્ત વિનંતીઓ આમંત્રિત કરવામાં આવી છે.

ભવિષ્યમાં હવાઈ ટ્રાફિક વૃદ્ધિ અને સંચાલન જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ત્રીજો રનવે વિકસાવવાની તકનીકી અને વ્યાપારી યોગ્યતાનું મૂલ્યાંકન કરવાનો આશય આ કન્સલ્ટન્સી દરખાસ્ત મંગાવવા પાછળ છે.

તેનું કાર્યક્ષેત્ર સિડકોના પરિવહન અને એરપોર્ટ (ટી એન્ડ સી) વિભાગ હેઠળ આવે છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. કન્સલ્ટન્સીનો સમયગાળો છ મહિનાનો નક્કી કરવામાં આવ્યો છે. કન્સલ્ટન્ટની પસંદગી સ્થાપિત ખરીદી ધોરણો અનુસાર, લિસ્ટ કોસ્ટ સિલેક્શન પદ્ધતિથી કરવામાં આવશે. બિડિંગ શેડ્યૂલ અને વિગતવાર ટેન્ડર દસ્તાવેજો ૧૬ ડિસેમ્બરથી સત્તાવાર સિડકો ઇ-ટેન્ડરિંગ પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે, તેવી માહિતી અધિકારીએ આપી હતી. (પીટીઆઈ)

# નાતાલ વેકેશન માટે મધ્ય રેલવે પુણેથી નાગપુર અને અમરાવતી માટે વિશેષ સાપ્તાહિક ટ્રેનો દોડાવશે

જળગાંવઃ ક્રિસમસ અને નવા વર્ષની રજાઓમાં મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે મધ્ય રેલવેએ મુંબઈ-નાગપુર, પુણે-નાગપુર, પુણે-અમરાવતી વચ્ચે ખાસ ટ્રેનો દોડાવવાનો નિર્ણય લીધો છે. આ ટ્રેનોને ભુસાવળ સહિત જિલ્લાના જલગાંવ, પાચોરા અને ચાલીસગાંવ સ્ટેશનો પર સ્ટોપ આપવામાં આવ્યા છે.

**મુંબઈ-નાગપુર-મુંબઈ સાપ્તાહિક વિશેષ (છ સેવાઓ)**

૦૧૦૦૫ સાપ્તાહિક વિશેષ ટ્રેન ૨૦ ડિસેમ્બરથી ૩ જાન્યુઆરી સુધી દર શનિવારે સવારે ૦૦:૩૦ વાગ્યે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) થી ઉપડશે અને તે જ દિવસે બપોરે ૦૩:૩૦ વાગ્યે નાગપુર પહોંચશે. આ ટ્રેનની કુલ ત્રણ ટ્રીપ હશે. ૦૧૦૦૬ સાપ્તાહિક વિશેષ ટ્રેન ૨૦ ડિસેમ્બરથી ૩ જાન્યુઆરી સુધી દર શનિવારે નાગપુરથી સાંજે ૦૬:૧૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે રવિવારે સવારે ૦૮:૨૫ વાગ્યે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ પહોંચશે. આ ટ્રેનની કુલ ત્રણ ટ્રીપ હશે.

**પુણે-નાગપુર-પુણે સાપ્તાહિક વિશેષ (છ સેવાઓ)**

૦૧૪૦૧ સાપ્તાહિક વિશેષ ટ્રેન ૧૯ ડિસેમ્બરથી ૨ જાન્યુઆરી સુધી દર શુક્રવારે રાત્રે ૮:૩૦ વાગ્યે પુણેથી ઉપડશે અને બીજા દિવસે બપોરે ૨:૦૫ વાગ્યે નાગપુર પહોંચશે. આ ટ્રેનની કુલ ત્રણ ટ્રીપ હશે. ૦૧૪૦૨ સાપ્તાહિક ખાસ ટ્રેન ૨૦ ડિસેમ્બરથી ૩ જાન્યુઆરી સુધી દર શનિવારે નાગપુરથી સાંજે ૪:૧૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૧૧:૪૫ વાગ્યે પુણે પહોંચશે.

**પુણે-અમરાવતી-પુણે સાપ્તાહિક વિશેષ (છ સેવાઓ)**

૦૧૪૦૩ આ સાપ્તાહિક વિશેષ ટ્રેન ૨૦ ડિસેમ્બરથી ૩ જાન્યુઆરી સુધી દર શનિવારે પુણેથી સાંજે ૦૭:૫૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૯:૨૫ વાગ્યે અમરાવતી પહોંચશે. આ ટ્રેનની કુલ ત્રણ ટ્રીપ હશે.

૦૧૪૦૪ આ સાપ્તાહિક ખાસ ટ્રેન ૨૧ ડિસેમ્બરથી ૪ જાન્યુઆરી સુધી દર રવિવારે અમરાવતી થી બપોરે ૧૨:૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૦:૧૫ વાગ્યે પુણે પહોંચશે. આ ટ્રેનની કુલ ત્રણ ટ્રીપ હશે. સ્પેશિયલ ટ્રેન નંબર ૦૧૪૦૩ અને ૦૧૪૦૪ માટે રિઝર્વેશન ૧૦ ડિસેમ્બરથી શરૂ થશે. સ્પેશિયલ ટ્રેન નંબર ૦૧૦૦૫, ૦૧૦૦૬, ૦૧૪૦૧, ૦૧૪૦૨ માટે રિઝર્વેશન બધા કોમ્પ્યુટરાઈઝ્ડ રિઝર્વેશન સેન્ટરો અને વેબસાઇટ http://www.irctc.co.in પર પણ ચાલુ છે.

## જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન**

ધ્રાંગધ્રા (થળા) નીવાસી હાલ અંધેરી રાજુલાબેન અશોકભાઈ શાહ (ઉંમર વર્ષ ૭૪) તા. ૧૪/૧૨/૨૦૨૫નાં અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. અશોકભાઇ ઠાકરશીભાઈ શાહ નાં ધર્મપત્ની તે ધરા અને નીરવનાં માતુશ્રી, તે ઠાકરશીભાઈ ન્યાલચંદના પુત્રવધૂ, તે શાંતીલાલ ગીરધરલાલ દેસાઈ નાં સુપુત્રી, પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. નિવાસ સ્થાન : ૧૦૦૩, શીલ્પા બીલ્ડીંગ, આઝાદ રોડ, અંધેરી પૂર્વ, મુંબઈ - ૪૦૦ ૦૬૯.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોડાયના દિનેશચંદ્ર જયંતીલાલ ગડા (ઉં.વ. ૭૯) તા. ૧૩-૧૨-૨૫ના અવસાન પામેલ છે. ઝવેરબેન જયંતીલાલ શાહ (છગનભાઇ) કેશવજીના પુત્ર. સ્વ. પ્રભાવંતીના પતિ. ચંદ્રેશ, પ્રીતી, ભાવેશના પિતા. નરેન્દ્ર, સુરેન્દ્ર, શૈલેષ, હેમંત, મો. ખાખર જયવંતી કલ્યાણજીના ભાઇ. બારોઇ હીરબાઇ લખમશી લાલજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ચંદ્રેશ ગડા, સી-૧૦૯, દેવ દેવેશ્વર, તેલી ગલ્લી, અંધેરી (ઇ.)

ખારૂઆના ભાણબાઈ ડુંગરશી ગાલા (ઉં.વ.૯૫) તા.૧૨-૧૨-૨૫ના અવસાન પામેલ છે. સુંદરબેન લીલાધરના પુત્રવધૂ. સ્વ.ડુંગરશી લીલાધરના પત્ની. લક્ષ્મીચંદ, સ્વ. વલ્લભજી, ચંદ્રકાંતના માતુશ્રી. નારાણપરના ભચીબાઈ વાલજીના પુત્રી. ખીમજી, આણંદજી, જવેરબેન પ્રેમજી, સાભરાઈના માલબાઈ વીરજી, કોટડાના સુશીલાબેન શામજીના બેન. પ્રા. ભાનુશાલી વાડી, નાંદીવલી રોડ, ડોંબિવલી (ઈ). ટા.૩ થી ૪:૩૦.

**મારવાડના વીસા પોરવાલ જૈન**

ગામ પાડીવ (રાજસ્થાન) હાલ ગોરેગાંવ મુંબઇ નિવાસી સંઘવી રતનચંદજી ભીકાજીના પુત્ર. તે ચેતનાબેનના પતિ. તે કિરીટ, પ્રશાંત, પારુલ, જયોત્સનાના પિતાજી. તે સ્વ. ઉત્તમચંદજી, સ્વ. મૂળચંદજી, અમૃતલાલ, વિમલા, ફેન્સી, સ્વ. મૈના, મંજુ, સવિતા, ચંદન, સ્વ. કલાના ભાઇ તથા શા. નથમલજી કેશરીમલજી દેલંદરવાલાના જમાઇ સંઘવી હીરાચંદજી રતનચંદજી (ઉં. વ. ૭૬) નું અવસાન ગુરુવાર તા. ૧૧-૧૨-૨૫ના રોજ ગોરેગાંવ મુકામે થયું છે. પ્રાર્થનાસભા બન્ને પક્ષની સોમવાર, તા. ૧૫-૧૨-૨૫ના સવારના ૧૦થી ૧૨. ઠે. જવાહરનગર સોસાયટી હોલ, રોડ નં.૪, એસ. વી. રોડ, ગોરેગાંવ (વેસ્ટ).

## હિન્દુ મરણ

**કપોળ**

શિહોરવાળા હાલ બોરીવલી સ્વ જુગલકિશોર ગંગાદાસ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ દેવયાનીબેન મહેતા ઉંમર વર્ષ ૮૮ તે સ્વ હરેશ, સ્વ ગીતા, મહેન્દ્ર, પંકજ, નિમિશના માતૃશ્રી. નયના, જિજ્ઞા, રિટાના સાસુ, હર્ષ, હેતલ તથા હાર્દિકના દાદી પિયર પક્ષે ભાવનગરવાળા સ્વ ત્રિભોવનદાસ ભીમજી કરવતના દીકરી તે તારીખ ૧૩-૧૨-૨૫ ના રોજ શ્રીજી શરણ પામેલ છે તેમની પ્રાર્થના સભા તથા સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

સિહોર વાળા હાલ ભાયંદર પ્રફુલભાઈ મનસુખલાલ સંઘવીના ધર્મપત્ની ઉષાબેન સંઘવી ઉંમર વર્ષ ૬૩ તે તારીખ ૧૩/૧૨/૨૦૨૫ ના રોજ શ્રીજી શરણ પામેલ છે તેઓ પાયલ નિરવ પારેખ તથા રેણુ જીગ્નેશ સંઘવીના માતૃશ્રી ગં.સ્વ નલિનીબેન ઈજ્જતભાઈ સંઘવીના દેરાણી પિયરપક્ષે છવીવાળા રમાબેન હિંમતલાલ મહેતાની દીકરી, વિનોદ ભરત તથા વર્ષાના બેન સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

ભાવનગરવાળા હાલ મુંબઇ સ્વ. નાનાલાલ કેશવલાલ કોઠારીના સુપુત્ર વિજયભાઇ (ઉં. વ. ૭૪) તા. ૧૩-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મમતાબેનના પતિ. મીતા મિલિંદ દેસાઇ, કૃપા અનુજ શાહના પિતા. સ્વ. ધીરજલાલ કોઠારી, સ્વ. સુશીલાબેન વસંતરાય સંઘવી, જયોત્સનાબેન અનંતરાય દોશી, સ્વ. ઉષાબેન ભરતભાઇ મહેતાના ભાઇ. સાવરકુંડલાવાળા તુલસીદાસ ભાઇદાસભાઇ પારેખના જમાઇ. મધુસુદનભાઇ તથા મુકેશભાઇના બનેવી. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૬-૧૨-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. ઇન્ડિયન મેડિકલ એસોસિયેશન હોલ, (આઇ.એમ.એ. હોલ) જે. વી. પી. ડી. સ્કીમ જુહુ, ચંદન સિનેમાની પાછળ. મુંબઇ-૪૦૦૦૪૯.

**હાલાઇ ભાટીયા**

ગં. સ્વ. જયાબેન રણજિતસિંહ નેગાંધી (ખટાબાલજીવાળા) (ઉં.વ. ૯૫) તે સ્વ. હીરાબાઇ દયાલદાસ નેગાંધીના પુત્રવધૂ. તે ઉર્મિબેન નીતિન સંપટ, અ. સૌ. જયશ્રીબેન બંકિમ કાપડિયા તથા ચી. નીતિબેનના માતુશ્રી. તે સ્વ. નિર્મળાબાઇ નરોત્તમદાસ આશરના સુપુત્રી. તે સ્વ. ચંપાબેન, સ્વ. નલીનીબેન, સ્વ. મહેન્દ્રભાઇના મોટાબેન. તે અ. સૌ. ભવામ્બી-હનીષ, ચી અપૂર્વ-દિક્ષીતા, ચી. કનવ-દેવાંશીના નાની-નાનીજી. શનિવાર તા. ૧૩-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

મગનલાલ ગિરધરલાલ સોઢા (ઉં. વ. ૯૩) મૂળ ગામ અમરેલી હાલ વિલેપાર્લે તે સ્વ. ગિરધરલાલ નાગજી સોઢાના સુપુત્ર. સ્વ. કાંતાબેનના પતિ. તે સ્વ. મોહનલાલ કાનાબારના જમાઇ. તે ભારતીબેન, દક્ષાબેન, સાધનાબેન, સ્મિતાબેન, પ્રતિમાબેન તથા અતુલભાઇના પિતાશ્રી. વર્ષાના સસરા. નિશિથના દાદા. તે શનિવાર તા. ૧૩-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૫-૧૨-૨૫ન સોમવારના સાંજે ૫થી ૭. ઠે. ચતવાણી બાગ, પહેલે માળે, ગોખલે રોડ, વિલેપાર્લે પૂર્વ મધ્યે રાખેલ છે, લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મહુવા નિવાસી હાલ ઘાટકોપર તે મેહુલભાઇ પ્રકાશભાઇ મહેતાના ધર્મપત્ની સ્વ. અલકાબેન (ઉં. વ. ૫૦) તે ઉષાબેન પ્રકાશભાઇ મહેતાના પુત્રવધૂ. તે ખુશના માતુશ્રી. નિરવભાઇના ભાભી. વૈશાલીના જેઠાણી. ધ્યાનાના મોટા મમ્મી. ભારતીબેન દલસુખભાઇ દેસાઇના પુત્રી. તા. ૧૪-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૧૨-૨૫ મંગળવારના સાંજે ૪.૩૦થી ૬. ઠે. પરમકેશવ બાગ, ઘાટકોપર વેસ્ટ ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

ધન જાલ મહેતા તે જાલ સોરાબજી મહેતાના ધણીયાની. તે મરહુમો પીરોજા તથા માનેકશાહ પાઘડીવાળાના દીકરી. તે મરહુમો મીનુ માનેકશાહ પાઘડીવાલા, જર દારા મુનશીના બહેન. તે શાવક ભરડાના આન્ટી. તે ફરઝાના ભરડાના આન્ટી. તે ફીયા ભરડાના ગ્રેન્ડ આન્ટી. તે મરહુમો નાજામાય તથા સોરાબજી મહેતાના વહુ. (ઉં. વ. ૯૪) રે. ઠે. ૬૫૫, 'આદર', ૨જે માળે, ફીરદોશી રોડ, પારસી કોલોની, દાદર, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૫-૧૨-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે અંધેરી મધે અંધેરી પટેલ અગિયારીમાં.

પરવીન એન. ધનભુરા તે મરહુમો રોશન તથા નોશીર ધનભુરાના દીકરી. તે નીલુફર રાનાના બહેન. તે કીતયાવીંદ ને દવીઝના મમયજી. તે કવીતા ને આયશાના માસી. તે ઝીયસ ને મેહેરઝાદના ફઇ. (ઉં. વ. ૭૨) રે. ઠે. ૭૦૨, મોડલ રેસિડેન્સી, બાબુરાવ જગતાપ માર્ગ, જેકબ સર્કલ, ભાયખલા પશ્ચિમ, મુંબઇ-૪૦૦૦૧૧.

આદિલ બહેરામ ખંબાતા તે મરહુમો ધન તથા બહેરામના દીકરા. તે અનોશ એ. ખંબાતાના પપ્પા. તે મરહુમ પરવીન કે. એલાવ્યા ના ભાઇ. તે કૈનાઝના મામા. તે અરઝાન આદિલ દારૂવાલાના ફેમિલી ફ્રેન્ડ. (ઉં. વ. ૭૩). રે. ઠે. ૭૮૪, બી, એન. એમ. જોશી માર્ગ, દાદર, મુંબઇ-૪૦૦૦૧૪.

બરજોર જમશેદજી દૂધમલ તે મરહુમ નરગીશ બી. દૂધમલના ધણી. તે મરહુમો શીરીનબાઇ તથા જમશેદજી દૂધમલના દીકરા. તે સરોશ સાયરસ ને અનીતા સી. લામના પપ્પા. તે નીલુફર સાયરસ દૂધમલ, શેરી સરોશ દૂધમલ ને સાયરસ એફ. લામના સસરા. તે મરહુમ જરૂ જે. દૂધમલના ભાઇ. તે મરહુમો કુમી પી. એલાવ્યા તથા ફીરોઝ ડી. એલાવ્યાના જમાઇ. (ઉં. વ. ૯૨) રે. ઠે. એ-૧૯, ખુશરૂ બાગ, શહીદ ભગતસિંહ રોડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૧.

છેલ્લા પાનાનું ચાલુ

## રાજ્યમાં કડકડતી

પણ હવામાન વિભાગે આપી છે. આ દરમ્યાન સમગ્ર રાજ્યમાં સૌથી નીચું તાપમાન અહમદનગરમાં ૮.૪ ડિગ્રી નોંધાયું હતું.

મુંબઈમાં ગયા અઠવાડિયામાં શુક્રવારે લઘુતમ ૧૪.૯ ડિગ્રી તાપમાન સાથે મોસમનો અત્યાર સુધીનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. તો રાજ્યમાં પણ મોટાભાગના જિલ્લામાં સાતથી ૧૨ ડિગ્રીની આસપાસ પારો નોંધાઈ રહ્યો છે. હવામાન વિભાગે રાજ્યના સાત જિલ્લામાં કોલ્ડ વેવની અસર હેઠળ ઠંડીનું પ્રમાણ વધવાની ચેતવણી આપી છે.

મુંબઈમાં શુક્રવારનો દિવસ ૧૪.૯ ડિગ્રી નોંધાયા બાદ બે દિવસમાં જ એટલે કે રવિવારે તેમાં ત્રણ ડિગ્રી જેટલા વધારા સાથે સાંતાક્રુઝમાં લઘુતમ તાપમાન ૧૭.૨૫ ડિગ્રી નોંધાયું હતું. તો કોલાબામાં ૨૦.૦૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મુંબઈમાં લઘુતમ તાપમાનમાં હળવો વધારો નોંધાઈ રહ્યો છે. જોકે હવામાન વિભાગના કહેવા મુજબ ડિસેમ્બર અંત સુધીમાં મુંબઈમાં વાતાવરણ ઠંડું રહેશે.

રાજ્યના મોટાભાગના જિલ્લામાં ઉત્તર તરફથી ફૂંકાઈ રહેલા ઠંડા પવનોને કારણે ઠંડીનું પ્રમાણ વધી ગયું છે. મધ્ય મહારાષ્ટ્રના મોટાભાગના જિલ્લામાં આકરી ઠંડી પડવાને કારણે ગયા અઠવાડિયે જળગાંવમાં બેનાં મોત થયાં હતાં. ગયા અઠવાડિયમાં જળગાંવમાં સતત સાત ડિગ્રી જેટલું નીચું તાપમાન નોંધાયું હતું. જોકે રવિવારે સમગ્ર રાજ્યમાં સૌથી નીચું તાપમાન મધ્ય મહારાષ્ટ્રના અહમદનગર અને માલેગાંવમાં ૮.૪ નોંધાયું હતું. પુણેમાં ૯.૪, નાશિકમાં ૯.૯ ડિગ્રી, હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં ૧૨.૩ ડિગ્રી, સતારામાં ૧૧.૦ ડિગ્રી નોંધાયું હતું. તો વિદર્ભમાં ગોંદિયામાં ૮.૮ ડિગ્રી, નાગપુરમાં ૯.૪ ડિગ્રી સહિત અહીંના મોટાભાગના જિલ્લામાં ૧૦થી ૧૧ ડિગ્રીની આસપાસ તાપમાન નોંધાયું હતું.

## ફડણવીસ, શિંદેએ

''સાચા દેશભક્ત'' તરીકે ગણાવ્યા અને કહ્યું કે આ ''દેશભક્તિની શતાબ્દી''નું વર્ષ છે.

મહારાષ્ટ્ર વિધાનસભાનું શિયાળુ સત્ર હાલમાં નાગપુરમાં ચાલી રહ્યું છે. દર વર્ષે રાજ્ય વિધાનસભાના શિયાળુ સત્ર દરમિયાન, ભાજપના પ્રધાનો અને ધારાસભ્યો રેશીમબાગ સ્થિત સ્મૃતિ મંદિરમાં હેડગેવાર અને બીજા સંઘચાલક એમએસ ગોલવલકરના સ્મારકની મુલાકાત લે છે. રવિવારે સવારે, ફડણવીસ, શિંદે, રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકર, કાઉન્સિલના અધ્યક્ષ રામ શિંદે અને ભાજપ અને શિવસેનાના અન્ય ઘણા ધારાસભ્યોએ હેડગેવાર અને ગોલવલકરના સ્મારક પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. બાદમાં, શિંદેએ કહ્યું કે અહીં આવ્યા પછી આપણે એક અલગ અનુભૂતિ અનુભવીએ છીએ અને દેશભક્તિ અને રાષ્ટ્રની સેવા માટે શક્તિ અને પ્રેરણા મેળવીએ છીએ. આ દેશભક્તિની શતાબ્દી છે. આરએસએસ વડા મોહન ભાગવત એક સાચા દેશભક્ત છે અને એક મહાન વ્યક્તિત્વ છે, જે હંમેશાં સંઘચાલક તરીકે દેશનું માર્ગદર્શન કરે છે, અને આપણે, સામાન્ય કાર્યકર્તા તરીકે, હંમેશાં સમાજની સેવા કરવા માટે તેમની પાસેથી પ્રેરણા લઈએ છીએ, તેમણે ઉમેર્યું.

શિંદેએ વધુમાં કહ્યું કે, નાગપુર ફક્ત રાજ્યની બીજી રાજધાની જ નથી, પરંતુ આરએસએસનું જન્મસ્થળ છે. તેથી, અહીં આવનાર દરેક વ્યક્તિ, જાતિ, ધર્મ અને પ્રદેશને ધ્યાનમાં લીધા વિના, દેશભક્તિ અને રાષ્ટ્રની સેવાનો ઉપદેશ શીખે છે, તેમણે કહ્યું.

## અમે વિકાસ પર

પ્રગતિશીલ વિચારો પર આધારિત છે, એમ કહેતાં એનસીપીના પ્રવક્તા આનંદ પરાંજપેએ નોંધ્યું હતું કે પવારે હેડગેવારના સ્મારકની મુલાકાત ન લીધી હોય તેવું પહેલી વાર નથી. ગયા વર્ષે, અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીના પ્રતિનિધિ ધારાસભ્ય રાજુ કરેમોર અને રાજકુમાર બડોલે જ સ્મૃતિમંદિર સ્મારકની મુલાકાતે ગયા હતા. એનસીપીના પ્રવક્તા પરાંજપેએ કહ્યું હતું કે, ''અમે અમારા સિદ્ધાંતોને વળગી રહીએ છીએ અને અમારું ધ્યાન રાજ્યના વિકાસ પર છે,'' તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

વિપક્ષ કૉંગ્રેસના પ્રવક્તા સચિન સાવંતે દાવો કર્યો હતો કે એનસીપી કેબિનેટ બેઠકોમાં આરએસએસની 'વિચારધારા' સાંભળી રહી છે અને જ્યાં સુધી પવારનો પક્ષ તેની સાથે સંમત ન થાય ત્યાં સુધી તેઓ સત્તામાં રહેશે નહીં.

હેડગેવારના સ્મારકની મુલાકાત લેનારા શિંદે અને શિવસેનાના ધારાસભ્યોનો ઉલ્લેખ કરતા સાવંતે આરોપ લગાવ્યો હતો કે તેમનું ધ્યાન 'પૈસાના વિતરણ દ્વારા સત્તા કેવી રીતે મેળવવી અને બંધારણીય લોકશાહીનો નાશ કેવી રીતે કરવો' તેના પર છે.

## પછી હું પોતાનું

પર આકરા પ્રહારો કર્યા હતા.

એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરેની આડકતરી ટીકા કરતા કહ્યું કે, 'કેટલાક લોકો આવ્યા અને ફરીને જતા રહ્યા, ૨ કલાક પણ હોલમાં બેઠા નહીં.' ખેડૂતોની લોન માફી પર સરકારના વલણને સમજાવતી વખતે એકનાથ શિંદે શેરોશાયરી કરતાં જોવા મળ્યા હતા. 'એકવાર મેં કમિટમેન્ટ કરી દીધી, પછી હું મારી વાત પણ સાંભળતો નથી,' એકનાથ શિંદેએ કહ્યું હતું.

વિરોધ પક્ષે આખા સત્ર દરમિયાન વિપક્ષના નેતાના પદ સિવાય બીજી કોઈ ચર્ચા ન કરી, એ દુર્ભાગ્યપૂર્ણ છે. પણ વિરોધ પક્ષ પાસે સંખ્યાબળ નથી એ આપણી ભૂલ નથી. એ જનતાએ પોતાનો મત આપ્યો છે, અને તે આદેશ તેમણે સ્વીકારવો જોઈએ, પરંતુ કેટલાક લોકો બહાર બોલે છે, અહીં સભાગૃહમાં આવીને બોલતા નથી. અમે પણ આરોપો લગાવી શકીએ છીએ. જોકે, અમે નીચલા સ્તરે જઈને બોલતા નથી. હવે કેટલાક લોકો ફક્ત ફરવા માટે આવ્યા અને ગયા. તેઓ આવ્યા, પ્રવાસ કર્યો અને ગયા. કોઈએ આને વ્યક્તિગત રીતે ન લેવું જોઈએ, હું કોઈની વ્યક્તિગત રીતે વાત નથી કરી રહ્યો. કેટલાક સભ્યો એવા છે જે ગૃહમાં એક પણ પ્રશ્ન પૂછતા નથી,'' એકનાથ શિંદેએ તેમનું નામ લીધા વિના ઉદ્ધવ ઠાકરેની ટીકા કરી હતી.''

કેટલાક લોકોએ કર્જ માફીનો વિષય કાઢ્યો હતો, અમે ખેડૂતોને દેવું માફ કરવાનો શબ્દ આપ્યો છે. અમે મહાયુતી ના ઘોષણાપત્રમાં દેવું માફીનો શબ્દ આપ્યો છે. તેથી, બધું બરાબર થઈ જશે. હવે વિપક્ષે કહ્યું હતું કે લાડકી બહેન યોજના સફળ થશે નહીં. પરંતુ આ યોજના સફળ થઈ. જોકે, અહીંના કેટલાક લોકો તો તે યોજના વિરુદ્ધ કોર્ટમાં ગયા હતા. પરંતુ કોર્ટે તે લોકોને યોગ્ય જવાબ આપ્યો. અમે જે બોલીએ છીએ તે કરીએ છીએ. કમિટમેન્ટ એટલે કમિટમેન્ટ. ''હું એક તો કમિટમેન્ટ કરતો નથી, પણ એકવાર મેં કમિટમેન્ટ કરી લીધી, પછી હું મારી પોતાની પણ સાંભળતો નથી.'' તેથી અમે દેવું માફ કરીશું, ચિંતા કરવાની કોઈ જરૂર નથી,'' શિંદેએ કહ્યું હતું.

## શિયાળુ સત્ર

તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે ૭૫,૦૦૦ કરોડની પૂરક માગણીઓ મંજૂર કરવા માટે સત્ર ચલાવવામાં આવ્યું હતું.

વિવિધ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓનો પ્રથમ તબક્કો ૨ ડિસેમ્બરે યોજાયો હતો. સૌથી શ્રીમંત બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત વિવિધ નાગરિક સંસ્થાઓની ચૂંટણીનું સમયપત્રક હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ, રાજ્યમાં શહેરી અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાની છે.

તેમણે આરોપ લગાવ્યો હતો કે,રાજ્યમાં ભ્રષ્ટાચાર વધ્યો છે, અને ઉમેર્યું કે વિપક્ષે તેનાં ઉદાહરણો પણ આપ્યાં છે.

એનસીપી (એસપી) ના નેતા જયંત પાટીલે જણાવ્યું હતું કે ૨૦૨૨ થી મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ નિગમ (એમઆઈડીસી) દ્વારા ૨૦.૬૨ લાખ કરોડ રૂપિયાના રોકાણ સાથે ૧૯૦ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, પરંતુ સરકારે તેના પર કોઈ નક્કર જવાબ આપ્યો નથી.

પાટીલે વધુમાં દાવો કર્યો હતો કે રાજ્યમાં ડ્રગ્સનો ખતરો વધી રહ્યો છે. તેમણે શિયાળુ સત્રનો સમયગાળો ખૂબ ટૂંકો હોવાનો પણ અફસોસ વ્યક્ત કર્યો હતો. (પીટીઆઈ)

## મરાઠી માણસ

સાથે જોડાયેલા એક કેસમાં મોટી જાણકારી જાહેર થવા જઈ રહી છે. તેમણે સંકેત આપ્યો કે આ માહિતીને કારણે કેટલાક મોટા નેતાઓના નામ સામે આવવાની સંભાવના છે અને તેની પરોક્ષ અસર ભારતીય રાજકારણ પર પણ પડી શકે છે.

પૃથ્વીરાજ ચવ્હાણે પોતાના ભાષણમાં સ્પષ્ટતા કરી હતી કે ૧૯ ડિસેમ્બરે શું થશે તે ચોક્કસ કહેવું મુશ્કેલ છે. હાલમાં ઘણી ચર્ચાઓ ચાલી રહી છે. કેટલાક લોકોએ ચોક્કસ પગલાં લીધા છે અને કેટલાક લોકોના નામ વડા પ્રધાન પદ માટે ચર્ચામાં છે. તેથી આશા છે કે કંઈક સકારાત્મક બનશે. જો આવું થશે, તો એક મરાઠી માણસ ભારતનો વડા પ્રધાન બનશે, એમ ચવ્હાણે કહ્યું.

ચવ્હાણે વધુમાં કહ્યું કે જો કોઈ મરાઠી વ્યક્તિ વડા પ્રધાન બનવા માંગે, તો વર્તમાન વડા પ્રધાને બાજુ પર રહેવું પડશે. પરિવર્તનની શક્યતા છે, પરંતુ જો આ પરિવર્તન થાય તો પણ કૉંગ્રેસમાંથી વડા પ્રધાન નહીં બને, કારણ કે કૉંગ્રેસ પાસે હાલમાં બહુમતી નથી, એમ પણ તેમણે સ્પષ્ટ કર્યું હતું.

## તિજોરી ભરપૂર

મહારાષ્ટ્ર આજે પણ મજબૂત અર્થતંત્રના તમામ આર્થિક સૂચકાંકો પર લાયક છે.''

ફડણવીસે વિશ્વાસ વ્યક્ત કર્યો કે મહારાષ્ટ્ર ૨૦૨૯ અને ૨૦૩૦ ની વચ્ચે ભારતનું પ્રથમ એક ટ્રિલિયન ડોલરનું રાજ્ય અર્થતંત્ર બનશે, આનું કારણ લાંબા ગાળાના આયોજન અને નાણાકીય શિસ્ત છે. તેમણે ધ્યાન દોર્યું કે સરકારે ૨૦૪૭ સુધીમાં વિકસિત મહારાષ્ટ્ર માટે રોડમેપ દર્શાવતો એક વિઝન દસ્તાવેજ તૈયાર કર્યો છે, જેમાં ૨૦૩૦, ૨૦૩૫ અને ૨૦૪૭ માટે સીમાચિહ્નો નક્કી કરવામાં આવ્યા છે.

સત્તાવાર અંદાજોને રાજકોષીય આંકડાઓ ગણાવતા, ફડણવીસે કહ્યું કે રાજ્યોને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા અને એફઆરબીએમ (રાજકીય જવાબદારી અને બજેટ વ્યવસ્થાપન અધિનિયમ) માળખા દ્વારા તેમના કુલ રાજ્ય સ્થાનિક ઉત્પાદનના ૨૫ ટકા સુધી ઉધાર લેવાની મંજૂરી છે. જ્યારે, ૨૦૨૫-૨૬ના બજેટ અંદાજો અને અત્યાર સુધી લેવામાં આવેલી લોનના આધારે, મહારાષ્ટ્રનું ઉધાર જીએસડીપીના ૧૮.૮૭ ટકા છે, જે માન્ય મર્યાદાથી ઘણું નીચે છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને ઓડિશા, હાલમાં ફક્ત ત્રણ રાજ્યો પર દેવાનું સ્તર ૨૦ ટકાથી નીચે છે, એમ તેમણે વિધાનસભામાં જણાવ્યું હતું.

ફડણવીસે વધુમાં જણાવ્યું હતું કે રાજકોષીય ખાધ ૩ ટકાની અંદર રાખવી જોઈએ, અને 'મુખ્યમંત્રી માજી લાડકી બહિન યોજના' અને ખેડૂતોને ચુકવણી જેવી કલ્યાણકારી યોજનાઓ પર ખર્ચ છતાં મહારાષ્ટ્રે આ હાંસલ કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે ચાલુ વર્ષ માટે રાજ્યની રાજકોષીય ખાધ ૨.૭૬ ટકા સુધી મર્યાદિત રાખવામાં આવી છે, જ્યારે વ્યાજ ચુકવણી મહેસૂલ પ્રાપ્તિના ૧૧.૫૩ ટકા છે, જે ગયા વર્ષના ૧૧.૩૫ ટકા કરતા થોડી વધારે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે મહારાષ્ટ્રે કેન્દ્ર દ્વારા નિર્ધારિત માપદંડો કરતાં વધુ મૂડી ખર્ચ કર્યો છે.

મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવા અંગે વારંવાર ઊડતી વાતો બાબત ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું કે રાજ્યની તાકાત કે અખંડિતતા પર કોઈ શંકા હોવી જોઈએ નહીં. આ મુદ્દાને ચૂંટણી માટે ચગાવાતો ગણાવીને તેમણે કહ્યું કે મુંબઈ મહારાષ્ટ્રનો ભાગ હતો, છે અને હંમેશા રહેશે. કૃષિ પર બોલતા, ફડણવીસે કહ્યું કે ૧૫,૦૦૭ કરોડ રૂપિયા સીધા ખેડૂતોના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે, જેમાં ૯૨ લાખ ખેડૂતોને પાક વળતર ચૂકવવામાં આવ્યું છે.તેમણે ગૃહને માહિતી આપી કે અતિશય વરસાદને કારણે નુકસાન પામેલા ૨૭,૦૦૦ સિંચાઈ કુવાઓના સમારકામ માટે ૮૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. રાહત પેકેજની વિગતો આપતા, ફડણવીસે કહ્યું કે તેમની સરકારે ૩૨,૦૦૦ કરોડ રૂપિયાના પેકેજની જાહેરાત કરી છે, જેમાં માળખાગત સુવિધાઓ માટે ૧૦,૦૦૦ કરોડ રૂપિયા, મનરેગા દ્વારા ૨,૦૦૦ કરોડ રૂપિયા અને બાકીની સીધી સહાયનો સમાવેશ થાય છે.

મુખ્ય પ્રધાને વિધાનસભાને માહિતી આપી હતી કે નિર્ધારિત મર્યાદા હેઠળ ચુકવણી કર્યા પછી પણ રવી સિઝન માટે પ્રતિ હેક્ટર રૂ. ૧૦,૦૦૦ ની વધારાની સહાય આપવામાં આવી હતી, અને પશુધનના નુકસાન માટે વળતર સંપૂર્ણપણે વિતરિત કરવામાં આવ્યું છે.ફડણવીસે જણાવ્યું હતું કે કોટન કોર્પોરેશન ઓફ ઇન્ડિયા દ્વારા ઉત્પાદકતા આધારિત ખરીદી અંગે ચિંતાઓ ઊભી થયા બાદ રાજ્યએ હસ્તક્ષેપ કર્યો હતો, અને સરકારે બેન્ચમાર્ક ૧,૨૭૭ કિલો પ્રતિ હેક્ટરથી સુધારીને ૨,૩૬૮ કિલો પ્રતિ હેક્ટર કર્યો છે, જેથી ખાતરી થાય કે કોઈ પણ ખેડૂતનો કપાસ નકારવામાં ન આવે. કૃષિ લોન માફી બાબત ફડણવીસે કહ્યું કે, કર્જ માફીનો લાભ ખેડૂતોને મળવો જોઈએ, બૅન્કોને નહીં. એક સમિતિ તબક્કાવાર ઉકેલોની તપાસ કરી રહી છે. સરકાર ૧ જુલાઈ સુધીમાં લોન માફી યોજના માટેનું માળખું જાહેર કરશે. (પીટીઆઈ)

## ભિવંડીમાં આગના

ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું.

આગનો બીજો બનાવ ભિવંડીમાં ગાયત્રી રોડ પર આવેલા ફાતિમા નગરમાં બન્યો હતો. અહીં આવેલા એક પ્લાસ્ટિકના ગોડાઉનના ગાળામાં રવિવારે બપોરના ૨.૩૦ વાગ્યાની આસપાસ ભીષણ આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ગોડાઉનમાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિકનો સામાન હોવાથી આગ પર નિયંત્રણ મેળવવામાં ખાસ્સો સમય ગયો હતો. મોડેથી આગને બુઝાવવામાં સફળતા મળી હતી પણ મોડે સુધી કુલિંગ ઓપરેશન ચાલ્યું હતું. સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મતેજ

## સૃષ્ટિની અપૂર્ણતા

મનન
હેમંત વાળા
feedback@bombaysamachar.com



કહેવાય છે કે માનવ નિર્મિત કોઈપણ પરિસ્થિતિ પૂર્ણ નથી. દરેક યંત્ર એક ચોક્કસ નિર્ધારણ પ્રમાણે પરિણામ આપે. દરેક સિદ્ધાંત કોઈ ચોક્કસ પરિસ્થિતિને જ પૂરો ન્યાય આપી શકે. કોઈપણ કાર્ય સંપૂર્ણતામાં ક્યારેય બધાંની અપેક્ષાઓ પૂરી ન કરી શકે. કોઈપણ વ્યવસ્થા બધાંને અનુકૂળ રહે તે શક્ય નથી. કોઈપણ પરિસ્થિતિ દરેક સંજોગોમાં સકારાત્મકતા જ સ્થાપિત કરે તે સંભવિત નથી. કોઈપણ કલાકૃતિ દરેકને સંદેશો પહોંચાડવા સમર્થ નથી હોતી. કોઈપણ માધ્યમ દરેક પ્રકારના સંજોગોને અનુરૂપ હોય તે શક્ય નથી. કોઈપણ વ્યક્તિ કે તેની વિચારધારા બધાને માન્ય હોય એ લગભગ અશક્ય છે. આ રીતે સાંસારીક તેમજ દુન્યવી પરિસ્થિતિને લક્ષમાં રાખીને વિચારવામાં આવે તો એમ કહી શકાય કે કશું જ પૂર્ણ નથી - કશું જ સંપૂર્ણતામાં યથાર્થ નથી. દરેક પરિસ્થિતિ ચોક્કસ સંદર્ભમાં કારગત નીવડે.

જે જે પરિસ્થિતિનું, ઘટનાનું, પદાર્થનું, સિદ્ધાંતનું, નિયમોનું, તકનીકનું, વ્યવસ્થાનું, સાધનનું, ઉપકરણનું સર્જન માનવીએ કર્યું છે તેમાં પૂર્ણતા સ્થાપિત થવાની સંભાવના ન જ હોય. કશુંક બદલાતાં બધું જ બદલાઈ જવાની સંભાવના રહે. આજે જે યોગ્ય છે તે કાલે અયોગ્ય જણાય. આજે જે સ્વીકૃત છે તે કાલે અસ્વીકૃત બની શકે. આજે જે માટે લગાવ છે તે કાલે તિરસ્કૃત બની શકે. આજે જે ઉપયોગી જણાય છે તે કાલે વ્યર્થ બની રહે. આજે જે આનંદ આપે છે તે કાલે પીડાદાયક લાગે. આજે જેનું અનુસરણ કરવા મન પ્રેરાય તે બાબત કાલે નિંદનીય બની શકે. અને આમ થતું પણ હોય છે. કોઈપણ બાબત કાયમી જેની તે સ્થિતિમાં, જેમની તેમ સ્વીકૃત ન રહી શકે. બધું જ બદલાય છે. સ્વીકૃતિનાં ધારાધોરણ પણ બદલાય. માનવીનાં કોઈપણ સર્જનની આ મર્યાદા છે. માનવી હેતુલક્ષી છે, તેથી તેનું દરેક કાર્ય પણ હેતુલક્ષી હોય તે સ્વાભાવિક છે. જ્યારે હેતુ, લક્ષ્ય, સાધન, પરિસ્થિતિ, માનસિકતા, સંદર્ભ, માહિતી, પ્રતિબદ્ધતા, ઉત્તરદાયિત્વનો પ્રકાર, પરિપક્વતાની માત્રા, કાલખંડ તથા સંલગ્ન વ્યક્તિઓનો દ્રષ્ટિકોણ બદલાય ત્યારે ઘટનામાં અને સમાજમાં અને સ્વીકૃતિમાં અને અંતિમ પરિણામમાં બદલાવ આવે તે સ્વાભાવિક છે. માનવસર્જિત કોઈપણ બાબત અંતિમ સત્ય સમાન, અંતિમ પરિણામ સમાન કે અંતિમ વ્યાખ્યા સમાન ન હોઈ શકે. બદલાવ સ્વાભાવિક પણ છે અને જરૂરી પણ છે. જે વસ્તુ સમય, સ્થાન અને હેતુના સંદર્ભમાં બદલાતી હોય તે સંપૂર્ણતામાં પૂર્ણ ન હોઈ શકે. અપૂર્ણતા માનવીના સર્જનની વાસ્તવિકતા છે.

એમ કહી શકાય કે માનવી સ્વયં અપૂર્ણ છે તેથી તેનું સર્જન અપૂર્ણ રહેવાની શક્યતા હોય. બ્રહ્મ પૂર્ણ છે અને તેથી તેના વ્યવહારમાં અને વ્યવહારથી પૂર્ણતા ઉદભવી શકે. બ્રહ્મની પૂર્ણતા એ પ્રકારની છે કે તેમાંથી પૂર્ણની બાદબાકી થાય તો પણ પૂર્ણ બાકી રહે અને તેમાં પૂર્ણ ઉમેરવામાં આવે તો પણ તે પૂર્ણ જ રહે. આ કંઈક અનંત જેવું છે. અનંતની વ્યાખ્યા જ એ પ્રકારની છે કે તેમાંથી કશું પણ નીકાળી લેવામાં આવે તો પણ તેની અનંતતાને ક્ષતિ ન પહોંચે. અનંતમાં અનંત ઉમેરવાથી તેની અનંતતા તો જળવાઈ જ રહે. પ્રશ્ન અનંત અને પૂર્ણ છે. જો આ બંનેનો સ્વભાવ સમાન હોય તો બંને એક છે તેમ કહી શકાય. વાસ્તવમાં જે અખંડ હોય તે ખંડિત ન થઈ શકે. વાસ્તવમાં જે અનંતતામાં વ્યાપક હોય તે સીમિત ન થઈ શકે. વાસ્તવમાં જે પૂર્ણ હોય તે પૂર્ણ જ રહે.

તો પછી પ્રશ્ન એ થાય કે પૂર્ણનું સર્જન અપૂર્ણ કેવી રીતે હોઈ શકે. જો અપૂર્ણનું સર્જન અપૂર્ણ હોય તો પૂર્ણનું સર્જન પૂર્ણ હોવું જોઈએ. વાસ્તવમાં આમ છે પણ ખરું. સૃષ્ટિમાં જે કંઈ અસ્તિત્વમાં આવ્યું છે તે ચોક્કસ હેતુ સાથે અસ્તિત્વમાં આવ્યું છે. એમ પણ કહી શકાય કે દરેક અસ્તિત્વ સાથે એક હેતુ જોડાયેલો હોય છે. જ્યાં સુધી આ હેતુ સિદ્ધ થતો હોય ત્યાં સુધી તે સર્જન પૂર્ણ અને યથાર્થ છે તેમ કહી શકાય. આ રીતે પંચમહાભૂત પણ પૂર્ણ છે અને માનવી પણ પૂર્ણ છે, પરંતુ પંચમહાભૂતનું સર્જન કે માનવીનું સર્જન પૂર્ણ હોવાની સંભાવના નથી. સર્જન સર્જકને સમકક્ષ ન હોવાથી સર્જનના સર્જનમાં મર્યાદાઓ હોય તે સ્વાભાવિક છે.

કોઈ એમ દાવો કરી શકે કે સૂર્ય પણ પૂર્ણ નથી, તે માત્ર ગરમી પ્રદાન કરે છે. ચંદ્ર પણ પૂર્ણ નથી કારણ કે તેમાંથી ગરમી પ્રાપ્ત થઈ શકતી નથી. વૃક્ષના આધાર તરીકે પૃથ્વીની આવશ્યકતા રહે, ત્યાં પાણી પરિણામ ન આપી શકે. આગના શમન માટે પાણી મહત્તમ ઉપયોગી બની રહે, ત્યાં પવન વિપરીત પરિણામ આપે. કોઈક સ્થાને હવામાં પ્રસરેલ પ્રદૂષણની અસર ઓછી કરવા પવન તે પ્રદૂષણને વિશાળ વિસ્તારમાં ફેલાવી દે, આમાં અગ્નિ મદદરૂપ ન થઈ શકે. અવકાશનો પણ પોતાનો કાર્ય-વિસ્તાર છે. સમજવાની વાત એ છે કે પંચમહાભૂતનું દરેક તત્ત્વ તેનું નિર્ધારિત કામ કરે છે, નિર્ધારિત કામ જ કરે છે અને આ કામ પૂર્ણતાથી કરે છે. જે કાર્ય પૃથ્વીનું છે તે પાણીનું નથી. જે કાર્ય પવનનું છે તે અગ્નિ ન કરી શકે. સૂર્ય પ્રાણશક્તિ પહોંચાડી શકે જ્યારે ચંદ્ર મનને નિયંત્રિત કરી શકે. દરેકનું એક નિર્ધારિત કાર્ય છે અને એ કાર્ય વ્યવસ્થિત રીતે નિભાવવામાં આવે છે.

વૃક્ષનું ઉદાહરણ લઈએ તો, વૃક્ષનાં થડનું એક કાર્ય છે તો મૂળ જુદું જ કાર્ય કરે છે. પુષ્પનું અસ્તિત્વ એક હેતુ સિદ્ધ કરે તો ફળ અન્ય હેતુ માટે કારગત રહે. થડ તેની રીતે યોગ્ય છે અને પાંદડા તેની રીતે સંપૂર્ણ છે. સમગ્રતામાં વૃક્ષ પણ એક સંપૂર્ણ અસ્તિત્વ છે. વૃક્ષ પાસેથી ચલિતતાની અપેક્ષા રાખવી જ ખોટી. વૃક્ષ પાસેથી જો તે પ્રકારની અપેક્ષા રાખવામાં આવે તો વૃક્ષ અપૂર્ણ જણાય. સર્જનમાં જે તત્ત્વ જે કારણે અસ્તિત્વમાં આવ્યું છે તે કારણે નિભાવની પૂર્ણતામાં થઈ રહી છે.

પૂર્ણતા એ મૂળ વાસ્તવિકતા છે જ્યારે અપૂર્ણતા એ ઉદભવેલી પરિસ્થિતિ છે. પૂર્ણતા એ બ્રહ્મનો સ્વભાવ છે અને અપૂર્ણતા એ માનવીની પ્રકૃતિ અને તેને કારણે સ્થાપિત થતી ઘટના છે. પૂર્ણતા સ્વયં આધારિત છે જ્યારે અપૂર્ણતા અવલંબિત છે. પૂર્ણતા માટે કોઈ સ્થાપિત હેતુ નથી જ્યારે અપૂર્ણતા હેતુલક્ષી છે. પૂર્ણતા સત્ય છે તો અપૂર્ણતા એક પ્રકારનો ભ્રમ સ્થાપિત કરનાર પ્રપંચ છે. સૃષ્ટિ સ્વયં અપૂર્ણ છે અને તેથી તેમાં આકાર લેતી ઘટના અપૂર્ણ રહે તે સ્વાભાવિક છે. ■

## યુવાન મિત્ર, શિષ્ય કોના બનશું? શરણાગતિ કોની કરશું?



માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com



‘રામચરિતમાનસ’ અંતર્ગત આ કથામાં આપણે વિભીષણનું દર્શન કરી રહ્યાં છીએ. ‘માનસ-વિભીષણ’, આ તો બહુ મોટો વિશાળ પ્રસંગ છે. આમ જોઈએ તો ‘રામાયણ’ના સાતેય કાંડમાં શરણાગતિ છે. શરણાગતિ બહુ ઉત્તમ વસ્તુ છે, પણ ધ્યાન રાખવાનું યુવાન ભાઈ-બહેનોએ કે મંથરા જેવી નીચમતિની શરણાગતિ ન કરાય, નહિતર પરિણામ ખરાબ આવે. કૈકયી મહાન છે; એનો બાપ પણ મહાન છે. કૈકયી સુંદર છે, પણ જેના વાળ સફેદ થયા છે, એટલી ઉંમરવાળો માણસ બીજી રાણીઓની તુલનામાં કૈકયી તરફ વધારે આસક્ત રહે છે; કામશક્તિ કૈકયી તરફ વિશેષ છે અને કામને લીધે દશરથજીની કૈકયીમાં રહેલી શરણાગતિથી એણે પ્રાણ પણ ગુમાવવો પડ્યો અને દીકરો પણ ગુમાવવો પડ્યો; વનમાં મોકલી દેવો પડ્યો. એટલે કોની શરણાગતિ કરવી એનો પણ માણસે વિચાર કરવો રહે.

કૈકયીએ મંથરાની શરણાગતિ કરી. મંથરાના ચરણોમાં કૈકયી પૂર્ણપણે એની થઈ ગઈ, ત્યાં સુધી કે હે મંથરા, તું મને કહે તો હું કૂવામાં પડું. તું મને કહે તો મારા પુત્ર અને પતિનો ત્યાગ કરું. તું મારા પરમહિત માટે કહે છે. હું શું કામ તારી વાત ન માનું? અહીંયા એક કૈકયી જેવી સંતની માતા, દશરથજીની ધર્મપત્ની, એની મંદમતી મંથરાની શરણાગતિ છે. પાર્વતીએ ગુરુની શરણાગતિ કરી, નારદની શરણાગતિ લીધી તો સફળ થયા, શિવ મળ્યા.

અહીંયા મંથરા જેવી મંદમતિની શરણાગતિ લીધી કૈકયીએ તો એ સ્વાર્થી વસ્તુમાં તો સફળ થયા જ કે રામને બદલે ભરતનો રાજ્યાભિષેક થાય, પરંતુ એ શરણાગતિએ વિશ્વને રામરાજ્ય ન અપાવ્યું. બીજી શરણાગતિ દશરથજીએ કૈકયીની કરી.એટલા આધીન થઈ ગયા કે તું જે કહે તે કરું. ત્યાં સુધી કહ્યું કે તારો દુશ્મન ઇન્દ્ર હોય તો એને મારી નાખું! આમ કામાસકતીને લીધે દશરથજીની શરણાગતિ સફળ ન થઈ.

‘અરણ્યકાંડ’માં શબરીએ ગુરુની શરણાગતી કરી. શબરીજીએ કહ્યું કે મારા ગુરુએ વચન આપ્યું હતું કે રામ આવશે અને એ એનું વચન સાંભળીને બેસી રહી. ગુરુની શરણાગતિ હતી અને તેથી રામ આવ્યા. એટલે એક જગ્યાએ જેની દ્રઢ શ્રદ્ધા છે એવી શરણાગતિઓનો ઉલ્લેખ અહીંયા છે. એક અર્થમાં કહું તો સરભંગની પણ શરણાગતિ ગણાશે. અરણ્યકાંડમાં જટાયુની પણ શરણાગતિ ગણાશે. કિષ્કિંધા કાંડમાં હનુમાનજીની શરણાગતિ કરી છે અને પરિણામે હનુમાનજીને લીધે સુગ્રીવની રામ તરફની શરણાગતિ સફળ થઈ; થોડો જરા ઊંચો નીચો થયા કરે છે, પરંતુ ભગવાને એને સ્વીકાર્યો છે; એની સાથે મૈત્રી કરી.

ભરતજીએ રામની શરણાગતિ કરી; વીર આવ્યો પણ તે સફળ થયા, કારણ કે પરમ તત્ત્વની શરણાગતિ કરી. શબરી એ ગુરુની શરણાગતિ કરી તો રામ એનું લક્ષ હતું એ પ્રાપ્ત થયું. કિષ્કિંધાકાંડના ઘણા પાત્રમાં આ બધું આવ્યું. આ રીતે શરણાગતિ આવી. તો આપણે કોની શરણાગતિ કરીએ છીએ તેની ઉપર મોટો આધાર છે.

આપણા ઉપનિષદોમાં યોગ માટે એક મંત્ર છે. યોગનો અર્થ છે જોડવું, ભેગું કરવું, એક થવું. કોઈની પાસે આપણે રહેવું છે. કોઈની સાથે આપણે જોડાવું છે. કોઈની સાથે આપણો યોગ થાય, યોગ નહીં. યોગ થાય એમ બધા જ ઈચ્છીએ છીએ. આપણને બધાને એમ થાય કે આપણો ધર્મ સાથે યોગ રહે. આપણે ધર્મશીલ રહીએ, પણ કેવા ધર્મ સાથે આપણે યોગ કરવો? કોઈ સારો માણસ હોય તો આની સાથે મૈત્રી થાય તો સારું. એ માણસ કેવો છે એનું પરીક્ષણ કરવું જોઈએ, નહીંતર જોગ કુજોગ બને; શરણાગતિ વિપરીત પરિણામ લાવે. તો આવું હોય ત્યાં શરણાગતિ લેવી; આવું હોય એની સાથે જ જોડાવું, એવો એક મંત્ર ઉપનિષદનો છે.

વિભીષણ ભગવાન રામની પાસે જાય છે અને એની શરણાગતિ સફળ થાય છે. વિભીષણનો સ્વીકાર થાય છે. વિભીષણ ખૂબ પ્રસન્ન છે. મેં ગઈકાલે કહ્યું, એક વખત પૂર્ણ શરણાગત જે હોય છે એને પછી કશુંય કરવાનું રહેતું નથી. જેમ મંદ સુગંધ શીતલ વાયુ વાતો હોય તો પછી આપણે પૂંઠાથી પવન નાખવાની જરૂર નથી. પૂર્ણ શરણાગતને કંઈ નહીં કરવાનું, પણ કોની શરણાગતિ કરવી, કોણ છે એવો પૂર્ણ જેની આપણે પૂર્ણ શરણાગતિ કરીએ, એ ૨૧ મી સદીમાં મારે તમારે વિચારવું રહ્યું,. નહિતર આમાં બહુ જ ધોખો થાય.

તો આપને વિનંતી કરું કે શરણાગતિ બહુ ઉત્તમ છે, પણ કોની શરણાગતિ કરવી? આપણે ક્યાંય બેસવું હોય, તો આપણે બેસવાની જગ્યા કેવી શોધીએ? જે સમથળ હોય. આપણે એવા માણસ પાસે બેસીએ કે જ્યાં બધું સમ હોય. એના બે અર્થ; શરણાગતિ એની લેજો, જે માનસિક રીતે સમ હોય; એ ભેદી ન હોવો જોઈએ. દુશ્મનને અને મિત્રને બંનેને સરખો આદર આપે એવો કોઈ મળે એની શરણાગતિ કરજો.કોઈ બે જણા એક ગુરુની શરણાગતિ કરે, તો ગુરુ તો સમાન છે. બંનેને એણે સાથે રાખ્યા છે, સમતા ઉપર જ શરણાગતિ છે, પણ બે શિષ્યોએ પણ અંદર સમતા રાખવી જોઈએ કે તને વધારે સેવા મળે તોય ચિંતા નહીં. મને વધારે મળે તોય ચિંતા નહીં. આપણે ચૈતસિક અવસ્થા સમ રાખશું. શરણાગતિ જેની કરો એ અને તમારે પણ સમ રહેવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ.

આંતર-બાહ્ય પવિત્રતા,એને કહેવાય શુચિતા. એની પત્રિકા ન છપાય,કે આંખ પણ પવિત્ર છે, મારું મન પણ પવિત્ર છે, મારું હૈયું પણ પવિત્ર છે. સમા માણસને ખબર પડે જ કે આ માણસ પવિત્ર છે, તો એવા માણસની શરણાગતિ કરવી. અવધૂત લોકો ઉપરથી અપવિત્ર લાગે પણ તેમની ભીતરી પવિત્રતા વિષે કોઈ ન કહી શકે. કોઈને કહ્યા વગર આપણને જેની પવિત્રતા સ્પર્શે એવા માણસની શરણાગતિ કરવી. જ્યાં કંકર- પથ્થર બહુ ન હોય તેની શરણાગતિ કરવી. જ્યાં બહુ કાંકરા હોય ત્યાં બહુ બેસવું નહીં; ત્યાં રહેવું નહીં; એમાં નિવાસ ન કરવો; એવા સ્થાને શરણાગતિ ન લેવી. એનો અર્થ એ કે શરણાગતિ એવાની કરવી જેની વાતો કાકરાની જેમ આપણને ચૂભતી ન હોય. કાંકરાની જેમ આપણા શરીરમાં પીડા ઉત્પન્ન ન કરે. ઘણા માણસો પાસે આપણે જવું પડે, પણ તેની પાસે આપણને સૌરવે નહીં. અનુકૂળ લાગે તેની શરણાગતિ સ્વીકારવી.

- સંકલનઃ જયદેવ માંકડ

## ‘હે ઉદ્ધવ ! મેં તને જે શિક્ષણ આપ્યું છે તેનો એકાંતમાં ચિંતનપૂર્વક અનુભવ કરતો રહેજે

અલૌકિક દર્શન
ભાણદેવ
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

‘હે ઉદ્ધવ ! બ્રહ્મા, શંકર, બલરામ, લક્ષ્મી અને મારો પોતાનો આત્મા પણ મને એટલાં પ્રિય નથી, જેટલા તમે પ્રિય છો! ’

ભગવાન પોતાના પ્રિય ભક્ત, સખા, બંધુ અને સેવક ઉદ્ધવજીને જીવનની આ અંતિમ અવસ્થાએ કહે છે :

‘પૃથ્વી પર મારું કામ પૂરું થયું છે. આ યદુવંશને શાપ લાગ્યો છે. પારસ્પરિક યુદ્ધમાં તેઓ નષ્ટ થઈ જશે. આજથી સાતમા દિવસે દ્વારિકાપુરી સમુદ્રમાં ડૂબી જશે, પરંતુ તમારે આ કુલયુદ્ધમાં ભાગ લેવાનો નથી.’

આ પૃથ્વી પર રહેવાનો અને આધ્યાત્મિક જીવન જીવવાનો તેમને ભગવાન આદેશ આપે છે.

આ વખતે ભગવાન ઉદ્ધવજીને અધ્યાત્મતત્ત્વનો જે ઉપદેશ આપે છે તે જ ‘ઉદ્ધવગીતા’ તરીકે પ્રસિદ્ધ થયો છે.

ઉદ્ધવને અધ્યાત્મનો યથાર્થ ઉપદેશ આપ્યા પછી ભગવાન ઉદ્ધવને કહે છે :

**गच्छोद्धवमयादिष्टो बदर्यारण्यं ममाश्रमम् ।
तत्रमत्पादतीर्थादे स्नानोपस्पर्शनै : शुचिः ।।
– श्रीमद्भागवत : ११-२९-४१**

‘હે ઉદ્ધવ ! મારી આજ્ઞાથી તું બદરીવન નામના મારા આશ્રમમાં જા. ત્યાં મારાં ચરણકમળથી નીકળેલ પવિત્ર જળ (ગંગાજળ)નાં સ્નાન અને પાનથી તું પવિત્ર બની જઈશ.’

**‘मत्तोडनुशिक्षितं यत्ते विविक्तमनुभावयन् ।
मय्यावेशितवाक्चितो मद्धर्मनिरतो भव ।
अतिव्रज्यगतीस्तिस्रो मामेष्यसि ततः परम् ।।’
– श्रीमद्भागवत : ११-२९-४४**

‘હે ઉદ્ધવ ! મેં તને જે શિક્ષણ આપ્યું છે તેનો એકાંતમાં ચિંતનપૂર્વક અનુભવ કરતો રહેજે. તારાં વાણી અને ચિત્ત મારામાં જ લગાડેલાં રાખજે અને મારા બતાવેલા ભાગવત ધર્મમાં પ્રેમપૂર્વક તલ્લીન રહેજે. અંતે તું ત્રિગુણ અને તત્સંબંધી સર્વ ગતિઓને પાર કરીને મારા પરાત્પર સ્વરૂપને પામીશ.’

આ પ્રમાણે ભગવાનની આજ્ઞા શિરોધાર્ય કરીને ઉદ્ધવ બદરીનાથ જવા માટે તૈયાર થાય છે. ઉદ્ધવની પ્રાર્થનાથી ભગવાન ઉદ્ધવને પોતાની ચરણપાદુકા આપે છે.



ભગવાન શ્રીકૃષ્ણને વારંવાર પ્રણામ કરીને, ભગવાનની ચરણપાદુકાને મસ્તક પર ધારણ કરીને ઉદ્ધવજી વિદાય લે છે.

ભગવાનની આજ્ઞા પ્રમાણે ઉદ્ધવજી વૃંદાવનમાં વિદુરજીને મળીને ભગવાનનો સંદેશો તેમને સંભળાવે છે :

‘તમે મૈત્રેય પાસેથી ભાગવતતત્ત્વ શ્રવણ કરજો.’

તદનંતર ઉદ્ધવજી બદરીનાથમાં જાય છે.

ભગવાન વ્યાસજી બદરીનાથમાં તેમના આશ્રમમાં રહે છે. તેઓ ઉદ્ધવજી પાસેથી ભગવાન શ્રીકૃષ્ણની સર્વ લીલાઓનું સાંગોપાંગ કથન સાંભળે છે અને તદનુસાર તેઓ ‘શ્રીમદ્ભાગવત’ની રચના કરે છે.

સ્વરૂપતઃ ગોલોકવાસી ઉદ્ધવજી ભગવાનની આજ્ઞાથી બદરીનાથમાં રહે છે અને ભક્તિભાવથી પ્રેરાઈને ગોપીઓની ચરણરજ પામવા માટે વૃંદાવનધામમાં છોડરૂપે પણ રહે છે.

કોઈ ભાગ્યવાન અને ભક્તિમાન વ્યક્તિને આજે પણ ઉદ્ધવજીનાં દર્શન થઈ શકે છે!

### કૃષ્ણસખા અર્જુન

કૃષ્ણસખાનું ગૌરવપૂર્ણ ઉપનામ અર્જુનજીને મળ્યું છે. શા માટે ? કારણ કે અર્જુનજી શ્રીકૃષ્ણના જન્મોજન્મના સખા - સાથી છે. ભગવાન ‘નારાયણ’ ભગવાન શ્રીકૃષ્ણસ્વરૂપે આવે છે અને નારાયણના ભ્રાતા ‘નર’ અર્જુનજી-રૂપે આવે છે. ખાંડવવનદહન-પ્રસંગે પ્રસન્ન થઈને દેવરાજ ઈન્દ્ર ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનને ઈચ્છિત વરદાન માગવા કહે છે. અર્જુન દેવરાજ પાસે દિવ્ય શસ્ત્રોની પ્રાપ્તિ માટે વરદાન માગે છે અને પામે છે. ભગવાન શ્રીકૃષ્ણ વરદાન માગે? હા, ભગવાન વરદાન માગે છે. ભગવાન શ્રીકૃષ્ણ દેવરાજ ઈન્દ્ર પાસે શું વરદાન માગે છે?

**‘वासुदेवोऽपि जग्राह प्रीतिं पार्थेन शाश्वतीम्।
ददौ सुरपतिश्चैव वरं कृष्णाय धीमते।। ’
– महाभारत : आदिपर्व : २३३-१३**

‘ભગવાન શ્રીકૃષ્ણ અર્જુન સાથે શાશ્વત પ્રીતિનું વરદાન માગે છે અને દેવરાજ ઈન્દ્ર મહાબુદ્ધિમાન ભગવાન શ્રીકૃષ્ણને તે વરદાન આપે છે.’

જુઓ! જુઓ! ભગવાન શ્રીકૃષ્ણ અર્જુન સાથે શાશ્વત પ્રીતિ, અર્થાત્ નિરંતર વર્ધમાન પ્રેમનું વરદાન માગે છે!•મત્સ્યવેધ દ્વારા પાંચાલીને અર્જુન જીતે છે અને છતાં પાંચેય ભાઈઓનાં પત્ની તરીકે દ્રૌપદી બની રહે - આ પ્રસ્તાવ અર્જુન સ્વીકારે છે. આ અર્જુનની મહાનતા છે, ઉદારતા છે અને ભ્રાતૃપ્રેમ પણ છે જ.

મહાભારત-યુદ્ધ આવી જ ગયું છે. કૌરવો અને પાંડવો - બંને પક્ષ તૈયારીમાં લાગ્યા છે. કૌરવપક્ષ તરફથી દુર્યોધન અને પાંડવપક્ષ તરફથી અર્જુન ભગવાન શ્રીકૃષ્ણ પાસે દ્વારિકા જાય છે. ભગવાન બંનેને મદદ કરવા તૈયાર છે. બે પક્ષ રજૂ કરે છે. એક બાજુ ભગવાન શ્રીકૃષ્ણ એકલા જ છે અને નિઃશસ્ત્ર રહેશે. બીજી બાજુ સશસ્ત્ર યાદવસેના છે. અર્જુન ઉંમરમાં નાના છે અને ભગવાનની દૃષ્ટિ પહેલાં તેમના પર પડી છે. તદ્નુસાર બે પક્ષમાંથી કોઈ એક માગવાનો પ્રથમ અધિકાર ભગવાન અર્જુનને આપે છે અને અર્જુન માગે છે : ભગવાન શ્રીકૃષ્ણ ભલે નિઃશસ્ત્ર, પણ ભગવાન શ્રીકૃષ્ણ ! અર્જુનને ભગવાન પર આટલી શ્રદ્ધા છે અને આવો ભાવ છે અને પરિણામ આપણે જાણીએ છીએ : ભગવાન શ્રીકૃષ્ણ જે પક્ષે છે, તે પક્ષનો અર્થાત્ પાંડવોનો વિજય થયો છે.

અર્જુન માટે કૃષ્ણ - કૃષ્ણનો પ્રેમ પર્યાપ્ત છે!

અર્જુનની કૃષ્ણભક્તિનું સૌથી મહાન પ્રમાણ એ છે કે ભગવાન શ્રીકૃષ્ણે ‘શ્રીમદ્ભગવદ્ગીતા’ અર્જુનને સંભળાવી છે. જે ‘ગીતા’ અસંખ્ય જનો માટે હજારો વર્ષથી અધ્યાત્મપથ માટે માર્ગદર્શક બની છે, જે ‘ગીતા’ વિશ્વનો અધ્યાત્મવિદ્યાનો સર્વશ્રેષ્ઠ ગ્રંથરાજ બને છે તે ‘શ્રીમદ્ભગવદ્ગીતા’ માનવજાતને મળી છે - કોને નિમિત્ત બનાવીને? તે માટે અર્જુનજી જ નિમિત્ત બન્યા છે. અર્જુનને નિમિત્ત બનાવીને ભગવાન શ્રીકૃષ્ણ આ અણમોલ ગ્રંથરાજ માનવજાતને અર્પણ કરે છે.

ભગવાન શંકરને યુદ્ધ દ્વારા પ્રસન્ન કરીને અર્જુનજીએ દિવ્ય શસ્ત્રો પ્રાપ્ત કર્યાં છે. આ કોના થકી? ભગવાન શ્રીકૃષ્ણની કૃપા થકી જ!

બલરામની ઈચ્છા સુભદ્રાજીનાં લગ્ન દુર્યોધન સાથે કરવાની હતી, પરંતુ શ્રીકૃષ્ણ સુભદ્રાજીનાં લગ્ન અર્જુન સાથે કરવા ઈચ્છતા હતા અને તેમ જ થયું. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને તે માટે લાયક ગણે છે અને ભગવાન શ્રીકૃષ્ણને અર્જુન પ્રત્યે પ્રેમ પણ છે જ. અર્જુનજી કૃષ્ણપ્રેમના અધિકારી બની શક્યા છે. (ક્રમશઃ)■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay
samachar.com

# બ્રહ્મ-સર્વનો આધાર



આધારને પણ આધારની આવશ્યકતા હોય, જો આમ માનવામાં આવે તો સૃષ્ટિની શરૂઆતની સંભાવના જ ન રહે. આધારનો આધાર શોધવાની પ્રક્રિયા એટલી લાંબી ચાલે છે કે પ્રક્રિયા સ્વયં અનંત બની જાય અને શરૂઆત વિશે કોઈ પણ પ્રકારની કલ્પના ન થઈ શકે. શરૂઆતની પણ શરૂઆત હોય, પરંતુ સૌ પ્રથમની શરૂઆત સ્વયં સ્થાપિત રહેવાની. જો તેમ ન હોય તો શરૂઆતની પરંપરાની શરૂઆત જ ન થાય. કારણનું પણ કારણ હોઈ શકે, પરંતુ અંતે તો સ્વયંભૂ કારણથી જ શરૂઆત કરવી પડે. સૃષ્ટિની રચનાનાં કારણ વિશે સનાતની સંસ્કૃતિમાં અદભુત ચિંતન થયું છે. તેમાં પણ ખાસ કરીને દર્શનશાસ્ત્રમાં તે વિશે અદભુત સ્પષ્ટતા અને સચોટતા જોવા મળે છે. શાસ્ત્રમાં સૃષ્ટિની રચનાનું કારણ સમજાવતી વખતે ચાર પ્રકારના કારણોનો ઉલ્લેખ થયો છે; ઉપાદાન કારણ, નિમિત્ત કારણ, સહકારણ અને અધિષ્ઠાન કારણ.

ઉપાદાન એટલે એ કારણ જેમાંથી સૃષ્ટિ બને છે તે તત્ત્વ. ઘડો બનાવવા માટે સામગ્રી તરીકે માટીની આવશ્યકતા રહે અને તેથી ઘડાની રચનામાં માટી ઉપાદાન કારણ છે. સૃષ્ટિની રચનામાં પ્રકૃતિ કે ત્રણ ગુણો કે સ્વયં બ્રહ્મને ઉપાદાન કારણ ગણવામાં આવે છે. જો ઉપાદાન કારણને ભૌતિક તત્ત્વ ગણવામાં આવે તો પ્રકૃતિની ધારણા યોગ્ય છે. જો ઉપાદાન કારણે ગુણાત્મક એટલે કે ભાવનાત્મક ગણવામાં આવે તો સત્ત્વ-રજસ-તમસ ગુણોની ધારણા યોગ્ય છે. બ્રહ્મની ઉત્પાદન કારણ તરીકે સ્વીકૃતિ એટલે સૃષ્ટિની રચના પાછળ નિર્વિકલ્પ સંકલ્પની સ્વીકૃતિ. સનાતનની સંસ્કૃતિની આ ભવ્યતા પણ છે અને મહાનતા પણ, વ્યક્તિને પોતાની રુચિ અનુસાર ‘આગળ વધવા’ની તક આપે છે.

નિમિત્ત કારણ એટલે રચનાનો કર્તા. ઘડાનું જ ઉદાહરણ લઈએ તો કુંભારને નિમિત્ત કારણ કહેવાય. સૃષ્ટિની રચનામાં ઈશ્વર, ભગવાન, પુરુષ, બ્રહ્મ, નિમિત્ત કારણ છે જે ઉપાદાનને કાર્ય સ્વરૂપે નિર્ધારિત કરે છે. સહકારણ એટલે એવી પરિસ્થિતિ અથવા સાધનો જેને કારણે કાર્ય શક્ય બને. ઘડો બનાવવા માટે ચાકડો જોઈએ, લાકડી જોઈએ, પાણી જોઈએ, ટિપ્પણી જોઈએ, અને આવાં સાધનો ઘડાની રચના માટે સહકારણ બને. સહકારણ એટલે સહાયક કારણ જે કાર્યને સંભવ બનાવે. સૃષ્ટિની રચનામાં સમય, માયા અને કર્મને મુખ્ય સહકારણ કહી શકાય. સૃષ્ટિની પ્રકૃતિ જોતાં એમ કહી શકાય કે નિર્દોષતા, તટસ્થતા, સાક્ષીભાવ, ન્યાય, સત્ય અને ધર્મ સહકારણ છે. અધિષ્ઠાન કારણ એટલે જેનાં આધારે કાર્ય ટકી રહે અને કાર્ય સંભવ બને. અહીં ઘણા માટીને જ ઘડાનું અધિષ્ઠાન કારણ જણાવતા હોય છે. મારા અભિપ્રાય પ્રમાણે ઘડા માટેનું અધિષ્ઠાન કારણ જમીન છે જેના પર સમગ્ર કાર્ય સંપન્ન થતું હોય છે. સૃષ્ટિની વાત કરીએ તો અધિષ્ઠાન કારણ બ્રહ્મ છે કારણ કે, કહેવાય છે કે ‘બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાહમ્’.

આ વિષય માટે ઉદ્ભવતા પ્રશ્ન કારણનું કારણ શોધવાની આવશ્યકતા છે. ઉપાદાન કારણ એટલે તત્ત્વ. તત્ત્વની ઉત્પત્તિ વિશે વિચાર કરતાં જણાશે કે બ્રહ્મની પ્રકૃતિને કારણે દરેક તત્ત્વ તેમનાં સંકલ્પથી અસ્તિત્વમાં આવે છે. અર્થાત ઉપાદાન કારણનું કારણ બ્રહ્મ છે. નિમિત્ત કારણ તો સ્વયં ઈશ્વર અર્થાત બ્રહ્મ જ છે અને તેથી તે કારણનું કારણ શોધવાની આવશ્યકતા નથી. બ્રહ્મ સ્વયં સ્થાપિત, સ્વયંસિદ્ધ, શાશ્વત, અખંડ, આનંદ, અનાદિ, પરમ વાસ્તવિકતા છે. જેમ ઉપાદાન કારણ બ્રહ્મના સંકલ્પથી ઉદ્ભવે છે તેમ સહકારણ વિશે પણ કહી શકાય. પોતાના સંકલ્પની પૂર્તિતા માટે જેમ ઉત્પાદન કારણ અસ્તિત્વમાં આવે તેવી જ રીતે સહકારણ પણ આવે. જેમ નિમિત્ત કારણ સ્વાભાવિક રીતે બ્રહ્મ હોય તેમ અધિષ્ઠાન કારણે પણ બ્રહ્મ જ હોય કારણ કે તે જ સૌથી સંપૂર્ણ આધાર છે. બ્રહ્મનો નિર્વિકલ્પ સંકલ્પ પણ બ્રહ્મને આધારિત હોય. અહીં અંતે એમ સિદ્ધ થાય કે સૃષ્ટિની રચના પાછળ પ્રવર્તમાન બધાં જ કારણ અંતે તો બ્રહ્મ અને નિર્વિકલ્પ સંકલ્પના પ્રતિબિંબ સમાન તેની જ પ્રકૃતિ છે. વેદાંતનો એક મુખ્ય સિદ્ધાંત પણ આ જ કહે છે; ‘બ્રહ્મ એકમેવ કારણમ્’. ઘડા માટે જેમ માટી તેમ સૃષ્ટિ માટે બ્રહ્મ. ઘડા માટે જેમ કુંભાર તેમ સૃષ્ટિ માટે બ્રહ્મ. ઘડા માટે જેમ ચાકડો અને લાઠી તેમ સૃષ્ટિ માટે બ્રહ્મ. તેવું જ અધિષ્ઠાન કારણ માટે.

પ્રશ્ન એ થાય કે જો અંતે સર્વ કારણનું કારણ બ્રહ્મ જ હોય, સર્વ આધારનો આધાર બ્રહ્મ જ હોય, સર્વ શરૂઆતની શરૂઆત બ્રહ્મ જ હોય તો આ પ્રકારનાં વિભાગીકરણની શી આવશ્યકતા હોય. આ સમગ્ર વિસ્તરણ સામાન્ય માનવીને સમજાવવા માટેની પ્રક્રિયા છે. ઉદાહરણ તરીકે એમ કહી શકાય કે સમગ્રતામાં તો એક શરીર જ છે જ્યાં ખોરાક પચે છે, લોહી અને અસ્થિ બને છે, રોગપ્રતિકારક શક્તિ વિકસે છે, સમય અનુસાર શરૂઆતમાં વૃદ્ધિ પામે છે અને પછી ઘસારો પામે છે - અંતે તો આ શરીર જ છે. પરંતુ શરીરની વિવિધ પ્રવૃત્તિઓને સમજવા માટે, શરીરની વિવિધ સંભાવનાઓને સમજવા માટે શરીરને વિભાજિત રીતે સમજવાની આવશ્યકતા રહે છે. સૃષ્ટિની રચના માટે પણ આમ કહી શકાય. અન્ય એક વાત અહીં નોંધપાત્ર છે. જુદા જુદા દર્શનમાં સૃષ્ટિની રચના માટે જે જે કારણો દર્શાવાયાં છે તેમાં ભિન્નતા જણાય છે. પણ વાસ્તવિકતામાં આ ભિન્નતા નથી. કોઈ શ્રીરામની પત્નીને સીતા જણાવે છે તો કોઈ જાનકી. બંને ઓળખ યોગ્ય છે, સત્ય છે. કોઈ શ્રીરામની પત્નીનાં એક ગુણનું પ્રાધાન્ય સ્થાપિત કરે છે તો કોઈ અન્ય ગુણનું. આ પણ યોગ્ય છે. વ્યક્તિ પોતાની પૂર્વભૂમિકા, માનસિકતા, પૂર્વગ્રહ, શ્રદ્ધા, સંસ્કાર, જ્ઞાન, ક્ષમતા અને મર્યાદિતતા અનુસાર ‘મુક્તિ’ના માર્ગે આગળ વધી શકે છે. અંતે તો શાસ્ત્રના દરેક સૂચનનો હેતુ તો કૈવલ્ય-સ્થિતિ જ છે. પ્રત્યેક દર્શનમાં એ જ વર્ણવવામાં આવ્યું છે કે સૃષ્ટિના બંધન અને જન્મ-મરણના ફેરાથી મુક્તિ કેવી રીતે મળી શકે. વ્યક્તિ પોતાની રુચિ અનુસારના માર્ગને અનુસરી શકે છે.

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombay
samachar.com

# સંન્યાસ ને ત્યાગ



સત્તરમા અધ્યાયની સમાપ્તિ પછી અઢારમા અધ્યાયમાં ભગવાન કૃષ્ણ ત્યાગ અને સંન્યાસની ચર્ચા કરે છે, તેને સમજીએ.

શાસ્ત્રવિદો મુજબ સંન્યાસ એ છે જ્યારે માનવી પ્રાયઃ તમામ કર્મનો ત્યાગ કરે છે. આમ, તેની સાથે તેના ફળનો પણ ત્યાગ થઈ જાય છે. સંન્યાસી ઘર, સંબંધો, ઘર્ષણો, પંચવિષયો વગેરે સંન્યાસનાં બાધક તમામ કારણોથી દૂર રહે છે. તેની પૂર્ણ ઉપેક્ષા કરે છે અને એક આત્માકારે દૃષ્ટિ રાખી પરબ્રહ્મ તરફ પ્રયાણ કરે છે. તે કડક, કઠિન અને કષ્ટપૂર્ણ જીવનયાપન કરે છે. આમ, સંન્યાસી નિવૃત્તિ પ્રયાણ જીવન જીવીને દુનિયાના બંધનોમાંથી બહાર આવે છે.

હવે ત્યાગને સમજીએ. ત્યાગને શ્રીકૃષ્ણ ભગવાન સંન્યાસ કરતાં સરળ કહે છે. સંન્યાસના પથ ઉપર ચાલવું સામાન્ય માનવીનું ગજું નથી, પરંતુ સરળ હોવા છતાં આ ત્યાગની વિભાવનાને સમજવી અત્યંત જરૂરી છે.

ત્યાગ શબ્દ બોલવામાં ખૂબ સહેલો લાગે છે, પણ તેનો અર્થ સમુદ્ર કરતાં પણ વિશાળ છે. આજના યુગમાં જ્યાં સંગ્રહ અને ભોગવિલાસની પ્રવૃત્તિ વધી છે, ત્યાં ત્યાગની ખરી સમજણ હોવી વધુ જરૂરી બની ગઈ છે. માનવ જીવનમાં ત્યાગને મહત્ત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે. ત્યાગ એ એક આંતરિક ભાવ છે જે મનુષ્યને સંપૂર્ણતા તરફ લઈ જાય છે.

ઘણા લોકો ત્યાગને સંપૂર્ણ રીતે કર્મને છોડી દેવા જેવી વાત સમજે છે, પણ ભગવદ્ ગીતા અનુસાર સાચો ત્યાગ એ કર્તવ્યનો અસ્વીકાર નથી, પણ આસક્તિનો ત્યાગ છે.

દેહધારી મનુષ્ય તમામ કર્મોને ત્યજી શકતો નથી, પરંતુ જે વ્યક્તિ કર્મના ફળની અપેક્ષા રાખ્યા વિના કાર્ય કરે છે, તે સાચો ત્યાગી કહેવાય છે. ગીતા આપણને સમજાવે છે કે ત્યાગ કોઈ કાર્ય ન કરવાનું નામ નથી, પણ કર્મ પાછળ રહેલા ફળની અપેક્ષા, મમત્વ અને અહંકારનો ત્યાગ કરવો એ જ ત્યાગનું સાચું સ્વરૂપ છે.

ગીતાના ૧૮મા અધ્યાયમાં ત્યાગને ત્રણ પ્રકારમાં વર્ગીકૃત કરવામાં આવ્યો છે. તામસિક ત્યાગ કે જ્યાં માણસ ડર, આળસ અથવા અજ્ઞાનતાથી કર્તવ્યો છોડી દે છે. જેમ કે, યુદ્ધથી ભાગી જવું. રાજસિક ત્યાગ કે જ્યાં માણસ દુઃખ, કષ્ટ અથવા શારીરિક તકલીફને લીધે કર્મ છોડે છે. આમાં પણ સાચો ત્યાગ નથી, કારણ કે તેમાં અહંકાર છુપાયેલો છે. સાત્ત્વિક ત્યાગ કે જ્યાં માણસ ફળની ઇચ્છા કર્યા વિના, ધર્મ અને નિષ્ઠાપૂર્વક કર્મ કરે છે. આ જ સાચો ત્યાગ છે.

ભારતીય સંસ્કૃતિમાં ત્યાગને અત્યંત પવિત્ર ગુણ ગણવામાં આવ્યો છે. મહાભારતના શાંતિ પર્વમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે ‘ત્યાગ જેટલું મોટું સુખ બીજું કંઈ નથી.’ યોગી રામતીર્થ કહે છે ‘ત્યાગ સિવાય આ જગતમાં બીજી કોઈ શક્તિ નથી.’ તેઓ કહે છે કે સાચો આનંદ સ્વાર્થપૂર્ણ ઇચ્છાઓ પૂરી થવાથી નહીં મળે, પરંતુ અહંકાર અને મમત્વનો ત્યાગ કરીને મળે છે. જ્યાં ત્યાગ છે, ત્યાં શાંતિ છે, પ્રેમ છે અને ઈશ્વરની અનુભૂતિ છે.

કહેવાય છે ને Higher the progress greater the sacrifice. જ્યારે અવકાશયાત્રીઓએ ચંદ્ર પર પગ મુક્યો ત્યારે શું છોડવું પડ્યું? પૃથ્વી, પોતાના સગા-સંબંધી અને સમગ્ર માનવજાત.

જેમ વૃક્ષ પોતાનું ફળ ત્યાગે છે, જેમ દીવો પોતાને બાળીને પ્રકાશ આપે છે, તેમ ત્યાગી મનુષ્ય પોતે દેહનું સુખ છોડીને સમાજને અમૃત આપે છે. ત્યાગ એ ખાલી છોડી દેવું નથી પણ મહાન ઉદેશ્ય માટે તુચ્છનું વિસર્જન છે!

ભગવાન સ્વામિનારાયણે પણ ત્યાગને ભક્તિનું મુખ્ય અંગ માન્યું છે. મહંતસ્વામી મહારાજે ‘સત્સંગ દીક્ષા’ ગ્રંથમાં જણાવ્યું છેઃ ત્યાગ એ માત્ર ત્યાગ જ નથી, પરંતુ આ ત્યાગ તો ભક્તિમય છે અને અક્ષરપુરુષોત્તમ ભગવાનને પામવા માટેનો માર્ગ છે.

આમ, ત્યાગ એટલે અહંકારનો ત્યાગ ‘હું કરું છું’ એવા ભાવનો ત્યાગ, મમત્વનો ત્યાગ ‘મારું’ એવું માનવાનું બંધ કરવું, ભોગનો ત્યાગ ઇન્દ્રિયસુખ છોડીને ઈશ્વરભક્તિમાં રમમાણ થવું, ફળની અપેક્ષાનો ત્યાગ કર્મ કરો પણ પરિણામમાં પોતાનું હિત ન જુઓ તે ત્યાગ!

જ્યાં ત્યાગ છે ત્યાં સુખ છે, શાંતિ છે અને પરબ્રહ્મની પ્રાપ્તિનો માર્ગ ખુલ્લો છે. ત્યાગમય જીવન જીવીને જ માનવજીવનને સાર્થક બનાવી શકાય છે. ત્યાગની સાચી ભાવના સમજીને જીવન જીવીએ, તો આપણે સંપૂર્ણ સુખ અને આત્મિક શાંતિ પ્રાપ્ત કરી શકીએ છીએ.

ભગવદ્ ગીતા સહિત અનેક ઋષિ-મુનિઓએ ત્યાગને આધ્યાત્મિક જીવનની ચાવીરૂપ માન્યો છે. ત્યાગ એ એવું દુર્લભ પુષ્પ છે, જેનું ફળ મુક્તિ છે. ત્યાગ દ્વારા ગીતા-માતા વ્યક્તિને બાહ્ય અને આંતરિક બંધનોથી મુક્ત કરવાનું વરદાન આપે છે.

# હું દુર્ગમાસુરને આદેશ આપું છું કે વેદોને તુરંત મુક્ત કરે

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay
samachar.com



બ્રહ્માજી પાસેથી દેવગણોને યોગ્ય ખાતરી ન મળતાં ગભરાયેલા દેવરાજ ઇન્દ્ર અને સમસ્ત દેવગણ શ્રીહરિ વિષ્ણુ પાસે પહોંચે છે અને કહે છે, શુક્રાચાર્યએ નરકાસુરને જગાડી અદૃશ્ય અગ્નિ સુરક્ષા કવચ પ્રદાન કરી તપસ્યા માટે પ્રેરિત કર્યો છે. શુક્રાચાર્યની મહેચ્છા શું હશે એ સમજ પડતી નથી. તમે જ માર્ગદર્શન કરો, જેથી દેવગણો પર આવેલા સંકટને દૂર કરી શકાય. શ્રીહરિ વિષ્ણુ તેમને કહે છે, દેવરાજ તમે આમ વિચલિત થશો તો કઈ રીતે ચાલશે? તમો દેવોના રાજા છો. તમારે સંયમ રાખી ધર્મના માર્ગે ચાલવું જોઈએ. સમયની રાહ જુઓ બધું યોગ્ય થશે. ભગવાન શ્રીહરિ વિષ્ણુના જવાબથી સંતુષ્ટ ન થયેલા દેવરાજ ઇન્દ્ર અને દેવગણ ક્ષીરસાગરથી વિદાય લે છે. દેવરાજ ઇન્દ્ર અને દેવગણો આકાશમાર્ગે સ્વર્ગલોક તરફ જતાં તેમની નજર નરકાસુર પર પડે છે. નરકાસુર તપસ્યા કરતાં કરતાં બગાસાં ખાતો દેખાય છે. દેવરાજ ઈન્દ્ર પવનદેવને નરકાસુર તપસ્યા કરી રહ્યો છે એ દિશામાં વધુ ઠંડો પવન ફૂંકવાનું જણાવે છે. ઠંડો પવન ફૂંકાતા તે નિદ્રાવસ્થામાં પોઢી જાય છે. તક જોઈ દેવરાજ ઇન્દ્ર વ્રજ કાઢે છે અને નરકાસુરનો વધ કરવા જાય છે. એ જોઈ અસુરગુરુ શુક્રાચાર્ય ત્યાં પ્રગટ થાય છે અને દેવરાજ ઇન્દ્રનો હાથ પકડી લે છે. ગભરાયેલા દેવરાજ ઈન્દ્ર અને દેવગણ ત્યાંથી પલાયન થઈ જાય છે. શુક્રાચાર્ય નરકાસુરને ઉઠાડે છે અને બધી વિગતવાર ચર્ચા કરે છે કે દેવરાજ ઇન્દ્ર તમારો વધ કરવાના હતા. નરકાસુર શુક્રાચાર્યને કહે છે કે, ગુરુદેવ તમે મારા તારણહાર છો, મારી ભૂલ થઈ ગઈ, હવે એવી ભૂલ પરત નહીં કરું . તમારા આશીર્વાદથી મને નવજીવન મળ્યું છે, અસુર સમાજના ઉત્થાન માટે તમે કહો એમ હું કરવા તૈયાર છું. ચતુર અસુરગુરુ શુક્રાચાર્ય નરકાસુરને કહે છે, મેં તમને આપેલી શક્તિઓ તમારી નિદ્રા સાથે ભૂમિમાં વિલય થઈ ગઈ છે. ફરી બ્રહ્માજીની દુર્ગમ તપસ્યા કરો કે જેથી તમારી નજદીક કોઈ દેવતાગણ આવી ન શકે અને યાદ રહે બ્રહ્માજી પાસે વરદાન તરીકે ચારેય વેદ અને ત્રિદેવના હાથે મરણ ન પામવાનું વરદાન માગવાનું છે. અસુરગુરુ શુક્રાચાર્યના આશીર્વાદ મેળવી દુર્ગમાસુર દુર્ગમ તપસ્યા કરવા લાગ્યો. તેના શરીરમાંથી અગ્નિની જ્વાળાઓ નીકળવા માંડી. એ અગ્નિની જ્વાળાઓ બ્રહ્મલોક સુધી પહોંચવા લાગી. બ્રહ્મલોક આવી રહેલી અગ્નિની જ્વાળાઓ ધડાકા ભડાકા કરવા લાગી. સમસ્ત દેવગણ, માતા સરસ્વતી અને બ્રહ્માજી કૈલાસ પહોંચે છે અને ભગવાન શિવને કહે છે, મહાદેવ, તમે ત્રિકાળ જ્ઞાની છો, મહાકાય પરાક્રમી દુર્ગમાસુરને વરદાન માટે તપસ્યા કરી રહ્યો છે. દુર્ગમાસુર ચારેય વેદ અને આપણા ત્રિદેવના હાથે મૃત્યુ ન થાય તેવું વરદાન માંગી રહ્યો છે. એજ સમયે માતા પાર્વતી કહે છે કે વરદાન મળ્યા બાદ અસુર સમાજના ઉત્થાનના આંચળ હેઠળ દુર્ગમાસુર દેવગણો અને પૃથ્વીવાસીઓને અન્યાય કરશે ત્યારે હું શિવઇચ્છાથી દુર્ગમાસુરને દંડ આપીશ. આટલું સાંભળતાં જ દેવગણો આનંદિત થઈ જાય છે અને માતા પાર્વતી અને ભગવાન શિવનો જયજયકાર કરતાં પોતપોતાના ધામ તરફ પ્રયાણ કરે છે.

***

માતા સરસ્વતી અને બ્રહ્માજી ફરી બ્રહ્મલોક પહોંચ્યાં. ત્યાં જઈને તેઓ જુએ છે કે તેમનું બ્રહ્મલોક અડધું બળી ગયું હોય છે.

માતા સરસ્વતીઃ ‘બ્રહ્મદેવ દુર્ગમાસુરની તપસ્યાની અગ્નિએ અડધું બ્રહ્મલોક સળગાવી દીધું છે. હવે આપણે શું કરવું જોઈએ. આ અગ્નિ તો સમસ્ત લોકોને બાળીને ખાખ કરી દેશે. તમારે કંઈ કરવું રહ્યું.

બ્રહ્માજીઃ ‘દેવી દુર્ગમાસુરની તપસ્યા ચરમસીમાએ પહોંચી ગઈ છે એને વરદાન આપ્યા સિવાય છૂટકો નથી.’

માતા સરસ્વતીઃ ‘સ્વામી ચાર વેદ સમાજરચનામાં મહત્ત્વનો ભાગ ભજવી રહ્યા છે. તેમને વરદાનમાં આપશો જ નહીં.’

બ્રહ્માજી અને માતા સરસ્વતી દુર્ગમાસુરને વરદાન આપવા પ્રયાણ કરે છે. બ્રહ્માજીને જોઈ વધુ આક્રમક તપસ્યા કરે છે. તેના શરીરમાંથી વધુ શક્તિશાળી અગ્નિ પ્રગટ થાય છે.

બ્રહ્માજી : ‘દુર્ગમ તપસ્યા કરનારા તપસ્વી દુર્ગમ બોલો તમને શું વરદાન જોઈએ છે.’

દુર્ગમાસુરઃ ‘પ્રભુ તમે મને બે વરદાન આપવાની ખાતરી આપો.’

બ્રહ્માજીઃ ‘હું બે નહીં ચાર વરદાન અવશ્ય આપીશ, પણ તમે ચારેય વેદનો વિચાર છોડી દો, વેદને વરદાનમાં નહીં માંગતા.’

દુર્ગમાસુરઃ ‘અશક્ય પ્રભુ, અસુર ગુરુ શુક્રાચાર્યએ કહ્યું છે કે કોઈપણ દેવતાની વાતમાં ભરમાઈ ન જતાં, તેઓ તેમને ભોળવીને મનવાંછિત વરદાન નહીં જ આપે.’

બ્રહ્માજીઃ ‘દુર્ગમાસુર સમજવાની કોશિશ કરો, ચાર વેદ પાસેથી તમને કંઈ જ નહીં મળે. તમારી પ્રકૃતિ અસુરી છે ત્યારે વેદોની પ્રકૃતિ અસુરી નથી. જિદ છોડો બીજા વરદાન માગો.’

દુર્ગમાસુરઃ ‘પરમપિતા જો તમે પણ અન્ય દેવતાઓની જેમ કપટ કરવાના હો અને મારા મનવાંછિત વરદાન ન આપી શકતાં હોવ તો તમે અહીંથી ચાલી જાવ, મને તમારા વરદાન નથી જોઈતાં.’

મુશ્કેલીમાં મુકાયેલા બ્રહ્માજીએ કહ્યું, ‘તથાસ્તુ.’

બ્રહ્માજીનું વરદાન મેળવતાં જ દુર્ગમાસુર આનંદિત થઈ જાય છે અને તેના હાથમાં આવેલા ચાર વેદને લઈ પાતાળલોક જાય છે. ત્યાં ચારેય વેદને બંદી બનાવી પરત ફરે છે. સમસ્ત સંસારમાં હાહાકાર મચી જાય છે. યજ્ઞ શાળામાં બેઠેલા બ્રાહ્મણો અને પુરોહિતોના મોઢેથી વેદ ઋચાઓના શ્લોકો નીકળતાં નથી, તેઓ ભૂલી જાય છે.

પુરોહિતઃ ‘શિષ્યો આપણે નિત્ય વેદ ઋચાઓનો પાઠ કરીએ છીએ આજે કેમ ભૂલી રહ્યા છીએ. વેદ જ આપણા જીવનનો મૂળ આધાર છે, જેને આપણે ભૂલી ગયા છીએ. હે ભગવાન શિવ અમારી રક્ષા કરો.’

એ જ સમયે દુર્ગમાસુર અને તેના સૈનિકો ત્યાં આવી પહોંચે છે.

દુર્ગમાસૂરઃ ‘હે યજ્ઞકર્તાઓ, તમને મારા સિવાય કોઈ વેદનું જ્ઞાન નહીં આપી શકે. ચારેય વેદ મારા દાસ છે, મેં તેમને પાતાળલોકમાં કેદ કર્યાં છે. તમે દૈત્ય સંસ્કૃતિને અપનાવી લો અન્યથા તમને દંડિત કરવામાં આવશે.’

બ્રાહ્મણઃ ‘દૈત્ય સંસ્કૃતિથી મહાન અને શક્તિશાળી કોઈ સંસ્કૃતિ નથી. અમે દૈત્ય સંસ્કૃતિ અવશ્ય અપનાવશું.’

દૈત્ય સંસ્કૃતિની જયજયકાર કરતા બ્રાહ્મણો મદિરાપાન કરવા લાગ્યા. સંસારમાંથી દેવ સંસ્કૃતિનું પતન થવા લાગ્યું. સમાજમાં દાનવ વૃત્તિઓ ફૂલીફાલવા માંડી.

***

પૃથ્વીલોક પર પોતાનું શાસન સ્થાપ્યા બાદ દુર્ગમાસુર સ્વર્ગલોક પહોંચે છે.

દુર્ગમાસુરઃ ‘દેવરાજ આ સિંહાસનનો હકદાર હું છું, હું દુર્ગમાસુર તને આદેશ આપું છું કે સ્વર્ગલોક છોડીને મારો દાસ બની જા.’

દુર્ગમાસુરને મળેલા વરદાનની શક્તિનો આભાસ હોવાથી દેવરાજ ઇન્દ્ર અને દેવગણ ત્યાંથી પલાયન થઈ જાય છે.

***

પૃથ્વી લોક પર ઋષિ મુનીઓની થયેલી અધોગતિથી ત્રાહિત દેવર્ષિ નારદ ઋષિ મુનીઓ સાથે કૈલાસ તરફ પ્રયાણ કરે છે. તેમને શોધતાં શોધતાં દેવરાજ ઇન્દ્ર પણ કૈલાસ પહોંચે છે.

દેવર્ષિ નારદઃ ‘દેવાધિદેવ ભગવાન શિવની જય હો. દૈત્ય દુર્ગમાસુરથી પીડિત તમારા ભક્તોની રક્ષા કરો. ચારેય વેદને દુર્ગમાસુરે પાતાળલોકમાં બંદી બનાવ્યા છે. પૃથ્વીલોક અને સ્વર્ગલોકનું વાતાવરણ દૂષિત થઈ ગયું છે. રક્ષા કરો પ્રભુ રક્ષા કરો.’

માતા પાર્વતીઃ ‘દેવતાઓ અને માનવો અવદશા માટે અસુરગુરુ શુક્રાચાર્ય જ જવાબદાર છે, દેવગુરુ બૃહસ્પતિ સાથેની તેમની અંગત દુશ્મની તેઓ સંસારવાસીઓ પર કાઢી રહ્યા છે. સ્વામિ પહેલા તમે શુક્રચાર્યને જ દંડિત કરો.’

ભગવાન શિવઃ ‘બ્રહ્મ વાક્યની રક્ષા કરવી અમારા ત્રિદેવોનું કર્તવ્ય છે. અમે દુર્ગમાસુરને દંડ નહીં આપી શકીએ પણ. શુક્રાચાર્યને સમજાવી જરૂર શકીએ છીએ.’

ભગવાન શિવના આહ્વાન પર શુક્રાચાર્ય તુરંત કૈલાસ ઉપસ્થિત થાય છે.

ભગવાન શિવઃ ‘શુક્રાચાર્ય તમારા માર્ગદર્શનથી જ દુર્ગમાસુરનું આચરણ આટલું ક્રૂર છે. દુર્ગમાસુરને આદેશ આપો કે ચારેય વેદને તુરંત મુક્ત કરે.’

અસુરગુરુ શુક્રાચાર્યઃ ‘આપનો આદેશ શિરોમાન્ય, હું દુર્ગમાસુરને આદેશ આપું છું કે વેદોને તુરંત મુક્ત કરે.’

ભગવાન શિવને નમન કરી શુક્રાચાર્ય ત્યાંથી વિદાય લે છે.

ભગવાન શિવઃ ‘શુક્રાચાર્ય તો ગયા પણ, શું તેઓ વેદોને દુર્ગમાસુરની કેદમાંથી છૂટા કરાવી શકશે?’

(ક્રમશઃ)■

ફોકસ

આર.સી. શર્મા
feedback@bombay
samachar.com

# સફળા એકાદશી અપાવશે સફળતા

આજે છે માગશર માસની કૃષ્ણપક્ષમાં આવનારી સફળા એકાદશી. આ એવી એકાદશી છે જે કરવાથી ભગવાન વિષ્ણુની અપાર કૃપા પ્રાપ્ત થાય છે. ભારતીય સંસ્કૃતિમાં એકાદશી ન માત્ર ઉપવાસનો એક દિવસ હોય છે, પરંતુ આપણી અંદરના અનુશાસન, સંયમ અને આધ્યાત્મિક ઊર્જાનો ઉત્સવ હોય છે. મહિનામાં બે વખત એકાદશી આવે છે. આવી રીતે વર્ષમાં ૨૪ એકાદશી હોય છે. એમાં પણ સફળા એકાદશીનું મહત્ત્વ વિશેષ છે. આ દિવસે વ્રત રાખવાથી ભક્તોની તમામ મનોકામના પૂર્ણ થાય છે. આ વ્રત કરવાથી જીવનમાં કોઈપણ પ્રકારના સંકટ કે અડચણ નથી આવતી. સફળાનો અર્થ જ થાય છે કે સફળ બનાવનારો.


ગ્રામીણ ભારત હોય કે પછી શહેરી સમાજ, દરેક ઠેકાણે ભગવાન વિષ્ણુની ખાસ પૂજા-અર્ચના કરવામાં આવે છે. લોકો ભક્તિ અને દાન કરીને પુણ્યનું ભાથું બાંધતા હોય છે. મનની શુદ્ધિ, વિચારોની સ્થિરતા અને જીવન પ્રતિ સકારાત્મક અભિગમ આ દિવસને દર્શાવે છે. યોગશાસ્ત્ર મુજબ ચંદ્રમાની એકાદશી તિથિ મનના તરંગોને શાંત કરે છે. એકાદશીએ કરવામાં આવેલું ધ્યાન, ઉપવાસ અને પ્રાર્થનાનો પ્રભાવ અનેકગણો હોય છે. સફળા એકાદશીને એટલે જ સિદ્ધિ-દાયિની કહેવામાં આવે છે. આ દિવસે શ્રદ્ધાળુ પોતાની ઈચ્છાઓ જેવી કે પરિવારમાં સુખ-શાંતિ-સમૃદ્ધિ, સફળતા, પ્રગતિ અને સારા સ્વાસ્થ્યની કામનાઓ પૂરી કરી શકે છે. એક માન્યતા એવી પણ છે કે સફળા એકાદશીના દિવસે કરવામાં આવેલું વ્રત વર્ષોના પાપમાંથી મુક્તિ આપે છે.

સફળા એકાદશીનું મહાત્મ્ય વિષ્ણુ પુરાણ અને પદ્મપુરાણમાં વર્ણવવામાં આવ્યું છે. આ વ્રત દુર્ભાગ્યને દૂર કરીને સૌભાગ્યમાં વૃદ્ધિ કરનારું છે. આજના દિવસે ભોજન, ફળ, વસ્ત્ર, ઘી અથવા તો અન્ય કોઈપણ કિંમતી વસ્તુનું દાન કરી શકાય છે. આજના દિવસે ભજન-કીર્તન અને સત્સંગનું આયોજન પણ કરવામાં આવે છે. સફળા એકાદશીના દિવસે સવારે સ્નાનાદિ અને નિત્યકર્મથી પરવારીને સ્વચ્છ વસ્ત્રો પહેરવાં. ભગવાન વિષ્ણુની પૂજા ઘરમાં અથવા તો મંદિરમાં જઈને કરી શકાય છે. તુલસી દળ, પીળા ફૂલ, ધૂપ-દીપ અને નૈવેદ્ય ધરવામાં આવે છે. આખા દિવસના ઉપવાસ બાદ બીજા દિવસે વ્રત પૂર્ણ કરવાનું હોય છે. ભગવાનની કૃપા મેળવવા માટે કોઈ આડંબર કે પાખંડની જરૂર નથી. જીવનમાં સફળતા અને શાંતિ જોઈએ તો આજના દિવસે કરવામાં આવેલી સફળા એકાદશી ચોક્કસ મનોરથ પૂર્ણ કરે છે. એના માટે જરૂર છે તો શ્રદ્ધા અને વિશ્વાસની. ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# પરબ ધામમાં સંત દેવીદાસજી પછીની પરંપરા



સંત દેવીદાસ અને અમરમાની વિદાય પછી શાદુળપીરે ૩૭ વરસ સુધી જગ્યા સંભાળી. ઈ.સ.૧૮૨૦ વિ.સં.૧૮૭૬ દશેરાના દિવસે શાદુળ પીરે સમાધિ લીધી. ત્યાર પછી શાદુળના શિષ્ય ચરણદાસ પરબની ગાદીએ મહંત તરીકે આવ્યા.(વિદાય વિ.સં.૧૮૭૮ ઈ.સ.૧૮૨૨), એમના પછી (૪)કરમણપીર ( જે ૧૯ વરસ સુધી ગાદીપતિ તરીકે રહ્યા અને વિ.સં. ૧૮૯૭ ઈ.સ.૧૮૪૧માં વિદાય લીધી), એ પછી સેવાદાસજી મહારાજ ગાદીએ આવ્યા. તેઓ પરબના સંત જલારામજીના શિષ્ય હતા એમની જગ્યા જૂનાગઢ શાપુર દરવાજા બહાર હતી. તેમના અવસાન પછી 'દાના બાવા' પરબની ગાદીએ આવ્યા. દાનાબાવા પછી અમરી માતા -પરબના પ્રથમ સાધ્વી અધિષ્ઠાતા- ગાદીએ આવ્યાં જેમણે કરમણ-દેવિદાસની ચરણપાદુકાઓ પધરાવી ફરતો ઓટો ચણાવ્યો. કોઠાર,ભંડારના બે મકાનો અને માળવાળો એક બંગલો મેડી કરાવ્યાં- એમનું વિ. સં.૧૯૨૮ ઈ.સ.૧૮૭૨માં અવસાન થયું. એમના પછી ગાદીએ આઠમા મહંત તરીકે વેલા બાવા આવ્યા. એમના પછી (૯) વસનદાસજી, (૧૦) જલારામજી, (૧૧) હીરબાઈ માતાજી(વિદાય વિ.સં.૧૯૫૨ ઈ.સ.૧૮૯૬),(૧૨) ધ્યાનદાસજી(વિદાય વિ.સં.૧૯૫૭ ઈ.સ.૧૯૦૧), (૧૩)કાનદાસજી (વિદાય વિ.સં. ૧૯૬૧ ઈ.સ.૧૯૦૫), (૧૪)ગંગામાતાજી (વિદાય વિ.સં.૨૦૦૨ શ્રાવણ વદ ૪ ઈ.સ.૧૯૪૬),(૧૫) બાળક રામદાસજી (માત્ર એક મહિનામાં અવસાન ઈ.સ.૧૯૪૬. વિ.સં. ૨૦૦૩ ઈ.સ.૧૯૪૭ કોઠારી હરિદાસની વિદાય પછી વહીવટદાર તરીકે સેવાદાસજીની નિમણૂક કરેલી. (૧૬) સેવાદાસજી મહારાજ (વિદાય વિ.સં.૨૦૩૯ ફાગણ વદી ૮ ઈ.સ.૧૯૮૩),(૧૭) કરસનદાસજી (ઈ.સ.૧૯૮૩થી હાલમાં મહંત પદે હયાત..) એમ સતરમા વર્તમાન અધિષ્ઠાતા તરીકે બિરાજે છે.

પરબની સંત પરંપરામાં અનેક ભક્તો અને કવિઓ થઈ ગયા છે, જેમાં સાંઈ શેલાણીના એક શિષ્ય તે દાસ હમીરો. પરબના મહંત જલારામજી પછી ગાદીએ હીરબાઈ માતાજી પણ આવેલાં, જેમનું અવસાન વિ. સં.૧૯૫૨માં થયું એ પછી ગાદીએ ધ્યાનદાસજી આવેલા. એ સિવાય ગંગામાતાજી / ગંગાદાસજી પણ પરબના મહંત, કાનદાસજીના અવસાન વિ.સં. ૧૯૬૧ પછી આવેલાં. વિ.સં.૨૦૦૨ શ્રાવણ વદી ૪ અવસાન એ પહેલાં વિ.સં.૧૯૯૨ આસો સુદ. ૧૦ રવિવારે બાળકદાસજીને મહંત પદે સ્થાપેલાં. કેટલાક ભજનિકો પરબના ગંગાબાઈ-ગંગામાતાજીએ પણ ગંગેવદાસી નામાચરણથી ભજનો ગાયાં છે એમ માને છે. કાનદાસજી પરબના સંત મહંત બન્યા પહેલાં દેવકી ગાલોળના સ્થાનકમાં રહેતા. ધ્યાનદાસજીએ તેડાવ્યા ને ગાદીપતિ તરીકે સ્થાપ્યા. જીવણદાસ મોઢવાડિયા (ઈ.સ.૧૭૨૫માં હયાત) પરબના સંત દેવીદાસના શિષ્ય હતા, મેર જ્ઞાતિનાં સંત-કવયિત્રી લીરબાઈ/ લીરલબાઈને એમણે દેવીદાસજીનો પરિચય કરાવ્યો. જીવણદાસજીનાં પત્ની : સોનબાઈમા. જગ્યા : મોઢવાડા (તા. પોરબંદર).

ધ્યાનદાસજી (અવ. ઈ.સ. ૧૯૦૧) પરબના સંત. બારમા ગાદીપતિ મહંત. હીરબાઈ માતાના અવસાન પછી સં. ૧૯૫૨માં ગાદીએ પાંચ વર્ષ વહીવટ. સં. ૧૯૫૭ પોષ સુદ ૧૧ના દિવસે અવસાન. શિષ્ય : કાનદાસજી. કાનદાસજીને આશ્રમની સોંપણી કરી અવસાન. બાળકદાસજી (અવ. ઈ.સ. ૧૯૪૬) પરબના સંત. પંદરમા ગાદીપતિ મહંત. ઈ.સ. ૧૯૩૬માં ગંગામાતાજીએ મહંતપદે સ્થાપ્યા. અવ.વિ.સં. ૨૦૦૨ એમના પછી પરબના ઉત્તરાધિકારી રામદાસજી નાની વયના હોવાથી માણાવદરની જગ્યાના સંચાલક સેવાદાસજીને ગાદી સોંપેલી. બૂઢાબાવા : પરબના સંત જલારામજીના શિષ્ય. જગ્યા : તોરી-રામપુર. માઈ સાહેબ- ગોંડલમાં કોલેજ ચોક પાસે માઈ સાહેબમાંનો તકિયો છે. જ્યાં દર વર્ષે મેળો ભરાય છે. એ ફકીર જ્ઞાતિના પરબના સહેલાણશાહ- શેલાણી સાંઈનાં બહેન હતા. રતનાભગત રબારી ભક્તે (પરબ પરંપરાનાં કરમણના શિષ્ય) દેવકી ગાલોળ ગામે જગ્યા સંભાળી. એ જગ્યા કરમણે બાંધેલી. રૂડાભગત શાદૂળભગત (પરબ)ના શિષ્ય. રૂડાપીર તરીકે ઓળખાયા છે. મસ્તક કાપીને શાદૂળ ભગત પાસે મોકલાવ્યું મસ્તકની સમાધિ પરબ સ્થાનમાં ને ધડની સમાધિ આરામગાહ 'કરિયા' ગામથી થોડે છેટે એકધાર પર. વજસી ભગત-શાદૂળ ભગત (પરબ)ના શિષ્ય. કંડોરણા ગામે જગ્યા બાંધેલી.

*કલે કલે તારી કૂંચી, પરબુંના પીર કલે કલે તારી કૂંચી..*
*પાંચ તતવનો બનાવ્યો બંગલો, બારી મેલી છે ઊંચી ઊંચી,*
*અઢારે વરણ છે એક જ પ્યાલે, જાત વરણ નહીં નીચી...*
*પરબુંના પીર કલે કલે તારી કૂંચી..૦*
*સવરા મંડપમાં મારો સદગુરુ બેઠા, ન્યાં ચાર જુગની લહેરૂં મચી,*
*દેવંગી પરતાપે શાદુળ બોલ્યા, જાતી વૈકુંઠની વાતું પૂછી..*
*પરબુંના પીર કલે કલે તાી કૂંચી..* ■

# રૂપાંદેનું માલદેને ઉપદેશ અર્પતું ભજન

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com



રૂપાંદે-માલદે સંત યુગલ શક્તિ પરંપરામાં ભારે મહત્ત્વનું છે. રાજા માલદે નાસ્તિક હતા. એમને કોઈ ગુરુ પણ ન હતા. રૂપાંદેએ લગ્ન પછી માલદેને ધર્માભિમુખી બનાવીને સંતત્વના માર્ગે વાળેલ. પતિની પ્રકૃતિમાં પરિવર્તન લાવવાનું કામ પત્ની કરે, દુરિતને, દુરાચારને સદાચાર અને સત્સંગ તરફ ઢાળવાનું કામ સફળતાથી પાર પડે એમાં પત્નીનું ભક્ત હૃદય, ભક્તિ પ્રકૃતિ અને એના પ્રભાવને કારણભૂત માનવામાં આવે છે.

રાવ મલ્લીનાથ રાજસ્થાની રાજવી છે. સંતવાણીમાં રાઓલ માલા - રાવળ માલા, માલદે નામથી એ પ્રખ્યાત છે. રૂપાં રાણી મેંઘ ધારુની શિષ્યા છે. મહાપંથની પથિક છે. મહાપંથના માર્ગે પતિદેવને વાળી શક્વા એ સમર્થ બની. ભારતીય માતૃશક્તિ, નારીસત્તા અને મહિલા મનોજગતની આ વાસ્તવિક ઘટના વિશ્વ સમક્ષ મૂકવા જેવી છે. સતમાર્ગ અને સદાચારને જીવનમાં વ્યવહારમાં ઉતારવા માટેનો એમનો ઉપદેશ માત્ર રાવ મલ્લિનાથ માટે જ નથી. સમગ્ર માનવ સમુદાયને સ્પર્શે એ કક્ષાની સનાતન અને શાશ્વત ભૂમિકા એમાં નિહિત છે. ભારતીય નારી માત્ર રંભા નથી, માતા નથી, મિત્ર નથી અને ઉપદેશક પણ છે. એનું ભાન કરાવતું આ ભજન મહત્ત્વનું જણાયું છે. આ ભાવને આલેખતું એક ભજન ખૂબ પ્રચલિત છે. એને મળતું આવતું પરંપરામાં ઓછા પ્રચલિત ભજનનો પાઠ મને ભજનસાગર જેવા જૂના સંપાદનમાંથી પ્રાપ્ત થયેલ છે, એને આસ્વાદીએ.

*એ રાવળ માલા, આ દલ ખોજો તો, માયલાને જાણજો.*
*...ટેક..*

*એ રાવળ માલા, તારા વિના, તુંબા ક્યું બજેલા હે જી*
*એ રાવળ માલા, આ દલ ખો જો તો, માયલાને જાણજો. ...૧*
*એ રાવળ માલા, કોઈ દિન દાતાને કોઈ દિન ભુક્તા હે જી,*
*કોઈ દિન બાળુડાને વેશે હોણાં રે, રાવળ માલા, આ દલ -*
*ખોજો તો ....૨*
*એ રાવળ માલા, પારકી જણસ તો, માગીને લેણાં હે જી,*
*એ તો અરથ સરે ને પાછી દેણો રે, રાવળ માલા, આ દલ -*
*ખોજો તો ...૩*
*એ રાવળ માલા, ભખર નારી વાકો, સંગ નવ કરણાં હે જી,*
*તાકું હાથ જોડને દૂર રેણાં રે, રાવળ માલા, આ દલ -ખોજો તો ....૪*
*એ રાવળ માલા, પરાઈ બેટી તો, જનની કરી જાણનાં હે જી,*
*તાકું બેની કહી બોલવણાં રે, રાવળ માલા, આ દલ -ખોજો તો ....૫*
*એ રાવળ માલા, ગુરુને પ્રતાપે, સતી રૂપાંદે બોલ્યાં હે જી,*
*એ તો બોલ્યાં છે અગમ જુગનાં વેણાં રે, રાવળ માલા, આ દલ*
*-ખોજો તો ....૬*

રૂપાંદે પતિને સંબોધે-પ્રબોધે છે. એમાં એ એના ચિત્તને તપાસવાનું અને એમાંથી પ્રત્યુત્તર મેળવવાનું કથે છે. દિલને ખોજવાનું કહે છે જેમાં દેહ અને વિલ માટે તાર અને તુંબડું રૂપક યોજે છે. સંગીત-સૂર એ બેના સાયુજ્યથી-સંવારથી જ પ્રગટે. માનવજીવનમાં બધું સારું- સરખું નથી રહેતું. ક્યારેક દાતાર-દાનવીર હોઈએ તો ક્યારેક આપણે જ લાભાર્થી-ભોક્તા હોઈએ. ક્યારેક બાળક જેવા સાવ પરાધીન - અન્ય પર આધાર રાખીને ભોળા, નિર્દેશ અવસ્થામાં હોઈએ.

હે રાવ મલ્લીનાથ-માલદે કોઈની પારકી વસ્તુ માગીને ઉછીની અવશ્ય લેવી પણ આપણું કાર્ય પૂર્ણ થયે એને પરત કરવાની હોય. કોઈના લેણદાર ન રહેવું. એ ભાવ અહીં વિહિત છે. પરસ્ત્રી-મહિલાની સંગત માટે વૃત્તિ ન રાખવી. એને તો દૂરથી નમસ્કાર કરવા. અને એનાથી દૂર રહેવું. અન્યકોઈ તરુણી-યુવાન મહિલાને માતૃ સ્વરૂપે અવલોકવી અને બહેન-ભગિની-માનીને એને સંબોધન કરવું. રાઓલ માલદેજી તમે તમારા હૃદયને દિલને પૂછશો તો આ જ ઉત્તર મળશે. હું જે તમને કહું છું. એ આપણી આગળથી - પ્રાચીનકાળથી ચાલી આવતી પરંપરા-સંસ્કૃતિનો ઉપદેશ મારા ગુરુની કૃપાથી આપને કહી રહી છું. અહીં જીવનમાં આવતા ચઢાવ-ઉતારની વાત પારકી વસ્તુ પરત્વે અનાસક્ત રહેવાની પ્રકૃતિ કેળવવાનું કથન અને સ્ત્રીથી-નારીથી દૂર રહેવાનો-કામભાવને ત્યાગવાનો ઉપદેશ. નારીને માતા કે બહેન માનીને એમની સાથે સંવાદનું વલણ રાખવાની વાત. માનવ જીવનને અધ્યાત્મ માર્ગે સદમાર્ગે વળવા માટેના આ ત્રણ માર્ગો મહત્ત્વના છે. સાધના-ઉપાસના અને નામ જાપ પૂર્વે સદાચારી વ્યક્તિત્વ કેળવવાની વિગતને ભારથી કહેતી રૂપાંદે એક રાજવીની રાજસ, તમસ પ્રકૃતિને ઉપદેશ અર્પીને એને પલટાવવામાં સફળ રહી એનું ભારે અર્થપૂર્ણ અને મર્મપૂર્ણ ભજન ભાંગતી રાત્રે શિવરાત્રીના જૂનાગઢના મેળામાં તંબુરના તારે બે-ત્રણ દાયકા પહેલા નિરંજન રાજયગુરુની સાથે સાંભળેલું એનું તીવ્ર સ્મરણ ચિત્તમાં આજે પણ અકબંધ છે. ખાસ તો પ્રત્યેક કડીની બીજી પંક્તિના પૂર્વાર્ધોને અંતે આવતો આજ્ઞાર્થ સૂચક એવી હોણાં, દેણાં, રેણાં, બોલવણાં અને વેણાં પ્રાસ માટેનું અર્થપૂર્ણ યોજના રૂપાંદેની સહજ રીતે કાવ્યકથન પ્રતિભા અને સહજ સર્ગશક્તિની પરિચાયક છે. એ આપણાં ચિત્તનો કબ્જો મેળવે છે. ■

# ગુરુકૃપાનું પરમ દુર્લભ સ્વરૂપ એટલે શક્તિપાત

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

શક્તિપાત મેળવવો એ કંઈ સહેલું કામ નથી, પણ જો તમને યોગ્ય ગુરુ મળે, તો તેઓ તમને આ ઊર્જાથી ભરપૂર આશીર્વાદ આપી શકે છે. સાથે એ પણ મહત્ત્વપૂર્ણ છે કે, એક શિષ્ય તરીકે, તમારે પણ સંપૂર્ણપણે ગ્રહણશીલ બનવું પડે.

ગુરુ જુએ કે શિષ્ય શક્તિપાત લેવા માટે સંપૂર્ણ યોગ્ય અને તૈયાર છે, પછી એક વ્યક્તિથી બીજા વ્યક્તિમાં ઊર્જાનો આધ્યાત્મિક પ્રવાહ કેવી રીતે થાય છે? ઘણી પદ્ધતિઓ અસ્તિત્વમાં છે અને તે ગુરુ પર આધાર રાખે છે કે તેઓ કઈ પદ્ધતિનો ઉપયોગ કરવા માગે છે.

અહીં કેટલીક રીતો છે જેના દ્વારા શક્તિપાત થઈ શકે છે:

૧. મંત્ર દીક્ષા

આ પદ્ધતિમાં, ગુરુ શિષ્યને એક ગુપ્ત મંત્ર આપે છે. પછી બંને સાથે મળીને મંત્રનો જાપ કરે છે, જે દરમિયાન શક્તિપાત થાય છે.

૨. ચક્ષુષી દીક્ષા (દ્રષ્ટિ)

કેટલાક ગુરુઓ ફક્ત એક નજરની શક્તિ દ્વારા શિષ્યની કુંડલિની શક્તિને જાગૃત કરી શકે છે. ગુરુ સીધા પ્રાપ્તકર્તાની આંખોમાં જુએ છે અને તેમની વચ્ચે આધ્યાત્મિક ઊર્જા વહે છે.

૩. માનસી દીક્ષા (વિચારો)


આ શક્તિપાતની એકમાત્ર પદ્ધતિ છે જેમાં ગુરુ અને શિષ્યને એક જ રૂમમાં રહેવાની જરૂર નથી. ગુરુ ફક્ત શિષ્યને વિચારો અને પ્રાર્થના મોકલે છે, જે તેમની ગ્રહણશક્તિના આધારે તેમની કુંડલિની ઊર્જાને જાગૃત કરી શકે છે.

૪. સ્પર્શ દીક્ષા

ગુરુ પોતાનો અંગૂઠો શિષ્યના કપાળ પર ભમર વચ્ચેના બિંદુ પર રાખે છે. આ દરેક વ્યક્તિમાં ચેતનાનું બિંદુ છે અને તેને ત્રીજું નેત્ર પણ કહેવામાં આવે છે. ત્યારબાદ ત્રીજી આંખ ગુરુ પાસેથી ઊર્જા મેળવે છે.

શું કુંડલિની જાગૃતિ દરેક વ્યક્તિમાં સમાન સ્તરની અતિચેતના જગાડે છે? ચોક્કસ નહીં.

શિષ્યની ગ્રહણશક્તિના સ્તર, તેમનાં કર્મોનો સરવાળો અને કુંડલિની પોતે વ્યક્તિના ઊર્જા ક્ષેત્રમાં કેવી રીતે વર્તે છે તેના આધારે, શક્તિપાત વિવિધ તીવ્રતાનો હોઈ શકે છે. સૌથી વધુ તીવ્રતાથી શરૂ થતા



શક્તિપાતના ૭ વિવિધ સ્તરો હોઈ શકે છે.

૧. હીન કૃપા (મંદ)

મોટાભાગના લોકો આ શ્રેણીમાં આવે છે કારણ કે તેઓ ફક્ત દુઃખના સમયે જ ઈશ્વરને યાદ કરે છે. આવા લોકો શક્તિપાત પ્રાપ્ત કરવા તૈયાર નથી.

૨. મધ્યમ કક્ષાની કૃપા (મધ્ય મંદ શક્તિપાત)

દીક્ષા લીધા પછી પણ, આ સ્તર પર શિષ્યને દુન્યવી સુખો પ્રત્યે મજબૂત લગાવ રહે છે. અને આ લગાવ ઘણીવાર ભગવાન સાથે જોડાણ કરવાની ઇચ્છા કરતાં વધુ મજબૂત હોય છે.

૩. મધ્યમ મધ્ય કૃપા (મધ્ય મધ્ય શક્તિપાત)

ગુરુએ આ તબક્કે વ્યક્તિને શક્તિપાત આપવાની શરૂઆત કરી હશે, પરંતુ પ્રાપ્તકર્તાની ભૌતિક ઇચ્છાઓ હજુ પણ પૃષ્ઠભૂમિમાં રહે છે. તેમને બીજી દીક્ષાની જરૂર પડી શકે છે, મોટે ભાગે બીજા જીવનમાં.

૪. મધ્યમ પરમ કૃપા (મધ્ય તીવ્ર શક્તિપાત)

કૃપાનું આ સ્તર વ્યક્તિને ગુરુ પાસેથી માર્ગદર્શન મેળવવા તરફ દોરી જાય છે. પરંતુ મુક્તિનું સાચું સાધન શોધવામાં આખું જીવન લાગી શકે છે.

૫. પરમ નિમ્ન કૃપા (તીવ્ર મંદ શક્તિપાત)

આ સ્તરે, શક્તિપાત પ્રાપ્ત કરનાર શિષ્યને ગુરુ પાસેથી હજુ ઘણું શીખવાનું બાકી છે. અને તેઓ મુક્તિનો માર્ગ પ્રાપ્ત કરવા માટે આમ કરવાની તીવ્ર ઇચ્છા વ્યક્ત કરે છે.

૬. પરમ મધ્યમ કૃપા (તીવ્ર મધ્ય શક્તિપાત)

અહીં, પ્રાપ્તકર્તાને ગુરુ તરફથી કોઈ વધુ માર્ગદર્શનની રાહ જોવાની જરૂર નથી. તેના બદલે, તેઓ દૈવી શક્તિઓની મદદથી મુક્ત થાય છે.

૭. પરમ કૃપા (તીવ્ર તીવ્ર શક્તિપાત)

ઉચ્ચતમ સ્તરે, શક્તિપાત પ્રાપ્ત કરનાર વ્યક્તિ સ્વયં ગુરુ બની જાય છે અને તરત જ મુક્ત થઈ જાય છે. તેઓ બ્રહ્મ સાથેના અંતિમ જોડાણ માટે પોતાના શરીરનો ત્યાગ પણ કરી શકે છે.

શક્તિપાત દીક્ષાના સૌથી દુર્લભ અને કઠિન સ્વરૂપોમાંનું એક સાધકના સંકલ્પ દ્વારા થાય છે. અહીં ગુરુ તરફથી શક્તિપાત માટે કોઈ શરૂઆત નથી થતી, પરંતુ સાધક પોતાની પસંદગીના ગુરુ પાસેથી દીક્ષા લેવા માટે ગહન સંકલ્પ કરે છે. સંકલ્પ એ શિષ્યના સમર્પણ અને ભક્તિનું સર્વોચ્ચ સ્વરૂપ હોવાથી, ગુરુ, જેમને વૈશ્વિક દૈવી ચેતનાનું મૂર્ત સ્વરૂપ માનવામાં આવે છે, તેઓ સાધકના સંકલ્પનો પ્રતિભાવ આપવા માટે બાધ્ય બને છે.

શક્તિપાત દીક્ષાના આ સ્વરૂપનું એક શ્રેષ્ઠ ઉદાહરણ આપણાં શાસ્ત્રોમાં પ્રખ્યાત ગ્રંથ મહાભારતમાંથી એકલવ્યની કથા છે. તેમણે ગુરુ દ્રોણાચાર્ય પાસેથી પ્રત્યક્ષ જ્ઞાન મેળવવાના બદલે મૂર્તિ બનાવીને ધનુર્વિદ્યા શીખવાનો અને તાલીમ લેવાનો સંકલ્પ કર્યો હતો. તેના આ સંકલ્પથી અજાણ દ્રોણાચાર્યએ આખરે તેનો સ્વીકાર કર્યો. નિર્વાણ દીક્ષા અને મૃત્યુદ્ધારી દીક્ષા, શક્તિપાત દીક્ષાના બે અન્ય સ્વરૂપો છે. પહેલામાં, ગુરુ સાધકનાં બધાં કર્મોને એક ક્ષણમાં બાળી નાખે છે, તેમને મુક્તિ અથવા નિર્વાણ પ્રદાન કરે છે. બીજામાં, દીક્ષા મૃત્યુ પછી કરવામાં આવે છે. આ દીક્ષાના ખૂબ જ અદ્યતન સ્વરૂપો છે અને અત્યંત દુર્લભ છે. અહીં યાદ રાખવા જેવી એક મહત્ત્વપૂર્ણ વાત એ છે કે ગુરુ એ નિશ્ચિત કરશે કે શક્તિપાત દીક્ષા ક્યારે જરૂરી છે. વધુમાં, શક્તિપાત દીક્ષા ત્યારે જ શક્તિશાળી હોય છે જ્યારે શક્તિપાત દીક્ષા લેનારા ગુરુએ તે પોતાના ગુરુ પાસેથી પ્રાપ્ત કરી હોય. ■

# - અને ઈશ્વરના આશીર્વાદ ઈસુ પર ઊતરી આવ્યા...

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

પ્રભુ ઈસા મસીહ લગભગ બે હજાર વરસ પૂર્વે થઈ ગયા. એક અભ્યાસ મુજબ દુનિયામાં ભાગ્યે જ કોઈ એવું હશે જે તેમના વિશે જાણતું નહીં હોય, પણ અનેકને ખબર નથી તે ખરેખર કોણ હતા.

- અમુક કહે છે કે તે બસ એક ભલા માણસ હતા.

- અમુક કહે છે કે તે એક મહાન ગુરુ હતા.

- અમુક તો તેમને ઈશ્વર માને છે અને તેમની ભક્તિ કરે છે.

- ઈલાહી કિતાબ બાઈબલ કહે છે:

* 'અનંત જીવન એ છે કે તમે એકલા ખરા ઈશ્વરને તથા ઈસુ ખ્રિસ્ત જેમને ઈશ્વરે મોકલ્યા છે તેમને ઓળખો.'

- 'મુંબઈ સમાચાર' પત્રની ધર્મતેજ પૂર્તિના વ્હાલા શ્રદ્ધાળુ વાચકો! જો તમે ઈશ્વર હોવા અને ઈસુ વિશે શીખો, તો તમને સુંદર ધરતી પર શાશ્વત કાળ માટે જીવવાનો મોકો મળશે.

- આપણે ઈસુ વિશે પણ શીખવાની જરૂર શા માટે છે?

- કેમ કે ઈસુએ જ બતાવ્યું આપણે કઈ રીતે બધા સાથે હળી-મળીને રહી શકીએ.

- કઈ રીતે સત્યના માર્ગ પર ચાલી શકીએ. તેમણે આપણા માટે સૌથી સારો દાખલો બેસાડ્યો છે.

- ધરતી પર ઈસુનો જન્મ થયો એની સદીઓ પહેલાં બાઈબલે તેમના વિશે જણાવ્યું હતું.

- 'મસીહ' મૂળ હિબ્રૂ શબ્દ છે અને 'ખ્રિસ્ત' ગ્રીક શબ્દ છે. પણ બંનેનો અર્થ એક જ છે.

* અભિવ્યક્તિ એટલે કે યહોવાએ પસંદ કરેલી વ્યક્તિ. આ વ્યક્તિને ઈશ્વર ખાસ જવાબદારી અને ઊંચી પદવી આપવાના હતા.

- ઈસુનો જન્મ થયો એ પહેલાં, ઘણા લોકો એ વિચારતા હતા કે એ મસીહ; અભિષિકત વ્યક્તિ હતી કે નાઝારેથના ઈસુ જ મસીહ છે.

- સિમોન પિતર નામના એક શિષ્યે બધાની સામે ઈસુને કહ્યું,

- 'તમે મસીહ છો!'

- શિષ્યો શા માટે એમ માનતા હતા?


- આપણે પણ કેવી રીતે એવી જ શ્રદ્ધા રાખી શકીએ કે ઈશ્વરે મોકલેલા મસીહ ઈસુ જ છે?

- ઈસુ ધરતી પર આવ્યા એ પહેલા, યહોવાએ પોતાના ભક્તોને મસીહ વિશે ઘણી વિગતો જણાવી હતી. એટલે ઈસુ ધરતી પર આવ્યા ત્યારે લોકો સહેલાઈથી તેમને ઓળખી શક્યા.

ઉદાહરણ તરીકે બસ-સ્ટેન્ડ, રેલવે સ્ટેન્ડ કે એરપોર્ટ પર કોઈને લેવાનું છે. તમે એમને કદી જોયા નથી, પણ કોઈ તમને અમુક માહિતી આપે કે તે દેખાવે કેવા છે પછી જલદીથી તેમને ઓળખી કાઢશો.

- એવી જ રીતે, ઈશ્વરે પોતાના પયગંબરો, સંદેશવાહકો દ્વારા બાઈબલમાં અનેક વિગતો જણાવી હતી.

- જેમ કે મસીહ પૃથ્વી પર આવશે ત્યારે તેમના જીવનમાં કેવા કેવા બનાવો બનશે. એ બનાવો પરથી, ઈશ્વર - ભક્તો આસાનીથી, સરળતા, સહેલાઈથી



મસીહને ઓળખી કાઢી શકે.

- મસીહ વિશે અનેક વચનો સાચાં પડ્યાં હતાં. જેમાંના બે ઉદાહરણો જોઈએ:

- એક તો મસીહનો જન્મ ક્યાં થશે.

- ઈસુ પૃથ્વી પર આવ્યા એના લગભગ ૭૦૦ વર્ષ પહેલાં બાઈબલે એ વિશે જણાવ્યું હતું. યહોવાએ મિખાહ નામના પયગંબર (ઈશ્વરના દૂત)ને કહ્યું કે, મસીહનો જન્મ યહુદાહ દેશના બેથલેહેમ ગામમાં થશે. ઈસુનો જન્મ બેથલેહેમમાં જ થયો.

- બીજું કે લોકો મસીહને ક્યારે સહેલાઈથી ઓળખી શકશે?

- ઈસુનો જન્મ થયો એની સદીઓ પહેલાં, યહોવાએ દાનિયલ ૯:૨૫માં જણાવ્યું હતું કે તેમને ૨૯મી સાલમાં લોકો ઓળખશે. એ પણ સાચું પડ્યું!

- મસીહ હોવાના બીજા ઘણાં લક્ષણો ઈસુમાં જોવા મળ્યા.

- એ સાબિત કરે છે કે ઈસુ જ મસીહ, અભિષિક્ત વ્યક્તિ છે. જેમને ઈશ્વરે ખાસ કામ માટે પસંદ કર્યા હતાં.

- બીજું ઉદાહરણ જોઈએ: ઈસવીસન ૨૯માં એક વધારે સાબિતી મળી કે ઈસુ જ મસીહ છે.

- એ વરસના અંતમાં ઈસુ બાપ્તિસ્મ લેવા માટે યરદન નદીએ ગયા. એ વખતે યોહાન લોકોને બાપ્તિસ્મ આપતા હતા. આ બનાવ પહેલાં ઈશ્વરે યોહાનને વચન આપ્યું હતું કે તેમને મસીહની ઓળખ વિશે નિશાની આપશે. ઈસુ બાપ્તિસ્મ પામ્યા ત્યારે યોહાનને એ નિશાની જોવા મળી.

- એના વિશે બાઈબલ કહે છે કે,

- બાપ્તિસ્મ લઈને ઈસુ પાણીમાંથી બહાર આવ્યા.

- તરત જ આકાશ ખૂલી ગયું.

- ઈશ્વરના આશીર્વાદ કબૂતરની જેમ ઈસુ પર ઉતર્યો.

- પછી જન્નત, સ્વર્ગમાંથી વાણી થઈ કે, 'આ મારો વહાલો દીકરો છે, એના પર હું પ્રસન્ન છું.'

- યોહાને પોતાની આંખે એ જોયું ને કાને સાંભળ્યું. તેમને પૂરી ખાતરી થઈ કે ઈશ્વર જ ઈસુને પૃથ્વી પર મોકલ્યા હતા. ઈશ્વરનો આશીર્વાદ ઈસુ પર ઊતરી આવ્યો ત્યારથી મસીહ કે ખ્રિસ્ત બન્યા. એટલે કે ઈશ્વરના પસંદ કરેલા રાજા બન્યા. ■

# બિલ્ડરની બે કરોડની રોકડ લૂંટનારો ક્રાઈમ બ્રાન્ચનો નકલી અધિકારી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં બિલ્ડરના કર્મચારીને રસ્તામાં આંતરીને બે કરોડ રૂપિયા લૂંટનારા ક્રાઈમ બ્રાન્ચના નકલી અધિકારીને ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ બે દિવસમાં જ પકડી પાડ્યો હતો. આરોપી પાસેથી ૪૫ લાખની રોકડ હસ્તગત કરવામાં આવી હોઈ તેના સાથીની પોલીસ શોધ ચલાવી રહી છે. ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૨ના અધિકારીઓએ રવિવારે ધરપકડ કરેલા આરોપીની ઓળખ ગૌરવ વિજય મસુરકર (૪૪) તરીકે થઈ હતી. પરેલના કાળેવાડી પરિસરમાં રહેતા ગૌરવને કાલાચોકી વિસ્તારમાંથી તાબામાં લેવાયો હતો. પોલીસના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારની સાંજે ચોથી ખેતવાડીના કૉર્નર પર લહરી બિલ્ડિંગ સામે બની હતી. સિનિયર સિટીઝન ફરિયાદી નરીમાન પૉઈન્ટ ખાતે આવેલી બિલ્ડરની ઑફિસમાં કામ કરે છે. ઑફિસના કામકાજ અને હિસાબકિતાબ પર નજર રાખવાની જવાબદારી ફરિયાદીને સોંપાઈ હતી.

ફરિયાદ અનુસાર બિલ્ડરે ઑપેરા હાઉસમાં પંચરત્ન બિલ્ડિંગ ખાતેની કુરિયરની ઑફિસમાંથી બે કરોડ રૂપિયા લઈને ગિરગામમાં પાંજરાપોળ સ્થિત એક વેપારીને પહોંચતા કરવાનું ફરિયાદીને કહ્યું હતું. નક્કી થયા મુજબ ફરિયાદી સહકર્મચારી સાથે બાઈક પર કુરિયરની ઑફિસે ગયો હતો. બે કરોડ રૂપિયા બૅગમાં ભરીને બન્ને પાંજરાપોળ જવા નીકળ્યા હતા. ખેતવાડી નજીક પહોંચ્યા ત્યારે બુલેટ બાઈક પર આવેલા બે આરોપીએ ફરિયાદીની બાઈકને આંતરી હતી. પોતાની ઓળખ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકે આપી હતી. તપાસને બહાને બૅગ હાથમાં લઈને રોકડ અંગે પૂછપરછ કરી હતી. બાદમાં વરિષ્ઠ અધિકારીને કૉલ કર્યાનો ડોળ એક આરોપીએ કર્યો હતો. પોલીસ વૅન મોકલાવી બન્નેને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે લઈ જવાનું કહી આરોપીએ ફરિયાદીને ધમકાવ્યો હતો. બે કરોડની રોકડ અને ત્રણ મોબાઈલ લૂંટી બન્ને આરોપી ફરાર થઈ ગયા હતા. આ પ્રકરણે વી. પી. રોડ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો, જેની સમાંતર તપાસ ક્રાઈમ બ્રાન્ચે હાથ ધરી હતી. સીસીટીવી ફૂટેજને આધારે પોલીસે આરોપીને ઓળખી કાઢ્યો હતો. આરોપી ગૌરવ કાલાચોકી પરિસરમાં આવવાનો હોવાની માહિતી મળતાં પોલીસની ટીમે શનિવારની રાતે છટકું ગોઠવી તેને પકડી પાડ્યો હતો. ગૌરવના પરેલના ઘરમાં સર્ચ કરી ૪૫ લાખની રોકડ જપ્ત કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

# પ્રતિભા અને નેતૃત્વ ફક્ત વિશેષ પૃષ્ઠભૂમિ ધરાવતા લોકોનો ઈજારો નથી: શરદ પવાર

મુંબઈ : એનસીપી (એસપી) ના પ્રમુખ શરદ પવારે રવિવારે અહીં યશવંતરાવ ચવ્હાણ સેન્ટર ખાતે આયોજિત શરદ પવાર ઇન્સ્પાયર ફેલોશિપ એવોર્ડ સમારોહમાં બોલતા કહ્યું કે પ્રતિભા અને નેતૃત્વ ફક્ત વિશેષ પૃષ્ઠભૂમિ ધરાવતા લોકો સુધી મર્યાદિત નથી. તેમણે સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે સામાન્ય પરિવારોમાંથી આવતી સક્ષમ વ્યક્તિઓને આગળ આવવા અને તેમને ટેકો આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

તેમણે કહ્યું કે ફેલોશિપ કાર્યક્રમ મહારાષ્ટ્રના પ્રથમ મુખ્ય પ્રધાન યશવંતરાવ ચવ્હાણના જીવન અને મૂલ્યોને ધ્યાનમાં રાખીને ડિઝાઇન કરવામાં આવ્યો છે.

ચવ્હાણની સફરને યાદ કરતાં પવારે કહ્યું કે તેઓ ખૂબ જ સાધારણ પરિવારમાંથી આવતા હતા તેમ છતાં તેમણે માત્ર મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન તરીકે જ નહીં પરંતુ સંરક્ષણ પ્રધાન, નાણાં પ્રધાન અને વિદેશ પ્રધાન તરીકે પણ દેશની સેવા કરી હતી. આ દર્શાવે છે કે ક્ષમતા એ થોડા લોકોનો એકાધિકાર નથી. તે સામાન્ય લોકોમાં પણ હોય છે,'' એનસીપી (એસપી)



ના વડાએ ફેલોશિપ કાર્યક્રમ દ્વારા મહારાષ્ટ્રમાં આવા વ્યક્તિઓને આગળ આવવા અને તેમને પ્લેટફોર્મ આપવા બદલ યશવંતરાવ ચવ્હાણ પ્રતિષ્ઠાનની પ્રશંસા કરી.''

પવારે ફેલોશિપ વિજેતાઓને અભિનંદન આપતા વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ કાર્યક્રમ દ્વારા મેળવેલ જ્ઞાન અને અનુભવ ગામ, તાલુકા અને જિલ્લા સ્તરે પરિવર્તન લાવવામાં મદદ કરશે. તેમણે સહભાગીઓને ફક્ત સારા કાર્ય પર જ નહીં પરંતુ લાંબા ગાળાની અસર ટકાવી રાખવા માટે મજબૂત સંસ્થાઓ બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી.

વિવિધ ક્ષેત્રોમાં ઝડપી પરિવર્તનનો ઉલ્લેખ કરતા, પવારે કૃષિ ક્ષેત્રમાં એઆઈ ની વધતી જતી ભૂમિકા પર પ્રકાશ પાડતા કહ્યું કે,એઆઈ આધારિત ટેકનોલોજી પાણી અને ખાતરોનો ઉપયોગ ઘટાડીને પાક ઉત્પાદકતામાં નોંધપાત્ર સુધારો કરી શકે છે. ખર્ચ ઘટાડીને કૃષિ ઉત્પાદનમાં ૨૫ થી ૩૦ ટકાનો વધારો થઈ શકે છે.

બાદમાં પત્રકારો સાથે વાત કરતા, રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એસપી) ના કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળેએ જણાવ્યું હતું કે શરદ પવાર ઇન્સ્પાયર ફેલોશિપ આગામી વર્ષથી ફક્ત મહિલાઓ માટે શરૂ કરવામાં આવશે. આ ફેલોશિપ યશવંતરાવ ચવ્હાણ સેન્ટર દ્વારા પાર્ટી પ્રમુખ શરદ પવારના 'સહસ્ત્રચંદ્ર દર્શન' ઉજવણી નિમિત્તે શરૂ કરવામાં આવી હતી અને હવે તે તેના પાંચમા વર્ષમાં પ્રવેશી છે.

સુળેએ વધુમાં જણાવ્યું હતું કે આ ફેલોશિપ કૃષિ, શિક્ષણ અને સામાજિક પરિવર્તન જેવાં ક્ષેત્રોમાં રસ ધરાવતી મહિલાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. ■

# વરલીની 'સેંચ્યુરી'ની જગ્યા પર મિલ કામદારોને મળશે ઘર

## પાલિકા બનાવશે રેસિડેન્શિયલ કૉમ્પ્લેક્સ

મુંબઈ: લોઅર પરેલમાં આવેલી 'સેંચ્યુરી ટેક્સટાઈલ'નો કબજો મુંબઈ મહાનગરપાલિકાને મળ્યા બાદ આ જગ્યાનો વિકાસ કરીને ત્યાં બહુમાળીય રહેણાંક બિલ્ડિંગ ઊભી કરવામાં આવવાની છે. તે માટે પાલિકાએ ટેન્ડર બહાર પાડ્યાં છે. જગ્યાના વિકાસ માટે જગ્યાની લીલામી કરીને તેમાંથી પાલિકાને ૧,૩૪૮ કરોડ રૂપિયાની આવક થવાની છે.

આ જગ્યા પર રહેણાંક ઈમારત ઊભી કર્યા બાદ અમુક ઘર 'સેંચ્યુરી ટેક્સટાઈલ' મિલના મૂળ કામગાર અને કર્મચારીઓને આપવામાં આવશે. તો અમુક ઘરના વેચાણ કરવામાં આવશે. પાલિકાએ 'સેંચ્યુરી મિલ'ની જગ્યાનો વિકાસ કરવાનો નિર્ણય લીધો છે. તે માટે આ જગ્યામાં રહેનારા કામગારોના ઘરના સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યા છે. અહીંના મૂળ માલિક અને ભાડૂતની માહિતી મેળવવામાં આવી છે. સર્વેક્ષણ પૂર્ણ થયા બાદ પાલિકા ટેન્ડર બહાર પાડીને જગ્યાની લિલામી કરશે. જે પદ્ધતિએ મ્હાડા જગ્યાનો વિકાસ કરે છે, તે મુજબ 'સેંચ્યુરી ટેક્સટાઈલ' મિલની જગ્યાની વિકાસ ખાનગી ડેવલપર દ્વારા કરવામાં આવવાનો છે. ઘરના વેચાણથી પાલિકાને પણ ખાસ્સી એવી આવક થવાની છે. લગભગ ૧૦,૦૦૦ ચોરસ મીટર કરતાં વધુ જગ્યા છે, જેમાં પહેલાથી ભાડૂતો, ઘરના માલિકની સંખ્યા વધી ગઈ છે. જે લગભગ ૮૦૦ની આસપાસ માનવામાં આવે છે.

લોઅર પરેલનો આ છ એકરનો પ્લોટ ગરીબ વર્ગના કર્મચારીઓના ઘર માટે 'સેંચ્યુરી સ્પિનિંગ એન્ડ મેન્યુફેક્ચરિંગ લિમિટેડ'ને પહેલી એપ્રિલ ૧૯૨૭થી આગામી ૨૮ વર્ષ માટે લીઝ પર આપવામાં આવ્યો હતો. આ જગ્યા પર મિલ તરફથી ૪૭૬ રૂમ, ૧૦ દુકાન અને ચાલી બાંધવામાં આવી હતી અને તેની મુદત ૩૧ માર્ચ ૧૯૫૫ના પૂરી થઈ હતી. ત્યાર બાદથી આ જગ્યાની માલિકી પાલિકાની થઈ ગઈ છે. કરાર પૂરો થયા બાદ જમીન પાછી કરવાને બદલે જગ્યા પોતાના નામે કરવા માટે સેંચ્યુરી મિલ દ્વારા હાઈ કોર્ટમાં અરજી કરી હતી અને પાલિકા પણ કોર્ટમાં તેની સામે લડી હતી. કોર્ટમાં કેસ જીત્યા બાદ પાલિકાએ તેની જગ્યા પાછી મળી છે. આ જગ્યાની કિંમત લગભગ ૬૬૦ કરોડ રૂપિયા છે. જોકે લિલામી બાદ ૧,૩૪૮ કરોડ રૂપિયાનું મ્હેસૂલ પાલિકાને મળવાનું છે. ■

# નકલી સોનું આપી પચીસ લાખ રૂપિયા પડાવ્યા: ગાંધીનગરના દંપતી સહિત પાંચની ધરપકડ

## નાશિકના મંદિર પાછળ ખોદકામ વખતે સોનાના દાગીના મળ્યાનું જુઠ્ઠાણું ચલાવ્યું: ગુજરાતમાં પણ આ રીતે અનેકને છેતર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નાશિકના મંદિર પાછળની જમીનમાં ખોદકામ વખતે મળેલા સોનાના દાગીના સસ્તી કિંમતે વેચવાને બહાને મલાડના વેપારીને નકલી સોનું પધરાવનારી આંતરરાજ્ય ટોળકીનો પોલીસે પર્દાફાશ કર્યો હતો. ગુજરાતના ગાંધીનગરમાં રહેતા દંપતી સહિત પાંચની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીએ આ રીતે ગુજરાતમાં પણ અનેકને છેતર્યા હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

મલાડ પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ બાબુલાલ ભલારામ વાઘેલા (૫૫), કોકુબાઈ બાબુલાલ વાઘેલા (૫૦), મંગલરામ મનારામ વાઘરી (૩૪), કેસારામ ભગતારામ વાઘરી (૪૧) અને ભંવરલાલ બાબુલાલ વાઘરી (૪૮) તરીકે થઈ હતી. બાબુલાલ અને તેની પત્ની કોકુબાઈની ગાંધીનગર જિલ્લાના કલોલમાં બૈજનાથ સોસાયટીમાં આવેલા નિવાસસ્થાનેથી ધરપકડ કરવામાં આવી હતી. કલોલ કોર્ટમાંથી ૧૮ કલાકના ટ્રાન્ઝિટ રિમાન્ડ પર બન્નેને મુંબઈ લાવવામાં આવ્યાં હતાં. પૂછપરછમાં તેમણે આપેલી માહિતી પરથી બાકીના ત્રણ આરોપીને વિરારના કનેર ફાટા નજીકથી તાબામાં લેવાયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી મૂળ રાજસ્થાનના વતની હોવાથી બાબુલાલે ૨૬ નવેમ્બરે મલાડના વેપારી દિનેશ મહેતાનો સંપર્ક સાધી રાજસ્થાની ભાષામાં સંવાદ સાધ્યો હતો. મહેતા સાથે મિત્રતા વધાર્યા પછી બાબુલાલે નાશિકના એક મંદિર પાછળની જમીનમાં ખોદકામ વખતે સોનાના દાગીના મળ્યા હોવાની વાત કરી હતી. ૯૦૦ ગ્રામથી વધુ વજનના દાગીના વેચવામાં મદદ કરવા અથવા સસ્તા દરે પોતે જ ખરીદી લેવાની લાલચ આરોપીએ મહેતાને આપી હતી.

મહેતાનો વિશ્વાસ બેસે તે માટે પહેલાં આરોપીએ સૅમ્પલ તરીકે અસલી સોનાના મણિ આપ્યા હતા. ચોખ્ખું સોનું હોવાની ખાતરી થતાં મહેતાએ પચીસ લાખ રૂપિયા દાગીના ખરીદી લીધા હતા. જોકે બાદમાં ઝવેરી પાસે દાગીનાની ચકાસણી કરાવવામાં આવતાં તે નકલી હોવાનું જણાયું હતું. પરિણામે મહેતાએ મલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ગુનો ૨૬ નવેમ્બરથી ૪ ડિસેમ્બર દરમિયાન થયો હોવાથી મલાડ પોલીસ સ્ટેશનના એપીઆઈ દીપક રાયવડેએ ટીમ સાથે આ સમયગાળામાંના મલાડ અને કાંદિવલીના ૧૦૦થી વધુ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ફૂટેજ અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસની ટીમ ગાંધીનગરના બાબુલાલ સુધી પહોંચી હતી. પૂછપરછમાં બાબુલાલની પત્નીની પણ સંડોવણી સામે આવી હતી.

આરોપી બાબુલાલના ઘરથી ૧૫.૪૫ લાખની રોકડ હસ્તગત કરવામાં આવી હતી. તેની વિરુદ્ધ કલોલ તાલુકા પોલીસ અને સાબરમતી પોલીસ સ્ટેશનમાં પણ ગુના નોંધાયેલા હોવાનું જણાયું હતું. આરોપીએ આ રીતે વિવિધ રાજ્યોના નાગરિકોને છેતર્યા હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. ■

# વનવાસી કલ્યાણ આશ્રમ પર હુમલાનો કેસ: બચેલો એકમાત્ર આરોપી પણ દોષમુક્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પાલઘર જિલ્લાના તલાસરી ખાતે ૧૯૯૧માં વનવાસી કલ્યાણ આશ્રમ પર હુમલો અને લૂંટના કેસમાં બચેલા એકમાત્ર આરોપીને પણ સેશન્સ કોર્ટે નિર્દોષ જાહેર કર્યો હતો.

તલાસરીમાં આવેલા આશ્રમમાં ૧૪ ઑગસ્ટ, ૧૯૯૧ના રોજ ૧૫૦થી વધુ લોકોના ટોળાએ પથ્થરો અને બામ્બુથી હુમલો કર્યો હતો. હુમલામાં આશ્રમનો મૅનેજર મહાદેવ જયરામ જોશી ગંભીર રીતે ઘવાયો હતો. આ ઘટનામાં એક રિક્ષા સહિત આશ્રમની મિલકતને ભારે નુકસાન થયું હતું.

આ કેસમાં સેશન્સ કોર્ટે ૨૬ નવેમ્બરે ચુકાદો આપ્યો હતો, જેની વિગતો શનિવારે ઉપલબ્ધ થઈ હતી. એડિશનલ સેશન્સ જજ એ. વી. ચૌધરી ઈનામદારે સત્વ લાડક્યા ભગતને નિર્દોષ છોડ્યો હતો. તેની વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની દંગલ મચાવવી, લૂંટ, ચોરી, ગંભીર ઇજા પહોંચાડવી, આગ ચાંપવી અને અન્ય કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

મૂળ આરોપનામું ૩૨ આરોપી વિરુદ્ધ દાખલ કરાયું હતું. એ બધા આરોપીને ૭ જાન્યુઆરી, ૨૦૦૩ના નિર્દોષ જાહેર કરાયા હતા. ભગત અને અન્ય ત્રણ વિરુદ્ધ પછીથી પૂરક આરોપનામું દાખલ કરાયું હતું, જેને આધારે ખટલો ચલાવવામાં આવ્યો હતો. ખટલા દરમિયાન અન્ય ત્રણનાં નિધન થયાં હતાં. કોર્ટે જણાવ્યું હતું કે તપાસકર્તા પક્ષ ગુનામાં ભગતની પ્રત્યક્ષ સંડોવણીના વિશ્વસનીય પુરાવા રજૂ કરી શક્યો નથી. પથ્થરમારો કોણે કર્યો હતો તે મુખ્ય સાક્ષીદાર ઓળખી શક્યો નથી અને કોઈ પણ આરોપીનું નામ જણાવી શક્યો નહોતો.

ઈજાગ્રસ્ત સાક્ષી જોશી અને નજરે જોનાર એક સાક્ષીદાર પણ ટોળામાં કોણ હતું તે ઓળખી શક્યા નહોતા, એવું કોર્ટે આદેશમાં જણાવ્યું હતું. તપાસકર્તા પક્ષ આરોપીઓ વિરુદ્ધના આરોપ સાબિત કરવામાં નિષ્ફળ ગયો હોવાની નોંધ જજે કરી હતી. (પીટીઆઈ) ■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| જારી | બારીક |
| જાડું | આપવું |
| જાચવું | બંધ |
| જાગ્રત | વેચાતું |
| જાંગડ | અસાવધ |

## માતૃભાષાની મહેક

ભોલેનાથ - ભગવાન શંકરનું ધનુષ પિનાક નામથી ઓળખાય છે. ત્રિપુરાસુર નામના રાક્ષસનો વધ કરવા શિવજીએ આ ધનુષનું નિર્માણ કર્યું હોવાની પૌરાણિક કથા છે. પિનાકમાં ગજબની શક્તિ હતી અને એના એક બાણથી ત્રિપુરાસુર - ત્રણ નગરી ધ્વસ્ત થઈ હોવાનો ઉલ્લેખ છે. એના પરથી પિનાકધારી શબ્દ બન્યો જે શિવજી માટે વપરાય છે.

## ગુજરાત મોરી મોરી રે

વેધશાળા અને એમ્ફિથિયેટર જેવી સુવિધા ધરાવતું પિરામિડ આકારનું સરદાર પટેલ પ્લેનેટેરિયમ ગુજરાતના ક્યા શહેરમાં છે?

અ) સુરત
બ) વડોદરા
ક) ભાવનગર
ડ) બારડોલી

## ઈર્શાદ

કંઠને શોભે તો શોભે માત્ર પોતાના અવાજ,
પારકી રૂપાળી કંઠી બાંધવાનું છોડીએ.
-- હેમેન શાહ

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | |
| | ■ | ૬ | | ■ | ૭ | | ■ | | ■ |
| ■ | ૮ | | ■ | ૯ | | | ■ | ૧૦ | |
| ૧૧ | | ■ | ■ | ૧૨ | | ■ | ૧૩ | ■ | ■ |
| | ■ | ૧૪ | ■ | | ■ | ૧૫ | | | ૧૬ |
| ૧૭ | | | | ■ | ૧૮ | ■ | | ■ | |
| ■ | ■ | | ■ | ૧૯ | | ■ | ■ | ૨૦ | |
| ૨૧ | ૨૨ | ■ | ૨૩ | | | ■ | ૨૪ | | ■ |
| ■ | | ■ | ૨૫ | | ■ | ૨૬ | | ■ | ૨૭ |
| ૨૮ | | | | ■ | ૨૯ | | | | |

### આડી ચાવી

૧. લાંબા સમયનું (૫)
૪. ગાળ, ખરાબ શબ્દ (૪)
૬. લતા (૨)
૭. --- સે --- ઝગાતે ચલો, પ્રેમ કી ગંગા બહાતે ચલો (૨)
૮. પરેજી (૨)
૯. માયાળુ, સ્નેહાળ (૩)
૧૦. જમાનો (૨)
૧૧. નીર, પાણી (૨)
૧૨. બંધિ, નિષેધ (૨)
૧૫. શરીર, ખોળિયું (૪)
૧૭. બ્રાહ્મણને દક્ષિણા આપી ધાર્મિક ક્રિયા કરાવનાર (૪)
૧૯. અમે, અમારું (૨)
૨૦. દુર્ગંધ (૨)
૨૧. સ્વપ્ન (૨)
૨૩. --- વગર સિદ્ધિ નહીં (૩)
૨૪. શંકર (૨)
૨૫. દરેક, પ્રત્યેક (૨)
૨૬. તપસ્યા (૨)
૨૮. ઈશ્વર ઈચ્છા --- (બલવાન) (૪)
૨૯. વર્ણવી ન શકાય તેવું (૫)

### ઊભી ચાવી

૧. દીવો (૨)
૨. દક્ષિણની એક નદી (૩)
૩. બંધિયાર પાણીમાં થતી એક ચીકણી વનસ્પતિ (૨)
૪. ઊંડું, તળિયા વિનાનું (૩)
૫. સો વર્ષનું, દીર્ઘાયુષી (૩)
૭. ચાંદની (૩)
૮. અસ્થિર, ચલાયમાન (૨)
૯. વહેતા પાણીમાં થતું કૂંડાળું (૩)
૧૧. મોટું વહાણ (૩)
૧૩. સમાધાનિ, સંધિ (૩)
૧૪. સર્વ, બંધુ (૩)
૧૬. કીર્તિ (૩)
૧૮. પ્રખ્યાતિ (૩)
૧૯. હોઠ (૩)
૨૦. ચર્ચા, ચડસાચડસી (૨)
૨૨. નાની બાળકી, બચી (૩)
૨૩. જોખમ ભરેલું કામ કરનાર (૩)
૨૪. સારા પાનવાળું કે પાંખવાળું (૩)
૨૬. તારું (૨)
૨૭. જીત, ફતેહ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ૨ મા | પ | ૩ ના | ■ | ૪ ક | ૫ વ | રો | ■ | ૬ ધા |
| ૭ મા | ગ | ■ | ૮ શ | ૯ રા | ર | ત | ■ | ૧૦ ક | યું |
| ૧૧ ધા | ણી | ■ | ■ | ૧૨ વ | ચ | ન | ■ | સૂ | ■ |
| ન | ■ | ૧૩ વ | ખા | ણ | ■ | ■ | ૧૪ સુ | ર | ૧૫ ખી |
| ■ | ૧૬ ફે | ર | ■ | ■ | ૧૭ સુ | વિ | ધા | ■ | જ |
| ૧૮ કં | ■ | ૧૯ તા | જુ | બ | ■ | ■ | ૨૦ ક | ક્કો | ■ |
| ૨૧ સ | ૨૨ હા | રો | ■ | ■ | ૨૩ વિ | સ્તા | ર | ■ | ૨૪ ક |
| ■ | ડ | ■ | ૨૫ ક | ૨૬ ર | તા | ■ | ■ | ૨૭ ની | ર |
| ૨૮ ના | કું | ■ | ૨૯ મ | હે | ન | ૩૦ ત | ■ | ૩૧ ર | વ |
| વી | ■ | ૩૨ ચ | ર | મ | ■ | ૩૩ રુ | શ | વ | ત |

## ઓળખાણ પડી?



લોકવાયકા અનુસાર શ્રી રામે બ્રાહ્મણો માટે ગંગાનો ગરમ પ્રવાહ ઉત્પન્ન કર્યો હતો એ ઉના ગામમાં આવેલું ઉનાઈ માતા મંદિર ક્યાં છે?

અ) વલ્લભીપુર બ) ઉમરગામ ક) નવસારી ડ) રાજપીપળા

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

'તારી હાક સુણીને કોઈ ન આવે તો એકલો જાને રે' પંક્તિમાં 'હાક' શબ્દનોઅર્થ શું થાય એ જણાવો.

અ) હિંમત બ) હોશિયારી ક) સાદ ડ) ફરિયાદ

## માઈન્ડ ગેમ

એક ચતુષ્કોણના ૩ ખૂણાના માપ અનુક્રમે ૭૨, ૮૮, ૧૦૫ અંશ હોય તો ભૂમિતિના નિયમ મુજબ ચોથા ખૂણાનું માપ ગણતરી કરી જણાવો.

અ) ૧૧૮ બ) ૯૫ ક) ૭૫ ડ) ૮૨

## સુડોકુ-૯૧૬૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૭ | | ૪ | ૬ | | |
| ૬ | | | | | ૫ | ૮ | | |
| | ૯ | | | | | | | |
| ૫ | ૭ | ૮ | | ૩ | | | | |
| ૧ | | | | | | | | ૨ |
| | | | | ૮ | | ૭ | ૫ | ૧ |
| | | | | | | | ૬ | |
| | | ૨ | ૯ | | | | | ૮ |
| | | ૪ | ૬ | | ૧ | | ૨ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૧૬૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૩ | ૮ | ૪ | ૨ | ૧ | ૭ | ૫ | ૯ |
| ૭ | ૪ | ૫ | ૮ | ૬ | ૯ | ૧ | ૩ | ૨ |
| ૨ | ૯ | ૧ | ૭ | ૩ | ૫ | ૬ | ૮ | ૪ |
| ૪ | ૮ | ૯ | ૧ | ૫ | ૬ | ૨ | ૭ | ૩ |
| ૧ | ૨ | ૩ | ૯ | ૪ | ૭ | ૫ | ૬ | ૮ |
| ૫ | ૬ | ૭ | ૩ | ૮ | ૨ | ૯ | ૪ | ૧ |
| ૩ | ૫ | ૬ | ૨ | ૧ | ૪ | ૮ | ૯ | ૭ |
| ૮ | ૭ | ૨ | ૬ | ૯ | ૩ | ૪ | ૧ | ૫ |
| ૯ | ૧ | ૪ | ૫ | ૭ | ૮ | ૩ | ૨ | ૬ |

## ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| જંગમ | સ્થાવર |
| જંગલી | સંસ્કારી |
| જંગી | ક્ષુલ્લક |
| જક્કી | સમજુ |
| જટિલ | સરળ |

**ગુજરાત મોરી મોરી રે:** પંચમહાલ

**ઓળખાણ પડી?** શ્રીલંકા

**માઈન્ડ ગેમ :** ૧૪

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** મસ્ત

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨) કિશોરકુમાર જીવણદાસ પટેલ (૩) મુલરાજ કપુર (૪) સુભાષ મોમાયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૬) હર્ષા મહેતા (૭) શ્રદ્ધા આશર (૮) પુષ્પા પટેલ (૯) લજિતા ખોના (૧૦) જ્યોતિ ખાંડવાલા (૧૧) મીનળ કાપડિયા (૧૨) કિરીટ છેડા (૧૩) ચેઈના છેડા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) જયશ્રી બુચ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) તાહેર ઔરંગાબાદવાલા (૧૯) શીરીન ઔરંગાબાદવાલા (૨૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) ભરત કજરીયા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫)મહેન્દ્ર લોઢાવિયા (૨૬) અરવિંદ કામદાર (૨૭) ભાવના કર્વે (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વીણા સંપટ (૩૦) પુષ્પા ખોના (૩૧) ડાયના સંતોકે (૩૨) રસિક જુઠાણી (ટોરન્ટો-કેનેડા) (૩૩) મહેશ સંઘવી (૩૪) કમલ મટાલીયા (૩૫) નિતીન જયંતીલાલ બજરીયા (૩૬) પ્રવીણ વોરા (૩૭) ડો. પ્રકાશ કટકિયા (૩૮) પ્રતીમા પમાણી (૩૯) ધીરેન્દ્ર મુલરાજ (૪૦) ગીતા ઉદ્દેશી (૪૧) મહેશ દોશી

# ગુજરાતમાં મનરેગા હેઠળ શ્રમિકોને એક વર્ષમાં ૧૦૦ની 'ગેરન્ટી' સામે માત્ર ૪૨ દિવસ જ કામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી સ્કીમને (મનરેગા)ના નામથી ઓળખવામાં આવે છે. વર્ષ ૨૦૦૫માં દેશભરમાં શરૂ થયેલી આ યોજના હેતુ ગ્રામીણ વિસ્તારોમાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારોને રોજી-રોટીની સુરક્ષા વધારવાનો છે.

આ યોજના હેઠળ દરેક એવા પરિવારને એક નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ દિવસની ગેરંટીવાળી મજૂરીવાળું કામ આપવામાં આવે છે. જો કે ગુજરાતમાં ગરીબ પરિવારોને વર્ષમાં માંડ ૪૨થી માંડી ૪૯ દિવસ જ રોજગાર મળી શક્યો છે. ગુજરાત કરતાં બીજા રાજ્યોમાં મજૂરોને આ યોજના હેઠળ વધુ દિવસ રોજગાર મળ્યો છે.

કેન્દ્ર સરકારે સ્વીકાર્યું કે, ગરીબ મજૂરોને વધુ દિવસ કામ આપવામાં ગુજરાત કરતાં અન્ય રાજ્યો આગળ રહ્યાં છે જેમકે, ત્રિપુરા જેવા નાના રાજયમાં પણ મજૂરોને વર્ષમાં ૭૨ દિવસ કામ અપાયુ હતું. મિઝોરમમાં ૧૦૦ દિવસ પૈકી ૯૨ દિવસ કામ આપવામાં આવી રહ્યું છે. કેરાલામાં ૬૩, મેઘાલયમાં ૭૧, મધ્ય પ્રદેશમાં ૬૧, રાજસ્થાનમાં ૫૬ અને ઓડિશામાં ૫૫ દિવસ કામ અપાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મનરેગાના માધ્યમથી રસ્તા, જળસરંક્ષણ, તળાવ ખોદકામ, બાગાયત અને સમુદાય વિકાસનાં કામો કરાવી ગરીબ મજૂરોને રોજીંદું વેતન ચૂકવી રોજગારી અપાય છે. ગ્રામિણ વિસ્તારમાં સ્થળાંતર રોકવા માટે મનરેગા યોજનાએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી છે. ■

# દાહોદ ૧૦ ડિગ્રીએ ઠર્યું, અમરેલી, નલિયા કરતાં પણ ટાઢુંબોળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શિયાળાની ઋતુ જોઈએ તેવી જામતી નથી. ડિસેમ્બર મહિનામાં પણ રાજ્યમાં વહેલી સવાર અને મોડી સાંજે ઠંડીનો થોડો ચમકારો વર્તાય છે. રાજ્યના આઠથી નવ મથક એવા છે જ્યાં લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રી કરતા ઓછું નોંધાયું હતું.

સામાન્ય રીતે ગુજરાતમાં કચ્છનું નલિયા સૌથી ઠંડું મથક રહેતું હોય છે, પરંતુ આ વખતના શિયાળામાં સૌરાષ્ટ્રનું અમરેલી અને મધ્ય ગુજરાતનું દાહોદ ઠંડીમાં નલિયા સાથે સ્પર્ધામાં હોય તેમ જણાઈ રહ્યું છે.

રવિવારે દાહોદનું લઘુતમ તાપમાન ૧૦.૯ ડિગ્રીએ પહોંચતા તે ગુજરાતનું સૌથી ઠંડુ શહેર સાબિત થયું હતું જ્યારે અમરેલીમાં ૧૧.૨ અને નલિયામાં ૧૧.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. વડોદરા શહેર અમદાવાદ કરતાં વધારે ઠંડું સાબિત થયું હતું.

વડોદરામાં લઘુતમ તાપમાન ૧૨.૪ ડિગ્રી અને ડીસામાં ૧૩.૮ નોંધાયું હતું જ્યારે અમદાવાદમાં ૧૪.૯ ડિગ્રી નોંધાયું હતું.

સૌરાષ્ટ્રના રાજકોટમાં પણ ૧૨.૬ ડિગ્રી અને પોરબંદરમાં ૧૩.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. જ્યારે મોટા ભાગના શહેરોમાં મહત્તમ તાપમાન ૩૦થી ૩૧ ડિગ્રી સુધી નોંધાયું હતું.

હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી અઠવાડિયામાં વાતાવરણમાં ખાસ કોઈ ફેરબદલ નોંધાશે નહીં. હવા સૂકી રહેશે અને લઘુતમ તાપમાન મોટાભાગના મથકોમાં ૧૪થી ૧૫ ડિગ્રી આસપાસ રહેશે. ■

# રાજયની સલામતી કે કાયદો-વ્યવસ્થા સિવાયના નાગરિકોના પ્રશ્નો સંબંધી માહિતી ગૃહ વિભાગે આપવી પડેઃ રાજય માહિતી કમિશનર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૈનોના પવિત્ર તીર્થધામ પાલિતાણા માટે ટાસ્ક ફોર્સની રચના અને ભાવનગર જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ અને નાયબ સચિવને મોકલાયેલા વિવિધ અહેવાલો અને રિપોર્ટ્સ સંદર્ભે ગૃહ વિભાગ તરફથી કયા કયા નિર્દેશો, સૂચના જારી કરાયા કે કાર્યવાહી થઇ તે મામલે માંગેલી સંબંધિત માહિતી આપવા ગુજરાત રાજય માહિતી આયોગે એક બહુ મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. ગુજરાત રાજય માહિતી આયોગના કમિશનર સુભાષ સોનીએ બહુ મહત્ત્વના અવલોકન સાથે સ્પષ્ટ કર્યું હતું કે, ભલે ગૃહ વિભાગની વિશેષ શાખાને આર.ટી. આઈ. કાયદા હેઠળ માહિતી આપવામાંથી મુક્તિ આપવાનુ ગૃહ વિભાગનું જાહેરનામું હોય, પરંતુ રાજ્યની સલામતી કે કાયદો અને વ્યવસ્થા વિષયની માહિતી જાહેર થતી નહી હોવાથી ગૃહ વિભાગએ માહિતી આપવી પડે. આમ, ઠરાવી અરજદાર નિવૃત્ત સરકારી અધિકારીને પાલિતાણા તીર્થધામના અહેવાલો સંબંધી જારી નિર્દેશો અને સૂચનાઓ સહિતની જરૂરી માહિતી પૂરી પાડવા ગૃહ વિભાગની વિશેષ શાખાને હુકમ કર્યો હતો.

ગુજરાત રાજય માહિતી આયોગે પોતાના આ ચુકાદા મારફતે સ્પષ્ટ કર્યું હતું કે, રાજયના ગૃહવિભાગની વિશેષ શાખાની કોર એક્ટિવિટી જેવી કે, રાજ્યની સલામતી તથા કાયદો અને વ્યવસ્થા વિષય સિવાયની માહિતી કે જે નાગરિકો, જે તે વિસ્તારના વિકાસના પ્રશ્નોને સંબંધિત હોય તેવી માહિતી કચેરીએ આપવી પડે. રાજય માહિતી આયોગના આ ચુકાદાને પગલે નાગરિકો માટે જરૂરી માહિતી મેળવવામાં બહુ ઉપયોગી સાબિત થશે.

ગાંધીનગરના નિવૃત્ત સરકારી અધિકારી અને ધર્મે જૈન એવા અરજદાર કે.આર.શાહ દ્વારા જૈનોના પવિત્ર તીર્થધામ પાલિતાણા માટે ટાસ્ક ફોર્સની રચના અને ભાવનગર જિલ્લા મેજિસ્ટ્રેટ( જિલ્લા કલેકટર ) તરફથી વર્ષ ૨૦૨૩માં રાજયના ગૃહ વિભાગને મોકલવામાં આવેલા તબક્કાવાર રિપોર્ટ્સ અને અહેવાલો અનુસંધાનમાં રાજયના ગૃહ વિભાગ તરફથી જે કોઇ પગલાં લેવાયા હોય, જે કોઇ સૂચના કે નિર્દેશો જારી કરાયા હોય તે સહિતની સંબંધિત માગવામાં આવી હતી. જો કે, ગૃહ વિભાગ(વિશેષ શાખા-૨)ના સેકશન અધિકારીએ એવા કારણસર અરજદારની અરજી નામંજૂર કરી હતી કે, આરટીઆઇ એકટની કલમ-૨૪(૪) અને ગૃહ વિભાગના તા.૨૫-૧૦-૨૦૦૫ના સંબંધિત જાહેરનામા મુજબ, ગૃહ વિભાગની વિશેષ શાખાઓને માહિતી આપવામાં મુકિત અપાયેલી છે, તેથી તમને આ માહિતી આપી શકાય નહી.

આ હુકમથી નારાજ થઇ અરજદારે ગૃહ વિભાગના સંયુકત સચિવ(કાયદો અને વ્યવસ્થા) સમક્ષ પ્રથમ અપીલ દાખલ કરી હતી. જો કે, સંયુકત સચિવે પણ અરજદારની પ્રથમ અપીલ નામંજૂર કરી હતી અને માહિતી આપવાનો ઇનકાર કરી દીધો હતો. જેના પરિણામે અરજદાર તરફથી આરટીઆઇ એકટની કલમ-૧૮ હેઠળ ગુજરાત રાજય માહિતી આયોગ સમક્ષ સેકન્ડ અપીલ દાખલ કરવામાં આવી હતી. જેમાં અરજદાર પક્ષ તરફથી એડવોકેટ નિમિષ એમ. કાપડિયા અને એડવોકેટ જૈનમ શાહે બહુ મહત્ત્વની દલીલો કરતાં જણાવ્યું હતું કે, સરકારના જાહરેનામા મુજબ, ભલે ગૃહ વિભાગની વિશેષ શાખાઓને કલમ-૨૪(૪) હેઠળ માહિતી આપવામાંથી અમુક સંજોગોમાં મુકિત અપાઇ હોય પરંતુ કલમ- ક-૧ મુજબ જયારે માનવીય હક્કો અને અધિકારોને લગતી કોઇપણ માહિતી હોય તો તે કચેરીએ આપવી જ પડે. અરજદાર પોતે જૈન છે અને પાલિતાણામાં જૈનોના માનવીય અધિકારોના ભંગની ઘણી ફરિયાદો તેમણે અગાઉ સરકારમાં પણ ઘણી રજૂઆતો કરી છે. માનવીય અધિકારોના ભંગ બાબતે યોગ્ય પગલાં લેવાના હેતુથી જ સરકાર દ્વારા પાલિતાણામાં ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી.

અરજદારપક્ષની દલીલો ગ્રાહ્ય રાખી ગુજરાત રાજય માહિતી આયોગે બહુ મહત્ત્વનો ચુકાદો આપતાં ઠરાવ્યું હતું કે, જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ અધિકારીને જણાવવામાં આવે છે કે, વિવાદીની અરજીના પ્રત્યેક મુદ્દા બાબતે વિશેષ શાખાની કોર એક્ટિવિટી જેવી કે, રાજ્યની સલામતી તથા કાયદો અને વ્યવસ્થા વિષય સિવાયની માહિતી કે જે નાગરિકો જે તે વિસ્તારના વિકાસના પ્રશ્નોને સંબંધિત હોય તેવી માહિતી કચેરીએ આપવી પડે. આમ, આયોગનો હુકમ મળ્યા તારીખથી દિન-૧૫માં અરજદારને સ્પીડ પોસ્ટથી વિનામૂલ્યે મોકલી આપવા હુકમ કર્યો હતો. ■

# દાંતાના પાડલીયામાં પોલીસ-ફોરેસ્ટ ટીમ પર હુમલા બાદ કોમ્બિંગ ઓપરેશનઃ ૫૦૦ સામે રાયોટિંગ ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠાના દાંતા તાલુકાના પાડલીયા ગામે વન વિભાગની જમીન વિવાદમાં પોલીસ અને ફોરેસ્ટ ટીમ પર થયેલા પૂર્વ આયોજિત હિંસક હુમલા બાદ પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે. આ હુમલામાં એક પીઆઈ સહિત કુલ ૪૭ જવાનો ઘાયલ થયા હતા. બનાવની ગંભીરતાને ધ્યાને લઈ જિલ્લા પોલીસે ગામમાં મેગા કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું છે.

ઘટનાના પગલે સવારે ૩ ડીવાયએસપી, ૧૦ પીઆઈ, ૧૨ પીએસઆઈ અને ૨૦૦થી વધુ પોલીસ જવાનોનો કાફલો અંબાજીથી પાડલીયા જવા રવાના થયો હતો. પોલીસ દ્વારા એફએસએલની ટીમને સાથે રાખીને ઘટનાસ્થળનું વૈજ્ઞાનિક ઢબે પંચનામું કરવાની કાર્યવાહી શરૂ કરાઈ હતી. પોલીસે આ મામલે ૨૭ લોકો સામે નામજોગ અને ૫૦૦ના અજાણ્યા ટોળા સામે રાયોટિંગ અને સરકારી ફરજમાં રૂકાવટનો ગુનો દાખલ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, પાડલીયામાં સર્વે નંબર ૯ની વિવાદિત જમીન પર વન વિભાગ દ્વારા નર્સરી અને પ્લાન્ટેશનની કામગીરી દરમિયાન આ હિચકારો હુમલો કરવામાં આવ્યો હતો.

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના પાડલીયા ગામે ૧૩ ડિસેમ્બર પોલીસ અને ફોરેસ્ટ કર્મચારી-અધિકારીઓ પર હુમલાની ઘટના બની હોવાની માહિતી મળી રહી છે. અંબાજી નજીક આવેલા પાડલીયા ગામે ફોરેસ્ટની જમીન વિવાદ બાદ બબાલ થઈ હતી. આ દરમિયાન સ્થાનિક લોકોના ટોળાએ પહેલા ફોરેસ્ટ ટીમ અને બાદમાં પોલીસ ટીમ પર હુમલો થયો હતો.

જેમાં પીઆઈ આર.બી. ગોહિલ સહિત ૪૭થી વધુ પોલીસ અને ફોરેસ્ટના કર્મીઓ અને અધિકારીઓ ઘાયલ થયા હતા. ટોળા દ્વારા વન વિભાગની ગાડીઓને સળગાવી દેવાઈ હતી. ■

# રાજકોટના અણીયારામાં ગાંજાનું વાવેતરઃ ૧.૧૧ કરોડના ૨૨૩ કિલો સૂકા-ભીના ગાંજા સાથે શખસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નશાકારક ગાંજાનું વાવેતર મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે. પોલીસ પણ બાતમીના આધારે રેડ પાડીને આ પ્રકારે ગેરકાનૂની ખેતી કરતા તત્ત્વોને ઝડપી રહી છે. જેમ કે, રાજકોટ શહેર આજીડેમ પોલીસ દ્વારા અણીયારા ગામની સીમમાં ઘઉં અને તુવેરની ખેતી વચ્ચે કરવામાં આવેલ ગાંજાની ખેતી ઝડપી પાડવામાં આવી હતી. જેમાં ગાંજાના ૬૪ છોડ ઝડપી પાડી ભીનો અને સૂકો મળી કુલ ૧.૧૧ કરોડ કિંમતનો ૨૨૩ કિલોગ્રામ જેટલો ગાંજાનો જથ્થો પોલીસે ઝડપ્યો હતો. વાવેતર કરનાર આરોપી હના સવા ગાબુની ધરપકડ કરવામાં આવી હતી.

રાજકોટ ડીસીપી ઝોન ૧ હેતલ પટેલએ જણાવ્યું હતું કે, રાજકોટ શહેર આજીડેમ પોલીસ સ્ટેશન ટીમ પેટ્રોલિંગમાં હતી દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે અણીયારા ગામની સીમમાં ઢાંઢણી ગામ તરફ જતા કાચા રસ્તા પર નાથાભાઈ સિંધવની વાડીમાં આરોપી હનાભાઈ સવાભાઈ ગાબુ (ઉ.વ.૪૮) એ ગાંજાનું વાવેતર કર્યું છે. જેથી સ્થળ પર પહોંચી પોલીસે તપાસ કરી હતી.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ પોતે દેવું થઇ જતા તેમના કાકા પાસેથી ગાંજાનું બીજ મેળવી ગાંજાની ખેતી કરવા પ્રેરણા મેળવી હતી અને ગાંજાનો જથ્થો પણ ચોટીલા વિસ્તારમાં રહેતા તેના કાકાને જ આપતો હોવાની કબૂલાત આપી હતી. આ ઉપરાંત પોતે છેલ્લા દોઢ વર્ષથી ૧૪ વીઘા જેટલી જગ્યામાં ગાંજાની ખેતી કરતો હોવાની કબૂલાત પોલીસ સમક્ષ આપી છે જો કે ખેતર માલિકની કોઈ ભૂમિકા છે કે કેમ તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ■

# અમદાવાદના ૧૬ બ્રિજ પર હાઈટ બેરિયર નહીં લાગે, મનપાએ નિર્ણય મોકૂફ રાખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં કુલ ૧૬ જૂના બ્રિજ હતા જેને લઈને એએમસી અગાઉ મહત્ત્વની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં એએમસી દ્વારા એવી જાહેરાત કરવામાં આવી હતી કે આ તમામ બ્રિજ પર ભારે વાહનો માટે પ્રતિબંધ મૂકવામાં આવશે. સાથે જ બ્રિજ પર હાઈટ બેરિયર લગાવવાની પણ વાત કરવામાં આવી હતી. જોકે હવે એએમસી દ્વારા એવી જાહેરાત કરવામાં આવી છે કે કોઈપણ બ્રિજ પર હાલ હાઈટ બેરિયર લગાવવામાં નહીં આવે.

બ્રિજને ઓવરલોડેડ અને ભારે વાહનોથી થતા નુકસાનથી બચાવવા અને શહેરમાં ભારે વાહનોના અનિયંત્રિત પ્રવેશને અટકાવવા માટે મહાત્મા ગાંધી બ્રિજ સહિત કુલ ૧૬ બ્રિજ પર હાઈટ બેરિયર્સ (ઊંચાઈ પ્રતિબંધક) લગાવવાનો નિર્ણય લેવાયો હતો. જો કે હવે તમામ ૧૬ બ્રિજ પર ભારે વાહનો પર પ્રતિબંધનો નિર્ણય મોકૂફ રાખવામાં આવ્યો છે. એક્સપર્ટ દ્વારા આ મામલે પહેલા ઓપિનિયન લેવામાં આવશે અને બાદમાં આ મુદ્દે મહત્ત્વનો નિર્ણય લેવામાં આવશે. મનપા દ્વારા હાઈટ બેરિયર લગાવવાના આ નિર્ણયને મોકૂફ રાખવામાં આવ્યો છે. અગાઉ મનપા દ્વારા પહેલા જાહેરાત કરવામાં આવી હતી કે આ ૧૬ ઓવરબ્રિજ પર ભારે વાહનો પર પ્રતિબંધ મૂકવામાં આવશે. ૨૬ વર્ષ કે તેનાથી જૂના જે પણ બ્રિજ છે ત્યાં હાઈટ બેરિયર મૂકવામાં આવશે. જેને પગલે મનપા દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને ૩ કરોડનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. અમદાવાદ મનપા દ્વારા શહેરનો નહેરુ બ્રિજ, પરીક્ષિત બ્રિજ, બાબા સાહેબ આંબેડકર બ્રિજ અને કેડિલા બ્રિજ સહિતના કુલ ૧૬ બ્રિજ પર હાઈટ બેરિયર લગાવવાની વાત કરવામાં આવી હતી. જોકે હવે હાલ પૂરતો એએમસી દ્વારા આ નિર્ણય મોકૂફ રાખવામાં આવ્યો છે. જેમાં હવે એક્સપર્ટના ઓપિનિયન બાદ યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

# રાજકોટના આટકોટમાં દુષ્કર્મ પીડિતાના પરિવારની ઓળખ જાહેર કરવા બદલ કોંગ્રેસ નેતા સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લાના આટકોટમાં બનેલી દુષ્કર્મની ઘટનાના પીડિત પરિવારની ઓળખ જાહેર કરવા બદલ કોંગ્રેસ નેતા પ્રગતિ આહીર સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી. આ ફરિયાદ તેમના દ્વારા સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી એક પોસ્ટ મામલે દાખલ કરાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, જસદણ તાલુકાના આટકોટ ગામમાં છ વર્ષની બાળકી સાથે દુષ્કર્મની ગંભીર ઘટના બાદ કોંગ્રેસના નેતા પ્રગતિ આહિર અને અન્ય આગેવાનો બાળકીના પરિવારજનોને સાંત્વના આપવા તેમના ઘરે ગયા હતા. રાજકીય નેતાઓ દ્વારા પીડિત પરિવારના ફોટા સોશ્યલ મીડિયામાં વાઇરલ કરવા બદલ આટકોટ પોલીસે કાર્યવાહી કરી હતી. કોંગ્રેસ નેતા પ્રગતિ આહીર સહિત કુલ ૨૫ લોકો સામે જુવેનાઈલ જસ્ટિસ (બાળકોની સંભાળ અને સંરક્ષણ અધિનિયમ) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસે આ મામલે પ્રાથમિક તપાસ શરૂ કરી છે. સોશ્યલ મીડિયા પર ફોટા કોણે અપલોડ કર્યા, કોણે ફોરવર્ડ કર્યા અને કેટલા ગ્રુપોમાં તે વાઇરલ થયા તેની વિગતો એકત્રિત કરવામાં આવી રહી છે. મોબાઈલ ફોન, સોશ્યલ મીડિયા એકાઉન્ટ્સ અને ડિજિટલ પુરાવાની પણ ચકાસણી ચાલી રહી છે. પ્રગતિ આહીરના સોશ્યલ મીડિયા એકાઉન્ટમાં પીડિત પરિવારની ઓળખ થઈ શકે એવા ફોટો અને વીડિયો મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત જસદણ તાલુકા પંચાયતના વોટ્સેપ ગ્રૂપમાં પણ આ જ ફોટો અને વીડિયો મૂકવામાં આવ્યા છે. ■

# જાતિના દાખલા મુદ્દે અમદાવાદ ભીલ સમાજમાં રોષ, ચૂંટણી બહિષ્કારની ચીમકી

અમદાવાદઃ શહેરના અસારવા ખાતે ગુજરાતના ૧૫ જેટલા જિલ્લાઓમાંથી આવેલા ભીલ સમાજના આગેવાનોએ એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠકમાં સમાજને જાતિના દાખલા મેળવવામાં થતી મુશ્કેલીઓ અંગે એકસૂરમાં હુંકાર ભરવામાં આવ્યો હતો. આગેવાનોએ સ્પષ્ટ ચેતવણી આપી હતી કે જો તેમની માગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો આગામી ચૂંટણીનો બહિષ્કાર કરીને ગાંધીનગર ખાતે મોટી સંખ્યામાં એકઠા થઈને વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

ભીલ સમાજના પ્રમુખ મફતભાઈ રાણાએ સરકાર સમક્ષ સમાજની મુખ્ય ચિંતાઓ અને માગણીઓ રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા જાતિના દાખલા માટે ૧૯૫૦ પહેલાના પુરાવા માગવામાં આવે છે. જે તાત્કાલિક ધોરણે રદ થવા જોઈએ. શહેર વિસ્તારમાં રહેતા લોકો આટલા જૂના પુરાવા ક્યાંથી લાવે? આ પદ્ધતિના કારણે 'ખોટો પૂજાય છે અને સાચો મૂંઝાય' તેવી સ્થિતિ ઊભી થઈ છે.

જે લોકો ખોટા દાખલા લઈને બેઠા છે તે અધિકારીઓ બની ગયા છે, જ્યારે ખરેખર હકદાર લોકો વંચિત રહી જાય છે. પહેલા લોહીની સગાઇના સંબંધોના આધારે દાખલા મળતા હતા, તે પદ્ધતિ પુનઃસ્થાપિત થવી જોઈએ. ગયા વર્ષે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રૂબરૂ મળવા બોલાવી નિકાલ લાવવાની વાત કરી હોવા છતાં આજદિન સુધી સમય આપવામાં આવ્યો નથી. આથી, હવે ભીલ સમાજ દ્વારા ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવશે અને આગામી દિવસોમાં ગાંધીનગર છાવણી ખાતે મોટી સંખ્યામાં ભેગા થઈને વિરોધ પ્રદર્શન કરાશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આદિવાસી ભીલ સમાજના વિદ્યાર્થીઓને સરકાર દ્વારા મળતા સરકારી લાભો, જેમ કે ફ્રિશિપ કાર્ડ અને શિષ્યવૃત્તિ મળતા નથી. તાત્કાલિક ધોરણે આ લાભો શરૂ કરવામાં આવે તેવી માંગ કરીએ છીએ. ■

# અમદાવાદના નારોલમાં રસોઈ ગેસનો બાટલો ફાટતાં મકાનમાં આગ, બેનાં મોતઃ મહિલા સારવાર હેઠળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના નારોલ વિસ્તારમાં કર્ણાવતી નગર પાસે આવેલા સત્યમ નગરમાં એક મકાનમાં મોડી રાત્રે જમવાનું બનાવતી વખતે ગેસ લીકેજ થવાના કારણે ભીષણ આગ લાગી હતી. બાદમાં ગેસનો બાટલો જોરદાર ધડાકા સાથે ફાટ્યો હતો.

આ દુર્ઘટનાના કારણે મકાનમાં રહેલો યુવક લાલો નરેશ સોલંકી (ઉ.વ. ૧૯) અને યુવતી મહેવીશ સોલંકી(ઉ.વ ૨૨) ગંભીર રીતે દાઝી ગયા હતા, જેમનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે અન્ય એક ૪૦ વર્ષીય મહિલા ગંભીર રીતે દાઝી જતાં સારવાર હેઠળ છે.

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની બે ગાડીઓ અને એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી, પરંતુ બે લોકોના મૃત્યુને પગલે નારોલ પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે. ■

# અમદાવાદ પોલીસે ₹ ૮ લાખની કિંમતની પ્રતિબંધિત પતંગની ચાઈનીઝ દોરી જપ્ત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉતરાયણના તહેવાર લોકો અને પક્ષીઓ માટે જોખમી એવા પ્રતિબંધિત પતંગના દોરાનો મોટો જથ્થો અમદાવાદ ગ્રામીણ પોલીસે જપ્ત કર્યો હતો. અમદાવાદ ગ્રામીણ પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસઓજી) એ સાણંદ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પ્રતિબંધિત ચાઇનીઝ પતંગની દોરીનો મોટો જથ્થો જપ્ત કર્યો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. જિલ્લાવ્યાપી પ્રતિબંધ હોવા છતાં લગભગ રૂ. ૮ લાખની કિંમતનો માલ વેચાણ માટે રાખવામાં આવ્યો હતો.

ગુપ્ત માહિતીના આધારે એસઓજીએ સાણંદના નાની ગોલવાડના રહેવાસી ભીખાભાઈ શાંતિલાલ રાણા, તેમના પુત્ર રાજુભાઈ ભીખાભાઈ રાણા અને અશોકભાઈ મૂળજીભાઈ ઠાકોરની ધરપકડ કરી હતી, જેઓ રણમલગઢ ગામની સીમમાં આવેલા એક ફાર્મહાઉસના રૂમમાંથી પ્રતિબંધિત પતંગની દોરી વેચી રહ્યા હતા. પોલીસે રૂ.૭,૪૮,૮૦૦ ની કિંમતની પ્રતિબંધિત ચાઇનીઝ પતંગની દોરીના ૧,૮૭૨ રીલ ધરાવતા ૩૯ સીલબંધ બોક્સ જપ્ત કર્યા હતા. આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આવી જ રીતે બાવળા પોલીસે પણ બે અલગ અલગ કેસમાં રૂ. ૫૨,૧૦૦ની કિંમતના પ્રતિબંધિત ચાઇનીઝ પતંગની દોરી જપ્ત કરી હતી. ■

# ગિફ્ટ સિટીમાં વિશાળ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ઊભું કરવા ટેન્ડર બહાર પડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ફાઇનાન્સ સેન્ટર તરીકે ઊભરી રહેલા ગિફ્ટ સિટીમાં હવે રમતગમત માટે પણ સુવિધા વિકસાવવામાં આવશે. આ માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. લગભગ ૨.૫ એકરમાં પ્રસ્તાવિત આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં ઈનડોર અને આઉટડોર ગેમ્સની વ્યવસ્થા હશે. બોક્સ ક્રિકેટ, પિકલબોલ, બાસ્કેટબોલ અને બેડમિંટન જેવી રમતો રમવા માટેની સુવિધાઓ અહીં વિકસાવવામાં આવશે, જેનો લાભ અહીં કામ કરનારા અને રહેનારા બન્ને લઈ શકશે.

ગિફ્ટ સિટીએ ડિઝાઈન, ડેવલપમેન્ટ, ઑપરેશન અને મેઈનટેનન્સ માટે મલ્ટિ પર્પઝ સ્પોર્ટ્સ એરિયા વિકસાવવા ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. અધિકારીઓને આશા છે કે આવતા મહિનાના જુલાઈ-ઑગસ્ટ મહિનામાં આ એરિયા તૈયાર થઈ જશે.

આમ કરવાનો હેતુ ફિટનેસને પ્રોત્સાહન આપવાની સાથે સાથે લોકોનું સામાજિક આદાનપ્રદાન વધે તે છે. હાલમાં ગિફ્ટ સિટીમાં માત્ર પ્રાઈવેટ ક્લબ છે. નવી સુવિધા ડોમેસ્ટિક ઝોનમાં હશે અને બધા માટે પ્રવેશ સરળ રહેશે. હાલમાં અહીં અલગ અલગ કંપનીઓમાં ૨૭,૦૦૦ કર્મચારી કામ કરે છે અને એકાદ બે વર્ષમાં રહેવાસી વિસ્તારમાં પણ લોકો રહેવા આવી જશે. અમદાવાદમાં ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન થઈ રહ્યું છે ત્યારે ગિફ્ટ સિટિમાં તૈયાર થઈ રહેલો આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ મહત્ત્વનો સાબિત થશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# દાહોદના સંજેલીમાં હિન્દુ યુવતી ગાયબ થતાં વાતાવરણ તંગ, પોલીસ કાફલો દોડી આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દાહોદના સંજેલી ગામમાં એક હિન્દુ યુવતીનાં ગાયબ થવાના મામલે પરિવારે ફરિયાદ કરી હતી અને મુસ્લિમ યુવક પર તેનાં અપહરણનો આરોપ કર્યો હતો. આ મામલે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ન સર્જાય તે માટે સંજેલીમાં સખત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાની એક કોલેજ જતી હિન્દુ છોકરીના અપહરણ અંગે સંજેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. પરિવારે કરેલી ફરિયાદ મુજબ, યુવતી રણધીકપુરમાં કોલેજ જતી હતી ત્યારે મુસ્લિમ યુવક દ્વારા તેનું અપહરણ કરવામાં આવ્યું હતું.

આ ઘટના બાદ યુવતીના પરિવાર સહિત હિન્દુ સંગઠનો પણ રોષે ભરાયા હતા. મોટી સંખ્યામાં લોકો પોલીસ સ્ટેશન પાસે એકઠા થયા હતા અને આરોપીની તાત્કાલિક ધરપકડ અને કડક કાનૂની કાર્યવાહીની માંગ કરી હતી.

પરિસ્થિતિ તંગ બની રહી હોવાનું જાણમાં આવતા નાયબ પોલીસ અધિક્ષક અને વિભાગીય પોલીસ કર્મચારીઓ સહિત પોલીસ કાફલો સંજેલી પોલીસ સ્ટેશન દોડી ગયો હતો અને સ્થિતિ નિયંત્રણમાં રહે તે માટે પોલીસ અધિકારીઓએ તણાવ ઓછો કરવા માટે પરિવાર અને અન્ય લોકો સાથે ચર્ચા કરી હતી. પોલીસે ફરિયાદના આધારે યુવતીની શોધખોળ શરૂ કરી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# જમીનની ફાળવણી ન થવાથી ગુજરાતના ૧૬૫ પ્રોજેક્ટ્સ ગોકળગાયની ગતિએ ચાલતા હોવાનો અહેવાલ

અમદાવાદઃ ગુજરાત સરકારે જનતાના હિત માટે પાસ કરેલા લગભગ ૧૬૫ જેટલા પ્રોજેક્ટ્સનું કામ ખોરંભે ચડ્યું છે અથવા ગોકળ ગાયની ગતિએ ચાલી રહ્યું છે કારણ કે જે તે પ્રોજેક્ટ્સ માટે જમીનની ફાળવણી જ થઈ નથી. સિંચાઈ, રસ્તા, શિક્ષણ અને આરોગ્યને લગતા કામ સરકારી ખાતાઓની શિથિલતાને લીધે જ અટકી ગયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સરકારે આ અંગે કરેલા એક રિવ્યૂ બાદ જાણવા મળ્યું હતું કે રૂ. ૪૩,૦૦૦ કરોડના જાહેરહિતના કામ અટકી પડયા છે. આનું કારણ એક વિભાગ બીજા વિભાગના કામની ફાઈલ ઝડપથી સાઈન કરી આગળ વધારતી નથી. આ વાત બહાર આવ્યા બાદ ઉચ્ચ અધિકારીઓએ મહત્ત્વના કામની ફાઈલ્સને ફાસ્ટ ટ્રેક કરવાની સૂચના આપી હતી.

એક અધિકારીએ જણાવ્યું હતું કે જમીન ફાળવણીને લીધે અટકેલા પ્રોજેક્ટને કારણે રાજ્ય સરકાર મહેસૂલી આવક પણ ગુમાવી રહી છે, જેમાં જીએસટીનો પણ સમાવેશ થાય છે. અટકી પડેલાં કામોમાં સૌથી વધારે ૪૯ પ્રોજેક્ટ્સ પાણી વિતરણ વ્યવસ્થાના છે ત્યારબાદ ૩૧ રોડ-રસ્તાના, ૨૪ આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ૧૫ રેલવે વિભાગના અને ૧૦ શહેરી વિકાસ વિભાગના છે. આ ઉપરાંત અમુક પ્રોજેક્ટ્સ અલગ અલગ ખાતાના છે, જે જમીન ફાળવણીને અટવાયા છે અથવા તો વિલંબમાં મુકાયા છે. ■

# મુંબઈ થયું મેસીમય

## સચિને માણી સુવર્ણ ક્ષણો








મુંબઈઃ ક્રિકેટના ભગવાન તરીકે ઓળખાતા સચિન તેન્ડુલકરે ફૂટબૉલના સુપરસ્ટાર અને વર્લ્ડ ચૅમ્પિયન આર્જેન્ટિનાના ખેલાડી લિયોનેલ મેસીની મુંબઈની મુલાકાતને રવિવારે આ શહેર માટે તેમ જ સમગ્ર દેશ માટે સુવર્ણ ક્ષણો તરીકે ઓળખાવી હતી.

સચિને મેસીની મુંબઈ-વિઝિટને (ખાસ કરીને વાનખેડેની મુલાકાતને) ૨૦૧૧માં ભારતે જીતેલા વન-ડેના વર્લ્ડ કપની ક્ષણો સાથે સરખાવી હતી. મેસીએ રવિવારે મુંબઈમાં પહેલાં બ્રેબર્ન સ્ટેડિયમમાં અને પછી વાનખેડેમાં ઇન્ટર માયામીની ટીમના સાથી ખેલાડીઓ લુઇસ સુઆરેઝ તથા રૉડ્રિગો ડિ પૉલ સાથે હાજરી આપી હતી.

સચિને વાનખેડેની ઇવેન્ટ વિશેના વક્તવ્યમાં પ્રેક્ષકોને સંબોધતા કહ્યું, ‘ મેં અહીં કેટલીક અવિસ્મરણીય ક્ષણો માણી. મુંબઈ શહેર સપનાંનું શહેર કહેવાય છે અને આ જ મેદાન પર અનેકના સપનાં સાકાર થયા છે. તમારા બધાના (ક્રિકેટપ્રેમીઓના) સપોર્ટ વગર અમે ૨૦૧૧માં આ મેદાન પર સુવર્ણ ક્ષણો ન માણી શક્યા હોત. ત્યારની જેમ આજે પણ ગોલ્ડન મૉમેન્ટ્સ જ છે.’

માસ્ટર બ્લાસ્ટરે સૌથી વધુ આઠ બલૉં ડિઑર અવૉર્ડ મેળવી ચૂકેલા મેસી વિશે કહ્યું, ‘ લિયો (લિયોનેલ મેસી)ની વાત કરું તો જો મારે તેની રમત વિશે કંઈ બોલવું હોય તો આ યોગ્ય મંચ ન કહી શકાય. ખરું કહું તો તેના વિશે હું વધુ શું કહું! તેણે તેની રમતમાં બધુ જ હાંસલ કર્યું છે. પોતાની રમત પ્રત્યેની તેની સમર્પિતતા, સંકલ્પશક્તિ અને દૃઢતાથી આપણે સૌ કોઈ પ્રભાવિત થઈ જ ચૂક્યા છીએ. સૌથી ખૂબીની વાત એ છે કે મેસી ખૂબ જ વિનમ્ર સ્વભાવનો છે. હું તમામ મુંબઈકર અને ભારતીયો વતી તેને અને તેના પરિવારના સ્વાસ્થ્ય માટે શુભેચ્છા આપું છું અને ઇચ્છું છું કે તેઓ સદા આનંદમાં રહે. અહીં આવીને યુવા વર્ગને પ્રોત્સાહિત કરવા બદલ ફરી મેસીનો આભાર માનું છું.’ સચિને એવી પણ આશા વ્યક્ત કરી હતી કે ભવિષ્યમાં ભારત પણ ફૂટબૉલમાં ઊંચા શિખરો સર કરશે.

### ૧૦ નંબરવાળા મેસીને સચિનનું ૧૦ નંબરનું જર્સી

જેમ સચિન તેન્ડુલકર ૧૦ નંબરનું જર્સી પહેરીને ક્રિકેટ રમતો હતો એમ લિયોનેલ મેસીના જર્સીનો નંબર પણ ૧૦ છે. સચિને વાનખેડેની ઇવેન્ટમાં મેસીને પોતાના ઑટોગ્રાફ સાથેનું ૧૦ નંબરનું જર્સી અર્પણ કર્યું હતું. મેસીએ તેને વળતી ભેટના રૂપમાં ફૂટબૉલ આપ્યો હતો.

### ફડણવીસે ‘પ્રૉજેક્ટ મહાદેવ’ લૉન્ચ કર્યો

રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પણ વાનખેડેની ઇવેન્ટમાં ઉપસ્થિત મહાનુભાવોમાંથી એક હતા. તેમણે ‘પ્રૉજેક્ટ મહાદેવ’ના લૉન્ચિંગની જાહેરાત કરી હતી. આ પ્રકલ્પમાં રાજ્યભરમાંથી યુવા અને ટૅલન્ટેડ ફૂટબૉલ ખેલાડીઓને શોધીને તેમને ફૂટબૉલની તાલીમ આપવામાં આવશે.

### મેસી આજે દિલ્હીમાં પીએમ મોદીને મળશે

લિયોનેલ મેસી મુંબઈથી દિલ્હી જવા રવાના થયો હતો જ્યાં તે આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને તેમ જ ચીફ જસ્ટિસ ઑફ ઇન્ડિયાને તથા ભારતીય લશ્કરના વડાને મળશે. મેસી સાથે એનસીપીના નેતા અને ઑલ ઇન્ડિયા ફૂટબૉલ ફેડરેશનના પ્રમુખ પ્રફુલ પટેલ પણ મુલાકાત કરશે એવી ધારણા છે.

# સિનિયર પછી જુનિયર એશિયા કપમાં પણ ભારતે પાકિસ્તાનનું નાક કાપ્યું

## અન્ડર-૧૯ મુકાબલામાં ભારતનો ૯૦ રનથી વિજયઃ ભારતીય ખેલાડીઓએ ફરી પાકિસ્તાની પ્લેયરો સાથે હાથ ન મિલાવ્યા






દુબઈઃ મેન્સ અન્ડર-૧૯ એશિયા કપમાં ભારતે કટ્ટર હરીફ પાકિસ્તાનની ટીમનો ૯૦ રનથી પરાભવ કરીને પાકિસ્તાનને શરમમાં મૂકી દીધું છે. સપ્ટેમ્બરના મેન્સ ટી-૨૦ એશિયા કપમાં સૂર્યકુમાર યાદવના સુકાનમાં ભારતે સલમાન અલી આગાની કૅપ્ટન્સીમાં રમનાર પાકિસ્તાનને ઉપરાઉપરી બે મૅચમાં હરાવ્યા પછી ફાઇનલમાં પણ એને પછડાટ આપીને એની ફજેતી કરી હતી.

રવિવારે ફરહાન યુસુફની કૅપ્ટન્સીમાં રમનાર પાકિસ્તાનની અન્ડર-૧૯ ટીમ ૨૪૧ રનના લક્ષ્યાંક સામે ૪૧.૨ ઓવરમાં ફક્ત ૧૫૦ રનના સ્કોર પર આઉટ થઈ ગઈ હતી જેમાં હુઝઇફા અહસાનના ૭૦ રન હાઇએસ્ટ હતા. તેની વિકેટ લેનાર ઑફ સ્પિનર કનિષ્ક ચૌહાણે તેમ જ પેસ બોલર દીપેશ દેવેન્દ્રને ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. બે વિકેટ કિશન સિંહે અને એક-એક વિકેટ ખિલાન પટેલ તથા વૈભવ સૂર્યવંશીએ લીધી હતી.

એ પહેલાં, ટૉસ વખતે ભારતીય કૅપ્ટન આયુષ મ્હાત્રેએ પાકિસ્તાની સુકાની ફરહાન યુસુફ સાથે હાથ મિલાવવાનું ટાળ્યું હતું અને એને સ્પષ્ટ સંકેત આપી દીધો હતો કે મૅચ પછી પણ ભારતીય ખેલાડીઓ તેના પ્લેયર્સ સાથે હાથ નહીં મિલાવે. મૅચ પૂરી થયા પછી ભારતીય ખેલાડીઓએ બન્ને અમ્પાયરો સાથે હાથ મિલાવ્યા હતા અને પછી મેદાન પરથી જતા રહ્યા હતા. એ સાથે, ભારતે પાકિસ્તાન પ્રત્યે નો હૅન્ડશેક નીતિ જાળવી રાખી છે.

૪૯-૪૯ ઓવરની આ મૅચમાં ભારતની ટીમ પ્રથમ બૅટિંગ મળ્યા પછી ૪૬.૧ ઓવરમાં ૨૪૦ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. ૧૪ વર્ષનો સેન્સેશનલ ઓપનર વૈભવ સૂર્યવંશી ફક્ત પાંચ રનમાં આઉટ થઈ ગયો હતો, પણ ખાસ કરીને આરૉન જ્યોર્જના ૮૫ રન અને કનિષ્ક ચૌહાણના ૪૬ રનની મદદથી ભારતીય ટીમ પાકિસ્તાનને ૨૪૦ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપી શકી હતી.

પાકિસ્તાને માત્ર ૩૯ રનમાં પહેલી ચાર વિકેટ ગુમાવી દીધી હતી જેમાંની ત્રણ વિકેટ ૧૭ વર્ષના પેસ બોલર દીપેશ દેવેન્દ્રને લીધી હતી. શુક્રવારે ભારતે યુએઇને પ્રથમ મૅચમાં ૨૩૪ રનથી પરાજિત કર્યું હતું.

ગ્રૂપ-એમાં ભારત ચાર પૉઇન્ટ સાથે મોખરે છે અને બીજા નંબરના પાકિસ્તાન પાસે માત્ર બે પૉઇન્ટ છે. યુએઇ તથા મલયેશિયાની ટીમ હજી ખાતું નથી ખોલાવી શકી. ગ્રૂપ-બીમાં શ્રીલંકા અને બાંગ્લાદેશ બે-બે પૉઇન્ટ સાથે મોખરે છે.

# છ બોલરે ભારતને સિરીઝમાં અપાવી સરસાઈ

ધરમશાલાઃ ભારતે સાઉથ આફ્રિકાને અહીં રવિવારે ત્રીજી ટી-૨૦માં ફક્ત ૧૧૭ રનમાં ઑલઆઉટ કર્યા બાદ ૧૫.૫ ઓવરમાં ત્રણ વિકેટના ભોગે ૧૨૦ રન કરીને વિજય મેળવ્યો હતો અને પાંચ મૅચની સિરીઝમાં ૨-૧થી સરસાઈ મેળવી હતી. રવિવારે ખાસ કરીને ભારતને છ બોલરે આસાન જીત અપાવી હતી.

અભિષેક શર્મા (૩૫ રન, ૧૮ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર) આક્રમક ફટકાબાજીથી શુભમન ગિલ (૨૮ રન, ૨૮ બૉલ, પાંચ ફોર) સાથે ૬૦ રનની ભાગીદારી થયા બાદ ઉતાવળે બિગ શૉટ મારવાના પ્રયાસમાં કૅચઆઉટમાં વિકેટ ગુમાવી બેઠો હતો, પણ ગિલે પછીથી તિલક (અણનમ ૨૬) સાથે ૩૨ રનની પણ પાર્ટનરશિપ કરીને ટીમને વિજયની નજીક લાવી દીધી હતી. કૅપ્ટન સૂર્યકુમાર (૧૨ રન) ફરી ફ્લૉપ ગયો, પણ દુબે (ચાર બૉલમાં અણનમ ૧૦)એ સિક્સર-ફોરની ફટકાબાજી સાથે છેક સુધી તિલકને સાથ આપ્યો હતો.

### ભારતના તમામ છ બોલરને વિકેટ

એ પહેલાં, સાઉથ આફ્રિકાની ટીમ ઇનિંગ્સના છેલ્લા બૉલ પર ૧૧૭ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી. ભારતના તમામ છ બોલરને વિકેટ મળી હતી. ૨૦મી ઓવરના અંતિમ બૉલ પર કુલદીપ યાદવે બાર્ટમૅનને આઉટ કર્યો હતો. અર્શદીપ, હર્ષિત, કુલદીપ અને વરુણે બે-બે વિકેટ તથા હાર્દિક અને દુબેએ એક-એક વિકેટ મેળવી હતી. એકમાત્ર માર્કરમ (૪૬ બૉલમાં ૬૧ રન) ભારતીય બોલર્સ સામે લાંબો સમય લડ્યો હતો. સાઉથ આફ્રિકાએ પહેલી પાંચ વિકેટ ૪૪ રનમાં ગુમાવી દીધી હતી. પ્રવાસી ટીમની પ્રથમ વિકેટ પહેલા રન પર પડી હતી. ઓપનર રીઝા હેન્ડ્રિક્સની એ વિકેટ બાદ બીજા રન પર બીજા ઓપનર અને પાછલા મુકાબલામાં મૅચ-વિનિંગ ૯૦ રન કરનાર ક્વિન્ટન ડિકૉકની વિકેટ ગુમાવી હતી.

### બુમરાહ કદાચ ચોથી મૅચમાં નહીં રમે, અક્ષર બીમાર

બુમરાહ અંગત કારણસર રવિવારની મૅચમાં ન રમવાનો હોવાથી તેના સ્થાને હર્ષિત રાણાને ઇલેવનમાં સમાવવામાં આવ્યો હતો. બુમરાહ કદાચ બુધવારની ચોથી મૅચમાં પણ નહીં રમે. અક્ષર પટેલની તબિયત સારી ન હોવાથી તેના સ્થાને કુલદીપને રમવા બોલાવ્યો હતો. સાઉથ આફ્રિકાએ ટ્રિસ્ટેન સ્ટબ્સ, કૉર્બિન અને ઍન્રિક નોર્કિયાને ફરી ઇલેવનમાં સામેલ કર્યા હતા.



### કિંગ કોહલીનું સ્વદેશાગમન

ગઈ કાલે દિલ્હી ઍરપોર્ટ ખાતે પત્ની અનુષ્કા સાથે વિરાટ કોહલી. કિંગ કોહલી સૈયદ મુશ્તાક અલી ટ્રોફી નામની ટી-૨૦ ટૂર્નામેન્ટમાં રમવા લંડનથી ભારત પાછો આવ્યો હોવાનું મનાય છે. કેટલાક એવું પણ કહે છે કે તે સોમવારે દિલ્હીમાં ફૂટબૉલના સુપરસ્ટાર લિયોનેલ મેસીને મળવા આતુર છે. (પીટીઆઇ)

# મુંબઈને યશસ્વી અને સરફરાઝે જિતાડ્યું

પુણેઃ મહારાષ્ટ્રના ઍમ્બી અને પુણેમાં રવિવારે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની સુપર લીગ ગ્રૂપ-બી રાઉન્ડની ચાર ટી-૨૦ મૅચ રમાઈ હતી જેમાંની ઍમ્બીની મૅચમાં મુંબઈને યશસ્વી (૧૦૧ રન) તથા સરફરાઝ ખાન (૬૪ રન)એ જિતાડ્યું હતું. હરિયાણાએ ત્રણ વિકેટે ૨૩૪ રન કર્યા બાદ મુંબઈએ ૬/૨૩૮ના સ્કોર સાથે વિજય મેળવી લીધો હતો. મુંબઈનો હવે મંગળવારે રાજસ્થાન સામે સુપર લીગ ગ્રૂપ-એમાં મુકાબલો થશે. અન્ય મૅચોમાં આંધ્રએ પંજાબ સામે એક બૉલ બાકી રાખીને વિજય મેળવ્યો હતો, જ્યારે હૈદરાબાદે રાજસ્થાનને છ વિકેટે અને ઝારખંડે મધ્ય પ્રદેશને એક રનથી હરાવ્યું હતું.

# હું સારી બોલિંગ પણ કરીશ, મારા મૅનેજરે ગરબડ કરી નાખી છેઃ કૅમેરન ગ્રીન

## આવતી કાલે અબુ ધાબીમાં આઇપીએલનું મિની ઑક્શન

ઍડિલેઇડઃ મંગળવારે અબુ ધાબીમાં યોજાનારા આઇપીએલના મિની ઑક્શનને ગણતરીના કલાકો બાકી છે અને એ હરાજીમાં ઑસ્ટ્રેલિયાના કૅમેરન ગ્રીન ખૂબ ઊંચા ભાવે વેચાશે કે કેમ એ વિશે શંકા થઈ રહી છે ત્યારે ખુદ કૅમેરન ગ્રીને પોતાની ઑલરાઉન્ડર તરીકેની ઓળખ બાબતમાં સ્પષ્ટતા કરવી પડી છે જેમાં તેણે કહ્યું છે કે ‘ હું બોલિંગ પણ સારી કરી શકું છું. મારા વિશે જે કંઈ કહેવાયું છે એ બોલવામાં મારા મૅનેજરે ગરબડ કરી નાખી છે.’

૨૬ વર્ષનો કૅમેરન ગ્રીન પીઠની સર્જરીને લીધે ૨૦૨૫ની આઇપીએલમાં નહોતો રમી શક્યો. જૂનમાં તે સ્પેશ્યાલિસ્ટ બૅટ્સમૅન તરીકે પાછો મેદાન પર આવ્યો હતો. ત્યાર બાદ તેને તેના ક્રિકેટ બૉર્ડે બોલિંગ કરવાની મંજૂરી આપી છે અને તે ઇંગ્લૅન્ડ સામેની ઍશિઝ સિરીઝમાં બોલિંગ કરી રહ્યો છે.

તેણે કહ્યું છે કે આગામી આઇપીએલમાં તે બોલિંગ માટે પણ ઉપલબ્ધ રહેશે અને તેને મૅનેજરની ભૂલને લીધે મંગળવારના આઇપીએલ ઑક્શન માટેના લિસ્ટમાં તેનું નામ માત્ર બૅટ્સમૅન તરીકે રજિસ્ટર કરવામાં આવ્યું છે. ગ્રીન ૨૦૨૩માં મુંબઈ ઇન્ડિયન્સ વતી અને ૨૦૨૪માં રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ વતી રમ્યો હતો. તેણે આ વખતે બે કરોડ રૂપિયાની મૂળ કિંમતવાળા કૅટેગરીમાં નામ નોંધાવ્યું છે. તેનું નામ ઑલરાઉન્ડરને બદલે બૅટ્સમૅનની કૅટેગરીમાં છે.

કૅમેરન ગ્રીને રવિવારે એક જાણીતી ક્રિકેટ વેબસાઇટને કહ્યું, ‘ હું હવે ફરી સારી બોલિંગ કરી શકું છું. હું જે કહી રહ્યો છું એ મારા મૅનેજરને ગમશે કે નહીં એ મને ખબર નથી, પણ તેણે બોલવામાં ગરબડ તો કરી જ છે. મને લાગે છે કે તેણે મને માત્ર બૅટ્સમૅન તરીકે ઓળખાવવાનું પસંદ નહીં કર્યું હોય, પણ ફૉર્મ ભરવામાં ખોટું બૉક્સ પસંદ કર્યું હશે.’



ઑસ્ટ્રેલિયાનો કૅમેરન ગ્રીન પીઠની સર્જરીને લીધે ૨૦૨૫ની આઇપીએલમાં નહોતો રમી શક્યો. જોકે હવે તે ફુલ્લી ફિટ છે.

# મુંબઈમાં મેસીને આગમન પહેલાં જ મળી યાદગાર મહેમાનગતિ












ગઈ કાલે બ્રેબર્ન સ્ટેડિયમની બહાર મેસીના ચાહકોએ તેના ચહેરા જેવા માસ્ક પહેરીને ફોટો પડાવ્યો હતો. કોઈકે હાથ પર મેસીનું ટૅટૂ ચિતરાવ્યું હતું તો કોઈક પોતાની પસંદગીના બૅનર સાથે આવ્યા હતા.





શનિવારે કોલકાતામાં મેસીની મુલાકાત વખતે પ્રેક્ષકોના તોફાનની જે આઘાતજનક ઘટનાઓ બની એને ધ્યાનમાં રાખીને મુંબઈમાં ગઈ કાલે સલામતી માટે પોલીસ તંત્ર તેમ જ ટ્રાફિક પોલીસનો પાકો બંદોબસ્ત જોવા મળ્યો હતો. (અમય ખરાડે)



ગઈ કાલે સાંજની વાનખેડેની ઈવેન્ટ પહેલાં મરીન ડ્રાઈવ પર ફૂટબૉલપ્રેમીઓ મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા.

# જથ્થાબંધ ભાવાંક આધારિત ફુગાવો અને યુએસ-ઈન્ડિયા ટ્રેડ ડીલની પ્રગતિ નક્કી કરશે બજારની આગામી ચાલ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બજારને અસરકર્તા મુખ્ય પરિબળો હાલ શાંત છે ત્યારે સેન્ટિમેન્ટલ અસર માટે આગામી ચાલનો આધાર ઇકોનોમકિ ડેટા અને વિદેશી ફંડોના વલણ પર રહેવાની ધારણાં છે. વિશ્લેષકો જણાવે છે કે, ડબલ્યુપીઆઇ ઇન્ફલેશનના ડેટા, વિદેશી રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ અને વૈશ્વિક સંકેતો આ અઠવાડિયે શેરબજારના વલણોને નિર્ધારિત કરશે.

આ ઉપરાંત, રોકાણકારો દ્વારા યુએસ ડોલર અને ક્રૂડ ઓઇલ સામે રૂપિયાની હિલચાલ પર પણ નજર રાખવામાં આવશે, એમ તેમણે નોંધ્યું હતું. પાછલા સપ્તાહે બજારમાં ભારે અફડાતફડી જોવા મળી હતી અને છેવટે સાપ્તાહિક અંત નકારાત્મક ક્ષેત્રમાં રહ્યો હતો. ગયા અઠવાડિયે, બીએસઇ બેન્ચમાર્ક ઇન્ડેક્સમાં ૪૪૪.૭૧ પોઈન્ટ અથવા ૦.૫૧ ટકાનો ઘટાડો થયો હતો.

આ અઠવાડિયે ભારતના જથ્થાબંધ ભાવ સૂચકાંક (હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સ - ડબલ્યુપીઆઇ) ઇન્ફલેશન અને ટ્રેડ બેલેન્સના આંકડાઓ જાહેર થવાના છે, જેની બજાર પર સીધી અને ત્વરીત અસર થવાની સંભાવના છે. ભારત-યુએસ વેપાર ચર્ચાઓ સંબંધિત સમાચારો પણ માર્કેટને ઝોલા ખવડાવી શકે છે, જ્યારે વૈશ્વિક સ્તરે, યુએસ બજારોના પ્રદર્શન અને મેક્રો સંકેતો નજીકના ગાળાના સેન્ટિમેન્ટને પ્રભાવિત કરે તેવી અપેક્ષા છે.

આ મહિનાના પહેલા બે અઠવાડિયામાં વિદેશી રોકાણકારોએ ભારતીય ઇક્વિટીમાંથી ૧૭,૯૫૫ કરોડ રૂપિયા (૨ અબજ ડોલર) પાછા ખેંચી લીધા છે, જેના કારણે ૨૦૨૫માં કુલ આઉટફ્લો રૂ. ૧.૬ લાખ કરોડ (૧૮.૪ અબજ ડોલર) થયો છે.

વિદેશી ભંડોળના સતત આઉટફ્લો અને રૂપિયાના મૂલ્યમાં તીવ્ર ઘટાડાથી રોકાણકારોના વિશ્વાસ પર ભારે અસર પડી છે. આ સપ્તાહમાં ઇક્વિટી બજારો ખૂબ જ અસ્થિર રહેવાની શક્યતા છે કારણ કે વૈશ્વિક ફુગાવાના ડેટાના ભારેભરખમ ડેટા, રોકાણકારોનું ધ્યાન ફરી એકવાર નાણાકીય નીતિના ભાવિ તરફ દોરશે.

વિશ્વના મુખ્ય બજારોમાં ૧૦-વર્ષના બોન્ડની યીલ્ડ પહેલાથી જ ઊંચા સ્તરે હોવાથી, અમેરિકા, યુરોઝોન અને અન્ય દેશોના આગામી ફુગાવાના ડેટાની ઇન્વેસ્ટર્સ અને એનાલિસ્ટ્સ દ્વારા ઝીણવટભરી તપાસ કરવામાં આવશે કે શું વૈશ્વિક નાણાકીય હળવી નીતિનું ચક્ર તેના અંતની નજીક પહોંચ્યું છે કે શું?

અમેરિકા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જ્યાં કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ફલેશન, રીટેલ સેલ્સ અને નોન ફાર્મ પેરોલ્સના ડેટા સહિત મુખ્ય મેક્રો રિલીઝ અર્થતંત્રની મજબૂતાઈ અને ફુગાવાના અંદાજમાં ઊંડી સમજ આપશે તેવી અપેક્ષા છે. એકંદરે, વિશ્લેષકો એવું અનુમાન બાંધી રહ્યા છે કે વ્યાપક સૂચકાંકોમાં અસ્થિરતાના આંચકા સાથે બજારોમાં અફડાતફડી અને ઊથલપાથલનો દોર ચાલુ રહેશે. અલબત્ત, ભારત-યુએસ કરાર પર કોઈપણ ઔપચારિક પ્રગતિના સમાચાર બજારને મક્કમ આગેકૂચ તરફ દોરી શકે છે.

એફઆઇઆઇના એકધારા આઉટફ્લોને સંદર્ભે જાણીતા માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે યુએસ વ્યાજ દરમાં વધારો, તરલતાની કડક સ્થિતિ અને સુરક્ષિત અથવા વધુ ઉપજ આપતી વિકસિત બજાર સંપત્તિઓ માટે પસંદગી રોકાણકારોની ભાવના પર ભાર મૂક્યો છે. દબાણમાં વધારો કરીને, ભારતના પ્રમાણમાં સમૃદ્ધ ઇક્વિટી મૂલ્યાંકને તેને અન્ય ઉભરતા બજારોની તુલનામાં ઓછું આકર્ષક બનાવ્યું છે જે હાલમાં વધુ સારું મૂલ્ય પ્રદાન કરે છે, તેમણે ઉમેર્યું.

આ ચિંતાઓ ઉપરાંત, ભારતીય રૂપિયામાં નબળાઈ, વૈશ્વિક પોર્ટફોલિયો રિબેલેન્સિંગ, વર્ષના અંતની અસરો અને લાંબા ગાળાની મેક્રોઇકોનોમિક અનિશ્ચિતતા સતત ઉપાડ પાછળના મુખ્ય કારણો તરીકે દર્શાવી હતી. સતત વિદેશી વેચાણ છતાં, બજારો પરની અસર મોટાભાગે મજબૂત સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ) ભાગીદારી દ્વારા સરભર ક્થઇ શકી છે.

ડીઆઇઆઇએ ઉપરોક્ત સમયગાળા દરમિયાન રૂ. ૩૯,૯૬૫ કરોડનું રોકાણ કર્યું હતું, જે એફઆઇઆઇના પ્રવાહને અસરકારક રીતે સરભર કરવામાં સફળ રહ્યું હતું. ભવિષ્ય તરફ જોતાં, કેટલાક બજાર નિષ્ણાતો માને છે કે વેચાણનું દબાણ ઓછું થઈ શકે છે. ભારતના મજબૂત વિકાસ અને કમાણીના દૃષ્ટિકોણને જોતાં સતત વેચાણ ચાલુ રહેવાની શક્યતા ઓછી લાગે છે, જે સૂચવે છે કે એફઆઇઆઇની વેચવાલી આગળ જતાં ઘટવાની શક્યતા છે.

આ ઉપરાંત યુએસ-ભારત વેપાર સોદો વિદેશી રોકાણ વલણોમાં પલ્ટો લાવી શકે છે. દરમિયાન, ડેટ માર્કેટમાં, વિદેશી ફંડોએ સામાન્ય મર્યાદા હેઠળ રૂ. ૩૧૦ કરોડ પાછા ખેંચી લીધા હતા, પરંતુ તે જ સમયગાળા દરમિયાન સ્વૈચ્છિક રીટેન્શન રૂટ દ્વારા રૂ. ૧૫૧ કરોડનું રોકાણ કર્યું હતું. ■

# પ્રાઈમરી માર્કેટમાં ચાર નવા ઇશ્યૂ અને ૧૫ કંપનીનું લિસ્ટિંગ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ આ સપ્તાહે પ્રાઇમરી માર્કેટમાં ચાર નવા જાહેર ભરણાં અને ૧૫ કંપનીઓ લિસ્ટ થવાની તૈયારીમાં હોવાથી પ્રાથમિક બજાર સક્રિય રહેશે. મેઇનબોર્ડ અને એસએમઇ બંને સેગમેન્ટમાં ભારે ગતિવિધિ જોવા મળશે, જેનાથી રોકાણકારોને પ્રાથમિક બજારમાં અનેક તકો મળશે. નવા ઇશ્યૂઓમાં, કેએસએચ ઇન્ટરનેશનલ એકમાત્ર મેઇનબોર્ડ આઇપીઓ ઓફરિંગ છે જે આ સપ્તાહે ખુલશે, જ્યારે એસએમઇ સેગમેન્ટમાં ત્રણ આઇપીઓ ખુલશે. ડિસેમ્બરના ત્રીજા સપ્તાહમાં પ્રાથમિક બજાર વધુ એક વ્યસ્ત સપ્તાહ માટે તૈયાર છે, જેમાં ચાર નવા પ્રારંભિક જાહેર ઓફર (આઇપીઓ) સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને પંદર જેટલી કંપનીઓ શેરબજારમાં પ્રવેશ કરશે. ગયા અઠવાડિયે, આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ એએમસીનો આઇપીઓ શુક્રવાર, ૧૨ ડિસેમ્બરના રોજ બિડિંગ માટે ખુલ્યો હતો.

લિસ્ટિંગ કેલેન્ડર આ સપ્તાહે ભરચક છે. આજે પંદરમી ડિસેમ્બરે, વેકફિટ ઇનોવેશન્સ આઇપીઓ અને કોરોના રેમેડીઝ આઇપીઓ મેઇનબોર્ડ પર લિસ્ટ થશે. એસએમઇ સેગમેન્ટમાં, કેવી ટોય્ઝ ઇન્ડિયા, પ્રોડોક્સ સોલ્યુશન્સ અને રિદ્ધિ ડિસ્પ્લે ઇક્વિપમેન્ટ્સ એ જ દિવસે ડેબ્યૂ કરશે.

જ્યારે ૧૭ ડિસેમ્બરે, નેફ્રોકેર હેલ્થ સર્વિસીસ અને પાર્ક મેડી વર્લ્ડ એલએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ કરશે, જ્યારે યુનિસેમ એગ્રીટેક અને શિપવેવ્સ ઓનલાઇન એસએમઇ સેગમેન્ટમાં ડેબ્યૂ કરશે. એ જ રીતે, ૧૮ ડિસેમ્બરે પેજસન એગ્રો ઇન્ડિયા અને એચઆરએસ એલ્યુગ્લેઝ સાથે લિસ્ટિંગ મેળવશે, ત્યારબાદ ૧૯ ડિસેમ્બરે સ્ટેનબિક એગ્રો, એક્ઝિમ રૂટ્સ અને અશ્વિની કન્ટેનર મૂવર્સ આવશે. ■

# જેમ્સ- જ્વેલરીની નિકાસ ૨૦ ટકા વધી

મુંબઈઃ નવેમ્બરમાં ભારતની રત્નો અને ઝવેરાતની નિકાસ ગયા વર્ષના સમાન મહિનાની તુલનામાં ૧૯.૬૪ ટકા વધીને ૨.૫ બિલિયન ડોલર સુધી પહોંચી હોવાનું જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ જણાવ્યું છે. કાઉન્સિલના ડેટા અનુસાર, પાછલા વર્ષના સમાન મહિના દરમિયાન કુલ નિકાસ ૨.૧ બિલિયન ડોલર રહી હતી. એપ્રિલ-નવેમ્બરના સમયગાળા દરમિયાન રત્નો અને ઝવેરાતની કુલ નિકાસ ૧૮.૮૬ બિલિયન ડોલર પર સ્થિર રહી, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૧૮.૮૫ બિલિયન ડોલર હતી. ■

# બુલિયન માર્કેટમાં જબ્બર તેજીઃ સોનામાં રૂ. ૪૦૦૦ અને ચાંદીમાં રૂ. ૧૭,૦૦૦નો ઉછાળો

નવી દિલ્હીઃ મજબૂત વૈશ્વિક સંકેતોને પગલે ભારતમાં પાછલા સપ્તાહ દરમિયાન સોના અને ચાંદીના ભાવમાં તીવ્ર ઉછાળો નોંધાયો છે. સોનામાં પ્રતિ ૧૦ ગ્રામ આશરે ૪,૦૦૦ રૂપિયાનો વધારો થયો, જ્યારે ચાંદીમાં પ્રતિ કિલોગ્રામ લગભગ ૧૭,૦૦૦ રૂપિયાનો ઉછાળો નોંધાયો છે. મજબૂત વૈશ્વિક માગ, પુરવઠામાં તંગી અને સેફ હેવન બાઇંગ જેવા કારણોસર આ તેજી આવી છે.

વૈશ્વિક બુલિયન બજારોમાં મજબૂત વધારાને પગલે સ્થાનિક બજારમાં સોના અને ચાંદીના ભાવમાં તીવ્ર વધારો થયો હતો અને બંને કિંમતી ધાતુઓ રેકોર્ડ ઊંચાઈની નજીક પહોંચી ગઈ છે. આઇબીજેએ અનુસાર, ૨૪ કેરેટ સોનાનો ભાવ ૪,૧૮૮ રૂપિયા વધીને ૧,૩૨,૭૧૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયો, જે એક અઠવાડિયા અગાઉ ૧,૨૮,૫૯૨ રૂપિયા હતો. તહેવારો અને લગ્નની મોસમ પહેલા આ તીવ્ર વધારાએ રોકાણકારો અને ખરીદદારો બંનેનું ધ્યાન ખેંચ્યું છે.

સોનાની અન્ય શ્રેણીઓમાં પણ મજબૂત વધારો જોવા મળ્યો હતો. ગયા સપ્તાહે ૨૨ કેરેટ સોનાનો ભાવ ૧,૧૭,૭૭૭ રૂપિયાથી વધીને ૧,૨૧,૫૬૨ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયો હતો. દરમિયાન, ૧૮ કેરેટ સોનાનો ભાવ ૯૬,૪૪૪ રૂપિયાથી વધીને ૯૯,૫૩૩ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયો હતો.

જોકે, સપ્તાહ દરમિયાન ચાંદીએ સોના કરતાં વધુ સારો દેખાવ કર્યો. આ કિંમતી શ્વેત ધાતુના ભાવ પ્રતિ કિલોગ્રામ લગભગ ૧૭,૦૦૦ રૂપિયા વધ્યા. આઇબીજેએના ડેટા મુજબ, ચાંદી એક અઠવાડિયા પહેલા ૧,૭૮,૨૧૦ રૂપિયાની સરખામણીમાં ૧,૯૫,૧૮૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ સુધી પહોંચી ગઇ હતી.

શુક્રવારે, ઓનલાઇન એક્સચેન્જ પર ઇન્ટ્રાડે ટ્રેડમાં ચાંદીનો ભાવ પહેલી વાર બે લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામના આંકને સ્પર્શ્યો હતો અને થોડો ઘટાડો થતાં પહેલાં ૨,૦૧,૩૮૮ રૂપિયા પ્રતિ કિલોગ્રામના સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયો હતો. પાંચમી માર્ચ, ૨૦૨૬ના રોજ સમાપ્ત થતા ચાંદીના વાયદા કરારમાં સત્ર દરમિયાન ૨,૪૦૦ રૂપિયાથી વધુનો ઉછાળો આવ્યો અને બાદમાં તે ૨,૦૦,૪૬૨ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર સ્થિર થયો હતો.

સોનાના વાયદામાં પણ મજબૂત ખરીદી જોવા મળી હતી. પાંચમી ફેબ્રુઆરીના સોનાના વાયદા કરારમાં ૧.૮૭ ટકાનો વધારો થયો અને તે ૧૦ ગ્રામ દીઠ ૧,૩૪,૯૪૮ રૂપિયા પર બંધ થયો. રીટેલ માર્કેટમાં સોનાના ભાવમાં એક જ દિવસમાં ૪,૬૦૦ રૂપિયાથી વધુનો ઉછાળો આવ્યો, જે તીવ્ર ગતિ દર્શાવે છે.

બજારના નિષ્ણાતો કહે છે કે મજબૂત વૈશ્વિક વલણો દ્વારા તેજીને ટેકો મળ્યો છે. સૌર ઉર્જા, ઇલેક્ટ્રિક વાહનો અને ઇલેક્ટ્રોનિક્સ જેવા ક્ષેત્રોમાંથી વધતી ઔદ્યોગિક માગ, તેમજ તંગ વૈશ્વિક પુરવઠાને કારણે ચાંદીના ભાવમાં વધારો થયો છે. બીજી તરફ, ભૂરાજકીય તણાવ અને ફુગાવાની ચિંતાઓ વચ્ચે કેન્દ્રીય બેંકો અને સલામતી શોધતા રોકાણકારો દ્વારા સતત ખરીદીથી સોનાને ફાયદો થઈ રહ્યો છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે, કોમેક્સ પર સોનું ૪,૩૨૮ ડોલર પ્રતિ ઔંસના રેકોર્ડ સ્તરની નજીક ટ્રેડ થઈ રહ્યું હતું, જ્યારે ચાંદી ૬૨ ડોલર પ્રતિ ઔંસની આસપાસ બોલાતી હતી. વૈશ્વિક ભાવમાં મજબૂતાઈએ સ્થાનિક બુલિયનના ભાવમાં સીધા જ વધારો ઉમેર્યો હોવાનું માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું. ■

# રિઝર્વ બેન્ક દ્વારા રેટ કટની વર્તમાન સાઈકલ લગભગ સમાપ્ત

મુંબઈ : રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા વ્યાજ દરમાં કપાતની વર્તમાન સાઈકલ હવે પૂરી થઈ છે. આર્થિક વિકાસ દર નબળો પડશે તો જ નજીકના ભવિષ્યમાં કપાત જોવા મળશે એમ ઈક્રા દ્વારા અનુમાન મૂકવામાં આવ્યું છે. હાલનો વ્યાજ દર લાંબા સમય સુધી યથાવત રહેશે.

ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટ (જીડીપી) અને ફુગાવાની હાલની અનુકૂળ સ્થિતિમાં રિઝર્વ બેન્કે શુક્રવારે રેપો રેટ ૦.૨૫ ટકા ઘટાડી ૫.૨૫ ટકા કર્યો છે. છ મહિનાના ગાળા બાદ આ કપાત આવી પડી છે.

રેપો રેટમાં હવે પછીની કપાત ત્યારે જ જોવા મળશે જ્યારે આર્થિક વિકાસ નબળો પડતો જણાશે. શુક્રવારે રેપો રેટમાં કરાયેલી કપાત દર ઘટાડાની વર્તમાન સાઈકલની અંતિમ હોવાનો રેટિંગ એજન્સી ઈક્રા દ્વારા એક રિપોર્ટમાં મત વ્યકત કરવામાં આવ્યો છે.

ઓકટોબરમાં ફુગાવામાં જોવા મળેલો ઘટાડો જીએસટી દરમાં કરાયેલા ફેરબદલને પરિણામે જોવા મળ્યો હતો. જીએસટીમાં ઘટાડાની હકારાત્મક અસર નાણાં વર્ષ ૨૦૨૭ના બીજા ત્રિમાસિક સુધી ફુગાવામાં ઘટાડા તરફી દબાણ લાવશે. વર્તમાન નાણાં વર્ષના ફુગાવાના અંદાજને રિઝર્વ બેન્કે ઘટાડી ૨ ટકા કર્યો છે જે અગાઉ ૨.૬૦ ટકા મુકાયો હતો.

આ ઉપરાંત આર્થિક વિકાસ દરનો અંદાજ પણ વધારી ૭.૩૦ ટકા કરાયો છે. નાણાં વ્યવસ્થામાં લિક્વિડિટી ઠાલવવાના આરબીઆઈના પગલાંથી ધિરાણદારો માટે ધિરાણ દર ઘટાડવાનું સરળ બનશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. ન્યુટ્રલ પોલિસી સ્ટાન્સ જાળવી રાખી રિઝર્વ બેન્કે નજીકના ભવિષ્યમાં વ્યાજ દરમાં વધારો અથવા ઘટાડો કરવાનો નિર્ણય સ્થિતિને ધ્યાનમાં રાખીને લેવાશે તેવા પણ સંકેત આપ્યા છે. ■

# આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલને પહેલા જ દિવસે ૫,૪૯૦ કરોડની બિડ મળી

મુંબઇઃ આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ એસેટ મેનેજમેન્ટ કંપની (એએમસી)ના જાહેર ઇશ્યૂમાં સંસ્થાકીય રોકાણકારો તરફથી મજબૂત રસ જોવા મળી રહ્યો છે, જેમાં ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (ક્વિબ્સ) ભાગ ઇશ્યૂના પહેલા જ દિવસે સંપૂર્ણપણે સબસ્ક્રાઇબ થઈ ગયો છે. પહેલા દિવસે, ઇશ્યૂને લગભગ રૂ.૫,૪૯૦ કરોડની બિડ મળી હતી, જેની કુલ ઓફર કદ રૂ.૭,૫૮૧ કરોડ હતી, જે કુલ સબ્સ્ક્રિપ્શન ૭૨ ટકા હતું. ક્વીબ કેટેગરી ૧.૯૭ ગણી સબ્સ્ક્રાઇબ થઈ હતી. અન્ય રોકાણકારો શ્રેણીઓમાં પણ ગતિ જોવા મળી હતી, જેમાં બિન-સંસ્થાકીય રોકાણકાર સેગમેન્ટ ૦.૩૭ ગણું, છૂટક વ્યક્તિગત રોકાણકારો ૦.૨૧ ગણું અને રિઝર્વેશન કેટેગરી ૦.૪૪ ગણું સબ્સ્ક્રાઇબ થયું હતું.

પ્રી આઇપીઓ અને એન્કર બુકમાં વૈશ્વિક અને સ્થાનિક રોકાણકારોના નોંધપાત્ર રસને કારણે મજબૂત પ્રતિસાદ મળ્યો છે. પબ્લિક ઇશ્યૂ પહેલા, કંપનીએ ૧૪૯ એન્કર રોકાણકારો પાસેથી આશરે ૧૩.૯૫ મિલિયન ઇક્વિટી શેર પ્રતિ શેર રૂ૨૫૨,૧૬૫ના દરે ફાળવણીને રૂ.૩,૦૨૧.૮ કરોડ એકત્ર કર્યા. એન્કર બુકમાં જીઆઇસી, ટેમાસેક અને લુનેટ જેવા અગ્રણી સોવરિન વેલ્થ ફંડ્સ, ફિડેલિટી, બ્લેકરોક, નોર્જેસ બેંક, એબરડીન, વેલિંગ્ટન, કેપિટલ ગ્રુપ, જેપી માર્ગન, ગોલ્ડમેન સાશ અને એચએસબીસી ગ્લોબલ જેવા વૈશ્વિક એસેટ મેનેજર્સ તેમજ ખાનગી ઇક્વિટી રોકાણકારો કેદારા કેપિટલ અને ક્રિસ કેપિટલનો સમાવેશ થતો હતો.

સ્થાનિક રોકાણકારોની ભાગીદારી એટલી જ મજબૂત હતી, જેમાં સ્વર્ગસ્થ રાકેશ ઝુનઝુનવાલાની એસ્ટેટ જેવા અનુભવી રોકાણકારોના રોકાણનો સમાવેશ થતો હતો. એસબીઆઇ લાઇફ, એચડીએફસી લાઇફ, કોટક લાઇફ, આદિત્ય બિરલા સન લાઇફ ઇન્શ્યોરન્સ અને બજાજ લાઇફ સહિતની તમામ મોટી સ્થાનિક જીવન વીમા કંપનીઓએ એન્કર બુકમાં ભાગ લીધો હતો. વધુમાં, ૨૭ સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડોએ ૭૭ યોજનાઓ દ્વારા રોકાણ કર્યું હતું, જેમાં ટોચના ૨૦ મ્યુચ્યુઅલ ફંડ હાઉસમાંથી ૧૯એ ભાગ લીધો હતો. ■

# એફઆઈઆઈએ દસ દિવસમાં રૂ. ૧૭,૯૫૫ કરોડના શેર વેચ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ડિસેમ્બર મહિનામાં ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૧૭,૯૫૫ કરોડ પાછા ખેંચી લીધા છે, જ્યારે વર્ષ ૨૦૨૫માં આ વર્ગ તરફથી કુલ ૧.૬ લાખ કરોડ રૂપિયાનો આઉટફ્લો નોંધાયો છે.

આ મહિનાના પહેલા બે અઠવાડિયામાં વિદેશી રોકાણકારોએ ભારતીય ઇક્વિટી બજારમાંથી ૧૭,૯૫૫ કરોડ રૂપિયા (બે અબજ ડોલર) પાછા ખેંચી લીધા હતા, જઆ આંકડા સાથે વર્ષ ૨૦૨૫માં વિદેશી ફંડોનો કુલ આઉટફ્લો ૧.૬ લાખ કરોડ રૂપિયા (૧૮.૪ અબજ ડોલર) નોંધાયો હતો. નવેમ્બરમાં ૩,૭૬૫ કરોડ રૂપિયાના ચોખ્ખા આઉટફ્લો પછી આ વધુ તીવ્ર ઉપાડ થયો હતો, જેનાથી સ્થાનિક ઇક્વિટી બજારો પર દબાણ વધ્યું હતું.

વર્તમાન વલણ ઓક્ટોબરમાં ટૂંકા ગાળાના વિરામ પછી આવ્યું છે, જ્યારે વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઇ)એ ૧૪,૬૧૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું, જેનાથી ત્રણ મહિનાનો ભારે ઉપાડનો સિલસિલો તૂટી ગયો હતો. એફપીઆઇએ સપ્ટેમ્બરમાં ૨૩,૮૮૫ કરોડ રૂપિયા, ઓગસ્ટમાં ૩૪,૯૯૦ કરોડ રૂપિયા અને જુલાઈમાં ૧૭,૭૦૦ કરોડ રૂપિયાના ઇક્વિટી વેચ્યા હતા. ■

# ભારતની જીડીપી વૃદ્ધિ સંદર્ભે ફિચે નાણાકીય વર્ષ ૨૦૨૬નો અંદાજ વધાર્યો

મુંબઇઃ ફિચે ભારતના નાણાકીય વર્ષ ૨૬ માટે જીડીપી વૃદ્ધિનો અંદાજ વધારીને ૭.૪ ટકા જાહેર કર્યો છે, જે ગ્રાહક ખર્ચમાં સુધારો, જીએસટીના સુધારા અને વધુ સારા ગ્રાહક ભાવાંકના કારણે છે. ખાનગી ગ્રાહક ખર્ચ આ વર્ષે વૃદ્ધિનું મુખ્ય પરિબળ છે, જેને મજબૂત વાસ્તવિક આવક ગતિશીલતા, કન્ઝ્યુમર સેન્ટિમેન્ટમાં સુધારો અને તાજેતરમાં લાગુ કરાયેલા માલ અને સેવા કર (જીએસટી) સુધારાઓની અસર દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.

જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં આર્થિક વિકાસ વૃદ્ધિ વધુ ઝડપી બનીને ૮.૨૦ ટકા થઈ છે, જે એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં ૭.૮૦ ટકાના સ્તરે હતી. ફિચ રેટિંગ્સમાં, ગ્રાહક ખર્ચમાં વધારો અને જીએસટી સુધારાઓ દ્વારા સુધારેલા સેન્ટિમેન્ટને કારણે, ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતના જીડીપી વૃદ્ધિનો અંદાજ ૬.૯૦ ટકાથી વધારીને ૭.૪૦ ટકા કરવામાં આવ્યો છે. ફિચે ગ્લોબલ ઇકોનોમિક આઉટલુક રિપોર્ટમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૫-૨૬ (માર્ચના અંત સુધી) બાકીના સમયગાળા દરમિયાન વૃદ્ધિ ધીમી પડશે, પરંતુ અમે અમારા સંપૂર્ણ વર્ષના વિકાસ અનુમાનને સપ્ટેમ્બરમાં ૬.૯૦ ટકાથી વધારીને ૭.૪૦ ટકા કર્યું છે. ખાનગી ગ્રાહક ખર્ચ આ વર્ષે વૃદ્ધિનું મુખ્ય ચાલક બળ છે, જેને મજબૂત વાસ્તવિક આવક ગતિશીલતા, કન્ઝ્યુમર સેન્ટિમેન્ટમાં વધારો અને તાજેતરમાં લાગુ કરાયેલા જીએસટી સુધારાઓની અસર દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. ■

BRIHANMUMBAI MAHANAGARPALIKA

વિભાગઃ- ડેપ્યુટી હાઈડ્રોલિક એન્જિનિયર (જાળવણી)

નં. HE/૭૪૨૪/AE (M.)WWES: તા. ૧૨.૧૨.૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેકશન અને મહા ટેન્ડર પોર્ટલ હેઠળ B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર. નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૫_MCGM_ ૧૨૫૮૮૧૮_૧ | AEMWWES-II હેઠળ વિવિધ રિસવેર્સ ખાતે સલગ્ન કામ સાથે સર્જર પ્રોટેકશન ડિવાઈઝનું રિપેર અને પુનસ્થાપન. |

ઈચ્છુક ટેન્ડરરોએ ટેન્ડરની વધુ વિગતો માટે (http://mahatenders.gov.in) ખાતે મહાટેન્ડર્સ પોર્ટલ વેબસાઈટ અને http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટની મુલાકાત લેવી.

સહી/-
E.E. (H.W.) W.W.

PRO/2653/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ટેન્ડર નોટિસ**

| | | | |
|---|---|---|---|
| વિભાગ | | : | સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ |
| સેકશન | | : | ડે. ચી. એન્જિ. (SWM) પ્લાનિંગ |
| ટેન્ડર ID નંબર | | | ૨૦૨૫ _MCGM_૧૨૫૮૩૪૯_૧ |
| વિષય | | : | ૨ વર્ષ માટે મિકેનિકલ પાવર સ્વીપિંગ મશીન દ્વારા ઈસ્ટર્ન ફ્રીવે અને સાંતાક્રુઝ ચેમ્બુર લિંક રોડનું સ્વીપિંગનું કામ. |
| બિડ પ્રારંભ તારીખ અને સમય | | : | ૧૫.૧૨.૨૦૨૫ સવારે ૧૧.૦૦ કલાકથી |
| પ્રી-બિડ મિટિંગ તારીખ | | : | ૨૩.૧૨.૨૦૨૫ બ. ૧૫.૦૦ ક.થી |
| બિડ અંતિમ તારીખ અને સમય | | : | ૨૯.૧૨.૨૦૨૫ સાં. ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | | : | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિઃ- | | | |
| a | નામ | : | શ્રી હેમંત ટી. ભુસારે, AE (SWM) પ્લાનિંગ |
| b | ટેલિફોન | : | ૦૨૨-૨૩૮૪૪૪૫૦ |
| c | મોબાઈલ નંબર | : | ૯૭૬૨૦૦૬૪૪૯ |
| D | ઈ-મેલ ID | : | ee1swm.p1@mcgm.gov.in |

સહી/-
એક્ષી. એન્જિ. (SWM)
પ્લાનિંગ

PRO/2626/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો

BRIHANMUMBAI MAHANAGARPALIKA

K.E.M. હોસ્પિટલ

ઈ-પ્રોક્યોરમેન્ટ ક્વોટેશન નોટીસ

KEM/GST/૨૨૩૧/ઈ-ટેન્ડર (NON-SCH)

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચેના ઓનલાઈન ઈ-ટેન્ડરો મંગાવે છે. ટેન્ડર ફક્ત મહાટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in) દ્વારા મંગાવાય છે.

| ક્ર. નં. | વર્ણન | ટેન્ડર ફી | બારડી | ઓનલાઈન બીડ ડાઉનલોડિંગની પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતિની અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧. | નાની સાઈઝના પરીક્ષાના ગ્લોવ્ઝની ખરીદી ૨૦૨૫_MCGM_ ૧૨૫૮૪૧૧ | રૂ. ૧૩૨૦/- + ૧૮% GST | રૂ. ૨૦,૦૦૦/- | ૧૫.૧૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. | ૨૨.૧૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. |
| ૨. | મિડિયમ સાઈઝના પરીક્ષાના ગ્લોવ્ઝની ખરીદી ૨૦૨૫_MCGM_ ૧૨૫૮૪૧૨ | રૂ. ૧૩૨૦/- + ૧૮% GST | રૂ. ૨૦,૦૦૦/- | ૧૫.૧૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. | ૨૨.૧૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. |
| ૩. | લાર્જ સાઈઝના પરીક્ષાના ગ્લોવ્ઝની ખરીદી ૨૦૨૫_MCGM_ ૧૨૫૮૪૧૩ | રૂ. ૧૩૨૦/- + ૧૮% GST | રૂ. ૨૦,૦૦૦/- | ૧૫.૧૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. | ૨૨.૧૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. |
| ૪. | ૬.૫ સાઈઝના OT જંતુરહિત ડિસ્પોઝેબલ ગ્લોવ્ઝની ખરીદી ૨૦૨૫_MCGM_ ૧૨૫૮૪૦૧ | રૂ. ૧૩૨૦/- + ૧૮% GST | રૂ. ૨૦,૦૦૦/- | ૧૫.૧૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. | ૨૨.૧૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. |
| ૫. | ૭ સાઈઝના OT જંતુરહિત ડિસ્પોઝેબલ ગ્લોવ્ઝની ખરીદી ૨૦૨૫_MCGM_ ૧૨૫૮૪૦૪ | રૂ. ૧૩૨૦/- + ૧૮% GST | રૂ. ૨૦,૦૦૦/- | ૧૫.૧૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. | ૨૨.૧૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. |
| ૬. | ૭.૫ સાઈઝના OT જંતુરહિત ડિસ્પોઝેબલ ગ્લોવ્ઝની ખરીદી ૨૦૨૫_MCGM_ ૧૨૫૮૪૦૫ | રૂ. ૧૩૨૦/- + ૧૮% GST | રૂ. ૨૦,૦૦૦/- | ૧૫.૧૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. | ૨૨.૧૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. |

બીડ મહાટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in) દ્વારા મંગાવવામાં આવશે.
ટેન્ડરરે નોંધ લેવી કે આ ટેન્ડર નોટીસ અંગે ઈશ્યૂ કરાયેલ કોઈપણ સુધારા ફક્ત મહાટેન્ડર વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારોમાં કોઈ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

સહી/-
ડીન
KEM હોસ્પિટલ

PRO/2634/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

EXPRESSION OF INTEREST (EOI) FOR REDEVELOPMENT/ OUTRIGHT OF INDUSTRIAL PREMISES

**BAJSONS [INDUSTRIAL] PREMISES CO-OPERATIVE SOCIETY LTD.**
**40, Cardinal Gracious Road, Andheri (East), Mumbai - 400 099**
**(Reg. No. BOM/HSG.76)**

Expressions of Interest (EOI) are invited by Bajsons Industrial Premises Co-operative Society Ltd. from reputed, experienced, and financially sound Developers for the Redevelopment of below mentioned property:

**PROPERTY DETAILS**

- CTS No.: 385 & 383, Village Chakala Address: 40, Cardinal Gracious Road, Andheri (East), Mumbai – 400099
- Plot Area (PRC): 6610.30 Sq.mtr
- Road Width: 18.30 mtr
- Existing Members: 79 (Industrial Users)
- Existing Carpet Area: 6079.34 Sq.mtr
- Rehabilitation: Commercial units for all existing members
- Prime location, Wide Frontage, Near to International Airport, Western Express Highway & Chakala Metro Station.

**DEVELOPER ELIGIBILITY CRITERIA**

1. Minimum 15 years continuous experience in real estate development.
2. At least one 2-acre Industrial/ Commercial redevelopment completed in the last 10 years.
3. Minimum consolidated net worth of Group : 250 Crores.
4. Strong financial capability with audited financials for last 3 years.
5. Proven technical competence in large-scale redevelopment in MMR.
6. No blacklisting, debarment, or litigation of any project executed by them.

**SUBMISSION OF EOI**

Submit EOI in a sealed envelope superscribed: "EOI FOR REDEVELOPMENT/ OUTRIGHT OF **BAJSONS INDUSTRIAL PREMISES CO-OPERATIVE SOCIETY LTD.**" along with Application Form which should be collected from Society office by payment of non-refundable Application Fee of 29,500/- by D.D./ Online transfer /Cheque in favour of **BAJSONS [INDUSTRIAL] PREMISES CO-OPERATIVE SOCIETY LTD.** Shortlisted developer will be informed by 9th Feb 2026 & the said developer must give non-refundable E.M.D . of Rs 5 Lacs by 28th Feb 2026

**EOI to reach Society office by 22nd Jan 2026, 5 pm & must include following documents:**

- Application Form & all supporting documents duly filled, signed and stamped,
- Company Profile & Management Credentials
- List of completed (with OC) and ongoing projects
- C.A. Certified proof of strong financials for last 3 years.
- Proof of similar 2-acre project in Mumbai/ our Society vicinity
- Relevant registrations & certifications

**CONTACT DETAILS**
**BAJSONS [INDUSTRIAL] PREMISES CO-OPERATIVE SOCIETY LTD.**
EOI Submission in sealed envelope Deadline: 22nd Jan 2026, 5 pm
**Email: Bajsons2022@gmail.com**
**Phone:**
**Hon. Chairman : 9821032991,**
**Hon. Secretary : 9819743204**
**Office Hours: 11:00 AM to 5:00 PM**

**IMPORTANT NOTE:**
The Society reserves the right to accept or reject, or cancel any/all offers at any stage without assigning any reason whatsoever.

# તિજોરી ભરપૂર નથી, પણ મજબૂત, સ્થિર મહારાષ્ટ્ર માટે અર્થતંત્રના તમામ પરિમાણો યોગ્યઃ મુખ્ય પ્રધાન

## વિધાનસભાના શિયાળુ સત્રના સમાપન વખતે વિપક્ષોને આપ્યો જવાબ

નાગપુરઃમુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે સ્વીકાર્યું કે રાજ્યની તિજોરી નાણાકીય દબાણ હેઠળ છે, પરંતુ ભારપૂર્વક જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર મજબૂત અને સ્થિર અર્થતંત્રના તમામ મુખ્ય પરિમાણો પૂર્ણ કરે છે.

વિધાનસભાના શિયાળુ સત્રના છેલ્લા દિવસે ધારાસભ્યો દ્વારા ઉઠાવવામાં આવેલા અનેક મુદ્દાઓનો ફડણવીસે વિગતવાર જવાબ આપ્યો હતો.

ફડણવીસે રાજ્યની નાણાકીય સ્થિતિ નબળી પડી રહી હોવાના આરોપોને ફગાવી દીધા હતા. તેમણે કહ્યું કે, ''આપણી તિજોરી છલકાઈ નથી રહી, અને હું એવો દાવો પણ નહીં કરું કે અમારી પાસે છે. જોકે, હું ખાતરીપૂર્વક કહી શકું છું કે દેશના મોટા રાજ્યોમાં,

(જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્ર વિધાનસભા મુલતવી

નાગપુરઃ મહારાષ્ટ્ર વિધાનસભાનું સત્ર રવિવારે સ્થગિત કરવામાં આવ્યું હતું અને આગામી સત્ર આવતા વર્ષે ૨૩ ફેબ્રુઆરીએ બોલાવવાનો પ્રસ્તાવ સ્પીકર રાહુલ નાર્વેકરે મૂક્યો હતો. નાર્વેકરે જણાવ્યું હતું કે, નાગપુરમાં યોજાયેલા સાત દિવસના શિયાળુ સત્ર દરમિયાન, નીચલા ગૃહનું કાર્ય ૭૨ કલાક અને ૩૫ મિનિટ સુધી ચાલ્યું હતું, જેનો દૈનિક સરેરાશ ૧૦.૨૨ કલાક હતો, જ્યારે માત્ર ૧૦ મિનિટનો સમય વેડફાયો હતો.

તેમણે ઉમેર્યું કે વિધાનસભામાં રજૂ કરાયેલાં ૧૮ બિલોમાંથી ૧૬ બિલોને મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત રાજ્ય વિધાનસભાનું બજેટ સત્ર ફેબ્રુઆરીમાં યોજાશે એ માહિતી પણ મળી હતી. ■

## પછી હું પોતાનું પણ નથી સાંભળતોઃ એકનાથ શિંદે

નાગપુરઃ નાગપુરમાં રાજ્ય સરકારનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે. આ સત્રમાં રાજ્યમાં વિવિધ મુદ્દાઓ પર શાસક અને વિપક્ષી પક્ષો વચ્ચે આરોપ-પ્રત્યારોપોને કારણે રાજકારણ ખૂબ ગરમાયું હતું. આ પૃષ્ઠભૂમિમાં, નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ રવિવારે વિધાન પરિષદમાં અંતિમ સપ્તાહના ઠરાવ પર બોલતા વિપક્ષ

(જુઓ પાનું ૪) ▶▶

## શિયાળુ સત્ર 'ચૂંટણી જુમલો': કૉંગ્રેસ

નાગપુરઃ કૉંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે રવિવારે દાવો કર્યો હતો કે મહારાષ્ટ્ર વિધાનસભાનું સાત દિવસનું શિયાળુ સત્ર સરકાર દ્વારા યોજાયેલ 'ચૂંટણી જુમલો' હતું, અને ચર્ચા કરાયેલા મુદ્દાઓ વિદર્ભ કરતાં મુંબઈ વિશે વધુ હતા.

રવિવારે પૂર્ણ થયેલા સત્ર દરમિયાન કુપોષણના મહત્ત્વપૂર્ણ મુદ્દા પર કંઈ નક્કર ચર્ચા થઈ નથી, એમ વડેટ્ટીવારે અહીં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

(જુઓ પાનું ૪) ▶▶

## મરાઠી માણસ વડા પ્રધાન બને એવી શક્યતાઃ પૃથ્વીરાજ ચવ્હાણ

પુણેઃ પિંપરી-ચિંચવડ ખાતે એક જાહેર સભામાં બોલતા, કૉંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણે ફરી એકવાર મરાઠી માણસ વડા પ્રધાન બને એવી સંભાવના વ્યક્ત કરી હતી. ચવ્હાણે દાવો કર્યો હતો કે આવનારી ૧૯ ડિસેમ્બરે કોઈ મોટી ઘટના બનશે અને તેના કારણે મરાઠી માણસ દેશના વડા પ્રધાન બની શકે છે. તેમના આ નિવેદનને કારણે રાજકીય વર્તુળોમાં અટકળો શરૂ થઈ ગઈ છે. ચવ્હાણે અમેરિકાના એક કાયદાનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, ૧૯ ડિસેમ્બરે અમેરિકી સંસદમાં એફસ્ટીન નામના વ્યક્તિ

(જુઓ પાનું ૪) ▶▶

## ભિવંડીમાં આગના બે બનાવઃ કોઈ જખમી નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં આગના બે જુદા જુદા બનાવ બન્યા હતા, જેમાં વહેલી સવારના એક ઓટોરિક્ષાના ગોડાઉન સહિત પ્લાસ્ટિકના ત્રણ ગોડાઉનમાં આગ લાગી હતી. સદ્નસીબે બંને દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું.

ભિવંડી-નિઝામપુર મ્યુનિસિપલ કૉર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ રવિવારે વહેલી સવારના ૫.૪૫ વાગે ભિવંડીના કાલ્હેર વિસ્તારમાં એક ઓટોરિક્ષાના ગોડાઉનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ફાયરબ્રિગેડે ઘટના સ્થળે પહોંચીને આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. આગનું

(જુઓ પાનું ૪) ▶▶

## રાજ્યમાં કડકડતી ઠંડીઃ સાત જિલ્લામાં કોલ્ડ વેવની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત રાજ્યમાં છેલ્લા એક અઠવાડિયાથી શિયાળાની આકરી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ઉત્તર ભારતમાં હાલ કાતિલ ઠંડી પડી રહી છે અને ઉત્તર તરફથી ફૂંકાઈ રહેલા ઠંડા પવનોને કારણે સમગ્ર રાજ્યમાં ઠંડીનું પ્રમાણ વધી ગયું છે અને રાજ્યના સાત જિલ્લામાં કોલ્ડ વેવની ચેતવણી

(જુઓ પાનું ૪) ▶▶




# ફડણવીસ, શિંદેએ હેડગેવારના સ્મારકની મુલાકાત લીધી

## અજિત પવાર, એનસીપી નેતાઓ ગેરહાજર

નાગપુરઃ મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને શાસક ભાજપ, શિવસેનાના ધારાસભ્યોએ રવિવારે આરએસએસના સ્થાપક કેબી હેડગેવારના સ્મારકની મુલાકાત લીધી હતી, જ્યારે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને અન્ય એનસીપી નેતાઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા ન હતા.

મુલાકાત દરમિયાન, શિવસેનાના વડા શિંદેએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને તેની સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂર્ણ કરવા બદલ અભિનંદન આપ્યા હતા અને આરએસએસના હાલના પ્રમુખ મોહન ભાગવતને

(જુઓ પાનું ૪) ▶▶

## અમે વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએઃ એનસીપી

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે રવિવારે નાગપુરમાં આરએસએસના સ્થાપક કે.બી. હેડગેવારના સ્મારકની મુલાકાત ટાળી હોવા છતાં, તેમની પાર્ટી એનસીપીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તે રાજ્યના વિકાસ માટે મહાયુતિ ગઠબંધનમાં જોડાયું છે.

એનસીપીની વિચારધારા શાહુ, ફૂલે અને આંબેડકરના

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**